# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 06-07-2026 I VOL : 12 I Issue : 111 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN   Contact :- MO : 9662420070   E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

જે થાય છે તે સારા માટે જ થાય છે.
સારા શબ્દો દિલ જીતી લે છે.


3 
ભરૂચ ગુજરાતની વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ વાઈબ્રન્ટ સમિટ યોજાઈ

4 
રશિયા-યુક્રેન યુદ્ધમાં ફરી ટ્રમ્પની એન્ટ્રી, પુતિન-ઝેલેન્સ્કીને ફોન કરી આપી મોટી ઓફર

6 
આમિર ખાને 60 વર્ષની ઉંમરે શરૂ કર્યો ત્રીજો સંસાર, ગૌરી સાથે કોર્ટ મેરેજ કરીને નવી ફેમિલી...

7 
અક્ષર પટેલે ઇંગ્લેન્ડ સામેની ટી20 મેચમાં 100 વિકેટ પૂરી કરીને ઇતિહાસ રચ્યો


## એક નજર...

### અભિનેત્રી શિવાંગી વર્માએ કેમેરા સામે ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર



શિવાંગી વર્માએ પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત ટીવી ઇન્ડસ્ટ્રીથી કરી હતી. તેમણે વર્ષ 2013 માં આવેલા 'નચ બલિયે'ની સિઝન 6 માં ડેબ્યૂ કર્યું હતું. શિવાંગી વર્મા પડદા પર જ નહીં પણ સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ લોકપ્રિય છે, તેના ઇન્સ્ટાગ્રામ પર લગભગ 1.8 મિલિયન ફોલોઅર્સ છે.

## NEWS TRACK

### PoKમાં પાકિસ્તાની સેનાનો અત્યાચાર : પ્રદર્શનકારીઓ પર અંધાધૂંધ ફાયરિંગ, 50થી વધુના મોત

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK) માં પાકિસ્તાન સરકાર અને સૈન્યના અત્યાચારો સામે વિરોધ પ્રદર્શનનો 27મો દિવસ ભારે તોફાની રહ્યો હતો. જમ્મુ-કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC)ના આહવાન પર મહિલાઓ, બાળકો અને વડીલો સહિત લાખો લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. PoKના રાવલાકોટ, મુઝફ્ફરાબાદ, કોટલી અને હથિયાબાલા સહિતના અનેક શહેરોમાં સંપૂર્ણ હડતાળ અને બજારો બંધ રહ્યા હતા. પ્રદર્શનકારીઓએ પાકિસ્તાનથી આઝાદીના નારા લગાવ્યા હતા અને હિન્દુસ્તાન તરફ પાછા આવવાનો ઈશારો કરીને ભારત પાસે અનાજ માંગ્યું હતું. પાકિસ્તાની સેના અને રેન્જર્સે પ્રદર્શનને કચડી નાખવા માટે દદિયાલ અને મુઝફ્ફરાબાદના નીલમ પુલ પર નિહત્તે પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યો હતો, જેમાં 8 લોકો ઘાયલ થયા છે. આ સિવાય, રાવલાકોટના ઈદગાહ મેદાન પર જ્યાં 80,000 પ્રદર્શનકારીઓ ડટેલા છે.

### 'ટ્રમ્પને મારી નાખવો એ અમારી ફરજ...', ઇરાનમાં ખામેનેઈની દફનવિધિમાં ભડકાઉ સૂત્રોચ્ચાર

ઈરાનના દિવંગત સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના જનાજા દરમિયાન તેહરાનની સડકો પર રવિવારે (5 જુલાઈ 2026) માહોલ અત્યંત ગરમ થઈ ગયો હતો. મંચ સંભાળી રહેલા એક આયોજકે સરેઆમ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જાનથી મારી નાખવાની અપીલ કરી હતી. અહેવાલ મુજબ, ખામેનેઈના મોત બાદ આ પ્રથમ એવો મોકો છે જ્યારે કોઈ સત્તાવાર મંચ પરથી સીધા જ ટ્રમ્પના મોતનું આહ્વાન કરવામાં આવ્યું હોય. આ નારો ગૂંજતાની સાથે જ જનાજામાં હાજર લાખોની ભીડે બૂમો પાડીને તેનું સમર્થન કર્યું હતું. આ સમગ્ર ઘટના રવિવારે તેહરાનમાં ખામેનેઈની વિશાળ શોક સભા દરમિયાન બની હતી. ઉલ્લેખનીય છે કે, આ જ વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત હુમલામાં 86 વર્ષીય આયતુલ્લા અલી ખામેનેઈ માર્યા ગયા હતા, જેના પછી ઈરાન યુદ્ધની શરૂઆત થઈ હતી. જનાજા દરમિયાન લાઉડસ્પીકર પર મોહમ્મદ રસૂલી નામના એક કવિએ કમાન સંભાળી હતી.

### કોંગ્રેસના કેન્દ્ર સરકાર પર પ્રહાર

# ભાજપ શાસનમાં 12 વર્ષમાં પેપર લીકની 90મી ઘટના

**નવી દિલ્હી**

NEET સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીકના મુદ્દે કોંગ્રેસે કેન્દ્ર સરકાર સામે મોરચો ખોલીને દેશવ્યાપી અભિયાન તેજ કર્યું છે. આ અંતર્ગત 25 જૂનથી 9 ઓગસ્ટ સુધી દેશના 28 રાજ્યો અને 28 શહેરોમાં વિરોધ પ્રદર્શન યોજાઈ રહ્યા છે. આ જ કડીમાં 9 ઓગસ્ટે દિલ્હીમાં લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી (Rahul Gandhi)ની હાજરીમાં 'છાત્રો કી ગુંજ' કાર્યક્રમ યોજાશે, જેની રણનીતિ ઘડવા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓની બેઠક મળી હતી. દિલ્હીમાં આંદોલનની રણનીતિ તૈયાર

આ બેઠકમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ સાથે મળીને દિલ્હીમાં યોજાનારા મુખ્ય કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરી હતી. મુખ્ય કાર્યક્રમ પહેલા 2 જુલાઈથી 6 જુલાઈ સુધી વિધાનસભા સ્તરે પણ વિવિધ વિરોધ પ્રદર્શનો યોજાશે, જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ અને યુવાનોને આ ન્યાયની લડાઈમાં જોડી



શકાય. કોંગ્રેસ આ મુદ્દાને રાષ્ટ્રીય સ્તરે ઉઠાવીને વિદ્યાર્થીઓનો અવાજ બુલંદ કરવા માંગે છે. બેઠક દરમિયાન AICC દિલ્હી પ્રભારી કાઝી નિઝામુદ્દીને કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ગંભીર આક્ષેપ કરતા દાવો કર્યો હતો કે, 'છેલ્લા 12 વર્ષોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીકની આ 90મી ઘટના છે.'

## દિલ્હીમાં વરસાદનો કહેર, અનેક વિસ્તારો જળબંબાકાર

**નવી દિલ્હી**

દિલ્હીમાં ચોમાસાના પહેલા ભારે વરસાદે લોકોને અસહ્ય ગરમીથી રાહત તો આપી, પરંતુ જળબંબાકાર અને ભારે ટ્રાફિક જામના કારણે લોકો પરેશાન થયા હતા. કુલ 15 ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવી પડી હતી, જેમાં 5 ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ હતી. હવામાન વિભાગે આગામી સમયમાં પણ સતત વરસાદની સંભાવના વ્યક્ત કરી છે, જેનાથી પાણી ભરાવાની સમસ્યા વધી શકે છે. વહીવટીતંત્રે લોકોને જરૂર હોય તો જ, ઘરની બહાર નીકળવા અપીલ કરી છે.

રાજધાની દિલ્હીમાં ચોમાસાના પહેલા વરસાદે લોકોને અસહ્ય ગરમીથી રાહત અપાવી છે, પરંતુ અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી અને લાંબો ટ્રાફિક જામ થવાથી લોકો માટે મોટી મુશ્કેલી ઊભી થઈ છે. સવારથી શરૂ થયેલા ભારે વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો અને અંડરપાસમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. દિલ્હીમાં વરસાદની સાથે જોરદાર પવન પણ ફૂંકાઈ રહ્યો છે, જેના કારણે કુલ 15 ફ્લાઈટ્સના રૂટ ડાયવર્ટ કરવા પડ્યા છે. જેમાં 5 આંતરરાષ્ટ્રીય અને 10 સ્થાનિક (ડોમેસ્ટિક) ફ્લાઈટ્સ સામેલ હતી.

### ટોપ-100 ની યાદીમાંથી બહાર થયુ ભારતનું પાસપોર્ટ

# પાસપોર્ટ રેન્કિંગમાં ભારતનું ખરાબ પ્રદર્શન

**નવી દિલ્હી**

આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવાસની સુવિધા અને પાસપોર્ટની મજબૂતાઈ દર્શાવતા 'ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ 2026' ના તાજા આંકડા જાહેર થઈ ગયા છે. આ વર્ષના ઈન્ડેક્સમાં ભારતીય પાસપોર્ટના રેન્કિંગમાં ફરી એકવાર ઘટાડો નોંધાયો છે અને ભારત ખસીને 125મા સ્થાન પર આવી ગયું છે. આ રેન્કિંગ ઘટવાને કારણે હવે ભારતીય પાસપોર્ટ ધારકો વિશ્વના માત્ર 26 દેશોમાં જ વિઝા વિના (Visa-Free) અથવા વિઝા ઓન અરાઈવલની સુવિધા સાથે પ્રવાસ કરી શકશે. વર્ષ 2025 માં ભારત 124મા ક્રમે હતું, પરંતુ આ વર્ષે તેમાં એક સ્થાનનો ઘટાડો થયો છે અને દેશ ટોપ 100 ની યાદીથી વધારે દુર થયો છે. વૈશ્વિક યાદીમાં ભારતીય પાસપોર્ટનું રેન્કિંગ નામિબિયા કરતાં પણ નીચે છે. આ ઉપરાંત ફિલિપીન્સ, મોરોક્કો અને ઉઝબેકિસ્તાન જેવા દેશો પણ આ યાદીમાં ભારત કરતાં આગળ છે. જ્યારે ભારત અઝરબૈજાન અને



કિર્ગિઝસ્તાન કરતાં વધુ સારી સ્થિતિમાં છે. હાલમાં ભારતીય નાગરિકો ભૂટાન, નેપાળ, જમૈકા, મકાઉ, પેલેસ્ટાઈન, ટ્યુનિશિયા, અંગોલા અને બાર્બાડોસ જેવા 26 સ્થળોએ વિઝા વગર જઈ શકે છે. જોકે, અમેરિકા, યુકે, જર્મની, ફ્રાન્સ, ચીન અને યુએઈ (UAE) સહિત વિશ્વના આશરે 88 દેશોમાં પ્રવેશવા માટે ભારતીયોએ આજે પણ ફરજિયાત વિઝા લેવા પડે છે.

# ખેડા જિલ્લામાં SMC બાદ હવે LCB એક્શનમાં

## ભ્રષ્ટ વહીવટદારોના આશીર્વાદથી ચાલતા દારૂના નેટવર્ક પર ત્રાટકી પોલીસ

**નડિયાદ, પાક્કો ગુજરાત ન્યૂઝ નેટવર્ક**

ખેડા જિલ્લામાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ના સતત દરોડા બાદ આખરે સ્થાનિક એલસીબી પોલીસ સફાળી જાગી છે. નડિયાદ ટાઉન પોલીસની હદમાં રીઢા વહીવટદાર સુભાષના ભરપૂર આશીર્વાદથી પારસ સર્કલ પાસે આવેલા માખણપુરા વિસ્તારમાં ખુલ્લેઆમ વિદેશી દારૂનો વેપલો ચાલતો હતો. આ દારૂના કાળા કારોબાર




પર ખેડા એલસીબીએ ગુપ્ત બાતમીના આધારે દરોડા પાડીને મોટું ઓપરેશન પાર પાડ્યું હોવાની વિગતો સામે આવી રહી છે, જેને પગલે બૂટલેગરો અને તેમના આકાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

અહીં નોંધવું રહ્યું કે, સમગ્ર ખેડા જિલ્લામાં ભ્રષ્ટ વહીવટદારોના આંધળા સંકલન અને આશીર્વાદને કારણે મોટાપાયે વિદેશી દારૂની હેરાફેરી, વેચાણ અને સંગ્રહનો કાળો કારોબાર વ્યાપક પ્રમાણમાં ફૂલ્યો-ફાલ્યો છે. સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી માહિતી મુજબ, નડિયાદ ટાઉનની હદમાં કહેવાતા વહીવટદાર સુભાષના ઈશારે જ બૂટલેગરો એક અનોખી મોડસ ઓપરેન્ડી અપનાવી રહ્યા હતા. એજન્સીઓના દરોડાથી બચવા માટે બૂટલેગરોને વેચાણના મુખ્ય સ્થળ પર ઓછો જથ્થો રાખવા અને મોટો સ્ટોક અન્ય ગુપ્ત સ્થળોએ છુપાવી રાખવાની કડક સૂચના આપવામાં આવી હતી, જેથી જો કોઈ બહારની એજન્સી રેડ કરે તો મોટો કેસ ન બને અને બૂટલેગર આસાનીથી બચી જાય.

પરંતુ આ વખતે એલસીબીની ટીમે બૂટલેગર ગિરીશના આ જ છૂપા ગોડાઉનને શોધી કાઢ્યું છે. એલસીબીએ આ બૂટલેગરના દારૂના સંગ્રહ સ્થાન પર ત્રાટકીને લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. વધુમાં જાણવા મળતી વિગતો અનુસાર, એલસીબીની ટીમે આ બૂટલેગરના ચકલાસી પોલીસ સ્ટેશનના તાબામાં આવતા ફતેપુરા વિસ્તારમાં આવેલા ગુપ્ત અડ્ડા પર પણ દરોડા પાડીને મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હોવાના અહેવાલ છે.

જિલ્લાના જાગૃત નાગરિકો આક્ષેપ કરી રહ્યા છે કે, ખેડા જિલ્લા પોલીસ વડા વિજય પટેલ દ્વારા ટાઉનના રીઢા વહીવટદાર સુભાષ, ચકલાસીના કુલદીપસિંહ અને વડતાલના લાંચિયા પોલીસકર્મી ભરતસિંહ જેવા તત્વો પર કથિત મહેરબાની રાખવામાં આવતી હોવાથી સમગ્ર વિસ્તારમાં દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. એટલું જ નહીં, જનતામાં એવી પણ ચર્ચા છે કે એલસીબી પીઆઈ કેવલ અને વહીવટદાર જયેશ રબારીએ આખા ખેડા જિલ્લામાં દારૂ અને જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓને છૂટો દોર આપી દીધો છે અને રોજ લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે.

જનતા સવાલ ઉઠાવી રહી છે કે, જ્યારે સમગ્ર જિલ્લામાં ખુલ્લેઆમ દારૂ-જુગારના અડ્ડા ધમધમી રહ્યા છે ત્યારે જિલ્લાના પોલીસ વડા કેમ આંખ આડા કાન કરી રહ્યા છે? શું પોલીસ વડાની મંજૂરી વગર આટલું મોટું નેટવર્ક ચાલવું શક્ય છે? આવા અનેક સવાલો સાથે હાલ તો ખેડા પોલીસની આબરૂના ધજાગરા ઉડી રહ્યા છે.

**જાગૃત નાગરિકો આક્ષેપ કરી રહ્યા છે કે, ખેડા જિલ્લા પોલીસ વડા વિજય પટેલ દ્વારા ટાઉનના રીઢા વહીવટદાર સુભાષ, ચકલાસીના કુલદીપસિંહ અને વડતાલના લાંચિયા પોલીસકર્મી ભરતસિંહ જેવા તત્વો પર કથિત મહેરબાની રાખવામાં આવતી હોવાથી સમગ્ર વિસ્તારમાં દારૂની રેલમછેલ જોવા મળી રહી છે**





ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# ભાટ સર્કલના 1.5 KMના ઓવરબ્રિજનું CMએ લોકાર્પણ કર્યું : દરરોજ 1.50 લાખ વાહનચાલકોને ટ્રાફિકમાંથી મુક્તિ

## 1.48 કિલોમીટરની લંબાઈ ધરાવતો 175 કરોડના ખર્ચે આ અત્યાધુનિક કેબલ સ્ટેડ બ્રિજ તૈયાર કરવામાં આવ્યો



અમદાવાદ

અમદાવાદ અને ગાંધીનગરને જોડતા વ્યસ્ત માર્ગ પર વાહનચાલકો માટે લાંબા સમયથી પડકારરૂપ બનેલી ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. બંને શહેરો વચ્ચેના જિલ્લાના પ્રથમ કેબલ સ્ટેડ બ્રિજનું 175 કરોડના ખર્ચે નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ આજે 5 જુલાઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ગાંધીનગરને અમદાવાદ એરપોર્ટ સાથે જોડતા માર્ગ પર ભાટ ચાર રસ્તા પરનો નવિન કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજ આજે રવિવાર 5 જુલાઈથી વાહન વ્યવહાર માટે ખૂલ્લો મૂકાયો છે.

અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર ભાટ ચોકડી પાસેથી દૈનિક 1.50 લાખ જેટલા વાહનોની અવરજવર રહે છે, જેના કારણે ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાતી હતી. આ સમસ્યાને હળવી કરવાના હેતુથી એપોલો સર્કલ ઉપર 1.48 કિલોમીટરની લંબાઈ ધરાવતો 175 કરોડના ખર્ચે આ અત્યાધુનિક કેબલ સ્ટેડ બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. ગાંધીનગરનો આ પ્રથમ કેબલ સ્ટેડ ઓવરબ્રિજ હવે ટ્રાફિકના ધમધમાટ માટે તૈયાર છે. ગાંધીનગર-કોબા-એરપોર્ટ રોડ અને એસ.પી. રિંગરોડ પર મળીને દરરોજ અંદાજે કુલ આશરે 1.93 લાખથી વધુ વાહનોની અવર-જવર રહે છે. ગાંધીનગર-એરપોર્ટ રોડ પર આવેલું ભાટ સર્કલ મુખ્ય જંકશન હોવાના કારણે ત્યાં વારંવાર ટ્રાફિક જામની સમસ્યા ઉભી થાય છે અને વાહન ચાલકોના સમય, ઈંધણ અને નાણાંનો વ્યય થાય છે. હવે, આ નવા કેબલ સ્ટેડ બ્રિજ કાર્યરત થવાથી એસ.પી. રિંગ રોડનો ટ્રાફિક બ્રિજની નીચેથી તેમજ અમદાવાદ-ગાંધીનગર તરફનો ટ્રાફિક બ્રિજ ઉપરથી એમ બે અલગ-અલગ સ્તરે સરળતાથી અવર-જવર કરી શકશે અને લોકોને ટ્રાફિક જામની સમસ્યામાંથી મૂક્તિ મળશે. એટલું જ નહિ, એસ.પી. રિંગરોડ, બરોડા અને સુરત તરફ જતા વાહન ટ્રાફિકની સુગમતા માટે ત્રણ-ત્રણ એમ કુલ 6 લેન અલાયદા સર્વિસ રોડ પણ બનાવવામાં આવ્યા છે. પરિણામે વાહનો કોઈપણ અવરોધ વગર સડસડાટ પસાર થઈ શકશે. 48 કરોડના ખર્ચે થનારી આ કામગીરીમાં પાણી વચ્ચે કામ કરવા માટે પોન્ટૂન મૂકીને એટલે કે મશીનોને તરતા રાખીને બ્રિજના પિલર ભરવામાં આવશે. આ બંને પ્રોજેક્ટ્સ પૂર્ણ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની મુસાફરી વધુ ઝડપી અને સુરક્ષિત બનશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મુસાફરી કરતા નાગરિકો માટે ટ્રાફિકમાં કેટલો સમય બચશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે?

આ લોકાર્પણ કાર્યક્રમ સાથે જ વધુ એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. હાઈવે પર ભાટ પાસે આવેલા નર્મદા કેનાલ બ્રિજને પહોળો કરવાની કામગીરીનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું. હાલમાં અહીંયા હયાત 6 લેન બ્રિજ પર બોટલનેક ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બ્રિજની બંને તરફ 3-3 લેનના બે નવા બ્રિજ બનાવવામાં આવશે, જેથી જૂનો અને નવો મળીને કુલ 12 લેનનો બ્રિજ બની જશે. આ બ્રિજની લોડ વહન કરવાની ક્ષમતા માપવા માટે તંત્ર દ્વારા લોખંડી આયોજન કરવામાં આવ્યું હતું. લોડ ટેસ્ટિંગના પ્રથમ તબક્કે 700 ટનથી વધુ વજન ધરાવતા 18 જેટલા વિશાળ ટ્રકોને દર બે કલાકે એક પછી એક બ્રિજ પરના ચોક્કસ પોઈન્ટ્સ પર સ્થિર કરવામાં આવ્યા હતા.

## ગુજરાત પોલીસની ટેકનિકલ ભરતી પરીક્ષાની તારીખ જાહેર : 23 ઓગસ્ટે PSI (વાયરલેસ) સહિતની 950 જગ્યાઓ માટે લેખિત પરીક્ષા

ગાધીનગર

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) દ્વારા ટેકનિકલ કેડરની વિવિધ જગ્યાઓ માટે યોજાનારી લેખિત પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. જાહેરાત ક્રમાંક GPRB/202526 (2, 3, 4) હેઠળ ભરતી પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં કુલ 950 જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. આ તમામ જગ્યાઓ માટેની લેખિત પરીક્ષા 23 ઓગસ્ટ, 2026 (રવિવાર) ના રોજ યોજાશે.

પરીક્ષાની તારીખ જાહેર થતાં હવે ઉમેદવારો માટે અંતિમ તબક્કાની તૈયારીનો સમય શરૂ થયો છે. પરીક્ષા સંબંધિત એડમિટ કાર્ડ, પરીક્ષા કેન્દ્ર અને સમય સહિતની વિગતવાર માહિતી ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે. કુલ 950 જગ્યાઓ માટેની આ ભરતીમાં હજારો ઉમેદવારો પરીક્ષામાં ભાગ લે તેવી સંભાવના છે. ઉમેદવારોને પરીક્ષા સંબંધિત તમામ સત્તાવાર સૂચનાઓ પર સતત નજર રાખવાની સલાહ આપવામાં આવી છે. ભરતી અંતર્ગત પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ)ની 172, ટેકનિકલ ઓપરેટરની 698, હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1)ની 45 જગ્યાઓનો સમાવેશ થાય છે.

આ જગ્યાઓ માટે જાન્યુઆરી મહિનામાં અરજીઓ સ્વીકારવામાં આવી હતી. એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીના વિવિધ પ્રવાહો, જેવા કે ઈલેક્ટ્રોનિક્સ, કોમ્યુનિકેશન, આઈટી, કોમ્પ્યુટર સા યન્સ, ઓટોમોબાઈલ અને મિકેનિકલની પદવી કે ડિપ્લોમા ધરાવતા ઉમેદવારોએ ફોર્મ ભર્યાં હતા. જે બાદ 21 જૂન, 2026ના રોજ પ્રિલિમ પરીક્ષા લે વામાં આવી હતી. અને હવે 23 ઑગ સ્ટ , 2026ના દિવસે લેખિત પરીક્ષાનું આયોજન કરાયું છે.

## વડોદરા રેલ્વે LCBની મોટી સફળતા: ટ્રેનમાંથી ચોરાયેલા લાખોના સોનાના દાગીના સાથે મહિલા આરોપી ઝડપાઈ, અનડીટેક્ટ ગુનો ડીટેક્ટ

વડોદરા

પશ્ચિમ રેલવે વડોદરાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ 'MISSION SAFE STATION' અંતર્ગત એક પ્રશંસનીય અને મોટી સફળતા મેળવી છે. ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક પેસેન્જરના એસી કોચમાંથી ચોરાયેલા લાખો રૂપિયાના સોનાના દાગીના ભરેલા પર્સની ચોરીનો ભેદ રેલ્વે પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો છે. LCB પીઆઈ ટી.વી. પટેલ અને તેમની જાંબાઝ ટીમે સચોટ આયોજનબદ્ધ તપાસ કરીને એક મહિલા આરોપીને લાખોના મુદ્દામાલ સાથે દબોચી લીધી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ટ્રેન નંબર 09079 ઈન્દોર સ્પેશ્યલ એક્સપ્રેસના એસી કોચમાંથી એક મુસાફરનું સોનાના દાગીના ભરેલું પર્સ ચોરાયું હોવાની ફરિયાદ વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને વડોદરા રેલ્વે LCB પીઆઈ ટી.વી. પટેલના માર્ગદર્શન હેઠળ ટીમે અલગ-અલગ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પોલીસે આખરે ચોરી કરનાર શાતિર મહિલા આરોપીને ઝડપી પાડી છે. પોલીસે તેની પાસેથી ચોરી થયેલા તમામ ઓરીજીનલ સોનાના દાગીના જેની કિંમત અંદાજે રૂા. ૮,૪૭,૩૪૭/- (આઠ લાખ સુડતાલીસ હજાર ત્રણસો સુડતાલીસ) થાય છે, તે પૂરેપૂરો મુદ્દામાલ જપ્ત કર્યો છે. વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો આ ગુનો અત્યાર સુધી અનડીટેક્ટ એટલે કે અજાણ્યા તત્વો સામે હતો. પરંતુ રેલ્વે એલસીબીની ટીમે દિવસ-રાત એક કરીને આ અંધારા કેસ પરથી પડદો ઉઠાવી દીધો છે. રેલ્વે સ્ટેશનો અને ટ્રેનોમાં મુસાફરોની સુરક્ષા કાજે ચલાવવામાં આવી રહેલા 'MISSION SAFE STATION' અભિયાનને આ કામગીરીથી મોટું બળ મળ્યું છે.

## મહેસાણા LCBની મોટી સફળતા : માણસામાંથી બાઈક ચોરી કરનાર શાતિર શખ્સ 40 હજારના મુદ્દામાલ સાથે ઝડપાયો

મહેસાણા

મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે વાહન ચોરો સામે લાલઆંખ કરીને વધુ એક મોટી સફળતા મેળવી છે. પડોશી જિલ્લા ગાંધીનગરના માણસા વિસ્તારમાંથી બાઈક ચોરી કરીને ફરતા એક શાતિર શખ્સને મહેસાણા એલસીબીએ કિંમતી મુદ્દામાલ સાથે દબોચી લીધો છે. પોલીસની આ ત્વરિત કાર્યવાહીથી વાહન ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે

પોલીસે આગવી ઢબે પૂછપરછ કરતાં આરોપીએ પોપટની જેમ ગાઈ નાખ્યું હતું કે આ બાઈક તેણે માણસા વિસ્તારમાંથી ચોરી કર્યું હતું. LCBની ટીમે અંદાજે રૂા. ૪૦,૦૦૦/- ની કિંમતનું ચોરાયેલું બાઈક જપ્ત કરીને આરોપીની સત્તાવાર અટકાયત કરી લીધી છે. આ સફળતા સાથે જ માણસા પોલીસ સ્ટેશન મથકે નોંધાયેલો વાહન ચોરીનો ગુનો ઉકેલવામાં મહેસાણા પોલીસને મોટી સફળતા મળી છે.

હાલમાં મહેસાણા એલસીબીએ આગળની કાયદેસરની કાર્યવાહી માટે આરોપી અને મુદ્દામાલ સંબંધિત પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરી છે. પોલીસ હવે એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે પકડાયેલો આ આરોપી અન્ય કોઈ વાહન ચોરીના ગુનાઓમાં સંડોવાયેલો છે કે કેમ?

## પેટ્રોલ-ઈથેનોલનું આ તે કેવું 'લાલુલોજિક'? જનતા પર પ્રયોગો શા માટે? વહીવટી તંત્રના તરંગી તુક્કાઓ સામે ક્યારે જાગશે પરજા!

અમદાવાદ

ભારત જેવા વિશ્વની નંબર વન વસતિ ધરાવતા મહાકાય દેશમાં સામાન્ય જનતાને ક્યાં સુધી માત્ર પ્રયોગશાળાના ઉંદર સમજીને તેમના પર મનસ્વી નિર્ણયો થોપવામાં આવશે? આજકાલ પેટ્રોલમાં ઈથેનોલ બ્લેન્ડિંગ (મિશ્રણ) ને લઈને જે પ્રકારની જોરજબરદસ્તી ચાલી રહી છે, તે જોઈને સામાન્ય નાગરિકના મનમાં તીખા સવાલો ઉઠી રહ્યા છે. પેટ્રોલમાં ઈથેનોલ નાખો કે મુઠ્ઠી ભરીને ખાંડ નાખો, પણ જનતાને પૂછ્યા વગર, રાતોરાત ધરાર કોઈ વસ્તુ ફરજિયાત કરી દેવા પાછળનું 'લાલુલોજિક' શું છે? શું આ બધું વર્ષોથી ચાલતી નેતાઓની સુગર ફેક્ટરીઓ અને ઉદ્યોગપતિઓના લોબીઈંગને ફાયદો પહોંચાડવા માટે થઈ રહ્યું છે? આ એક બહુ મોટો અને ગંભીર સવાલ છે. જો પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ આટલું જ અકસીર અને દેશહિતમાં હોય, તો જનતાને વિકલ્પ (Option) કેમ આપવામાં નથી આવતો? જેમને પોતાના વાહનમાં આ પ્રયોગ અજમાવવો હોય તેને અજમાવવા દો, પરંતુ આખા દેશની જનતા માટે આ આંધળો કાયદો રાતોરાત કેમ લાગુ કરી દેવાયો? સૌથી મોટી મજાક તો એ છે કે, જે દલીલો આ ઈથેનોલના બચાવમાં સરકારી ભોપાળાઓ દ્વારા કરવામાં આવી રહી છે, તેને સાયન્સ એટલે કે વિજ્ઞાન સાથે કોઈ સ્નાનસૂતકનો પણ સંબંધ નથી! ધડમાથા વગરની અને વાહિયાત દલીલો ઠોકી બેસાડીને જનતાના વાહનોના એન્જિન સાથે રમત રમાઈ રહી હોવાનો આક્રોશ બુદ્ધિજીવીઓમાં જોવા મળી રહ્યો છે.

## માછીમારી કરતા આધેડને મગર પાણીમાં ખેંચી ગયો, કમકમાટીભર્યું મોત!

### ડભોઇ વનવિભાગ દ્વારા પારાગામ, ભાલોદરા અને ગામડી જેવા ઓરસંગ નદીના કાંઠા વિસ્તારોમાં માછીમારી પ્રવૃત્તિ પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવે

ડભોઇ

ડભોઈ તાલુકાના પારાગામ નજીક આવેલી ઓરસંગ નદીના કાંઠે એક અત્યંત દર્દનાક અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. નદી કિનારે માછીમારી કરી રહેલા એક આધેડ શ્રમિક પર મગરે ઓચિંતો જીવલેણ હુમલો કરી તેમને નદીના ઊંડા પાણીમાં ખેંચી લીધા હતા. મગરના આ ફાડી ખાનારા હુમલામાં આધેડનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ લોહીલુહાણ ઘટનાને પગલે સમગ્ર પંથકના ગામડાઓમાં ભારે ચકચાર મચી ગઈ છે અને નદી કિનારે રહેતા સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, મગરનો શિકાર બનેલા મૃતક આધેડની ઓળખ બજારીયાભાઈ ઉર્ફે દિનેશભાઈ નરસુભાઈ નાયક તરીકે થઈ છે. તેઓ મૂળ મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લાના સોઢવા તાલુકાના સુગઠ ગામના વતની હતા. દિનેશભાઈ પારાગામના સ્થાનિક ખેડૂત અલ્પેશભાઈ ગોવિંદભાઈ બારીયાના ખેતરમાં પરિવાર સાથે રહીને મજૂરીકામ કરતા હતા. ઘટનાના દિવસે તેઓ ઓરસંગ નદીના કિનારે માછીમારી કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક નદીમાંથી ધસી આવેલા કાળમુખા મગરે તેમના પર ત્રાટકીને તેમને પાણીમાં ખેંચી લીધા હતા. મગરે આધેડની છાતી અને બરડાના ભાગે બચકાં ભરીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. થોડા સમય બાદ મગર આધેડના ક્ષત-વિક્ષત શરીરને મોંમાંથી છોડીને પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, જેથી કાંઠે ઉભેલા સ્થાનિકોએ તાબડતોબ તેમનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.

આ વિસ્તારમાં મગર દ્વારા માણસો પર હુમલાની આ કોઈ પ્રથમ ઘટના નથી. અગાઉ પણ આવા અસંખ્ય જીવલેણ બનાવો બની ચૂક્યા હોવા છતાં સ્થાનિક લોકો હજુ પણ જોખમ ખેડીને નદી કિનારે જઈ રહ્યા છે, તો બીજી તરફ વન વિભાગની ઘોર બેદરકારી અને ઢીલી નીતિ સામે પણ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ વન વિભાગ સામે આકરા સવાલો ઉઠાવતા ઉગ્ર માંગ કરી છે કે:

ડભોઈ વનવિભાગ દ્વારા પારાગામ, ભાલોદરા અને ગામડી જેવા ઓરસંગ નદીના કાંઠા વિસ્તારોમાં માછીમારી પ્રવૃત્તિ પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવે.

માત્ર કાગળ પર પ્રતિબંધ ન મૂકતા, વન વિભાગ ત્યાં કડક પોલીસ બંદોબસ્ત અથવા સતત પેટ્રોલિંગ ગોઠવીને નિયમોનું કડક પાલન કરાવે તે હવે અનિવાર્ય બન્યું છે.

## ફેરકુવા છોટાઉદેપુર બોડેલી રોડ NH 56 પરના ક્રિટિકલ બ્રિજો પર 30 ટનથી વધુ ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ અને ડાયવર્ઝન અંગે જાહેરનામુ પ્રસિદ્ધ

છોટાઉદેપુર

કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરા હસ્તકના NH-56 પર આવેલ જુના અને જર્જરિત પુલના સંદર્ભમાં કન્સલ્ટન્ટ પંકજ એમ. પટેલ, અમદાવાદ પાસે પુલોનું વિગતવાર નિરીક્ષણ કરાવવા સૂચના આપવામાં આવેલ જે અન્વયે કન્સલ્ટન્ટ પંકજ એમ. પટેલ, અમદાવાદ દ્વારા વિગતવાર તપાસ અને પરીક્ષણ હાથ ધરી અહેવાલો રજૂ કરવામાં આવેલ છે.

જે ક્રીટીકલ બ્રિજોમાં ફેરકુવા છોટાઉદેપુર બોડેલી રોડ એનએચ ૫૬ પર આવેલા ૭ પુલો ક્રિટિકલ (મેજર બ્રિજ અને માઈનોર બ્રિજ) હોવાનું માલૂમ પડ્યું છે. જાહેર જનતાની સલામતી અને સંભવિત અકસ્માતો નિવારવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ગાર્ગી જૈન દ્વારા ૩૦ ટનથી વધુ વજન ધરાવતા ભારે વાહનોના પ્રવેશ સંપૂર્ણ પ્રતિબંધ અને ડાયવર્ઝન અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જાહેરનામા અનુસાર ફેરકુવા છોટાઉદેપુર બોડેલી રોડ નેશનલ હાઈવે-૫૬ ના કુલ ૭ બ્રિજ ક્રિટિકલ જાહેર કરાયા છે, જેમાં ૬ મેજર બ્રિજ અને ૧ માઈનોર બ્રિજનો સમાવેશ થાય છે, ફેરકુવા મેજર બ્રિજ, સોકતા મેજર બ્રિજ, સુવાલ મેજર બ્રિજ,ઓરસંગ મેજર બ્રિજ, ઝરવા મેજર બ્રિજ અને એની મેજર બ્રિજ સાથે વસવા માઈનોર બ્રિજ પણ ક્રિટિકલ હાલતમાં છે.

ચોંકાવનારા અને દુઃખદ સમાચાર

## છોટાઉદેપુરના લોકલાડીલા પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ વન મંત્રી મોહનસિંહ રાઠવા દેવલોક પામ્યા

છોટાઉદેપુર

ગુજરાતના રાજકારણના એક યુગનો અંત આવ્યો છે. છોટાઉદેપુર જિલ્લાના લોકલાડીલા અને લોકહૃદય સમ્રાટ પૂર્વ ધારાસભ્ય તેમજ પૂર્વ વન મંત્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા આજરોજ દેવલોક પામ્યા છે. છેલ્લા ૫૫ વર્ષથી રાજકારણમાં અવિરત સક્રિય રહીને પ્રજાની સેવા કરનાર આ દિગ્ગજ નેતાના અવસાનના સમાચાર વહેતા થતાં જ સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અને ગુજરાતનું રાજકીય આલમ ભારે શોકમાં ડૂબી ગયું છે. લાખો લોકોના હૃદયમાં આદરણીય સ્થાન



ધરાવતા મોહનસિંહ રાઠવાની વિદાયથી આદિવાસી સમાજ અને જિલ્લાએ એક સાચો અને પથદર્શક નેતા ગુમાવ્યો છે. મોહનસિંહ છોટુભાઈ રાઠવા માત્ર એક નેતા નહોતા, પણ છોટાઉદેપુરની જનતા માટે એક પિતાતુલ્ય વડીલ અને આસ્થાનું કેન્દ્ર હતા. તેમણે પોતાના જીવનના ૫૫ વર્ષથી વધુ સમય સુધી ધારાસભ્ય તરીકે લોકસેવા કરી હતી. એક સક્રિય અને પ્રતિભાશાળી નેતા તરીકે તેમણે ગુજરાત વિધાનસભામાં હંમેશા પ્રજાના અને ખાસ કરીને આદિવાસી વિસ્તારના પ્રશ્નોને મજબૂતાઈથી વાચા આપી હતી. તેમની આ જ ઉત્કૃષ્ટ સંસદીય કામગીરીને કારણે તેમને 'શ્રેષ્ઠ ધારાસભ્ય' તરીકેની ખ્યાતિ પણ મળી હતી. રાજ્યના વન મંત્રી તરીકે પણ તેમણે પ્રશંસનીય સેવાઓ આપીને પોતાની વહીવટી કુશળતાનો પરિચય કરાવ્યો હતો. મોહનસિંહ રાઠવાની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેઓ ગમે તેટલા ઊંચા હોદ્દા પર રહ્યા, પણ ક્યારેય સામાન્ય જનતાથી દૂર ન થયા. તેઓ હંમેશા સામાન્ય પ્રજાની વચ્ચે રહેતા, લોકોના સુખ-દુઃખમાં ભાગીદાર બનતા અને લોકોના નાનામાં નાના કામો માટે પણ તત્પર રહેતા હતા.

## નર્મદા કેનાલમાંથી બે અજાણ્યા યુવકોના મૃતદેહ મળ્યા, પોલીસ દ્વારા તપાસ શરૂ

અમદાવાદ

અમદાવાદ નજીક નર્મદા કેનાલમાંથી એક જ દિવસમાં 2 અજાણ્યા યુવકોના મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે.

જમીયતપુરા અને ખોરજ ગામની સીમ પાસેથી પસાર થતી કેનાલમાંથી રાહદારીઓને પાણીમાં તરતા મૃતદેહો દેખાતા પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે બંને મૃતદેહોને બહાર કાઢી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આત્મહત્યા કે અકસ્માત, તે દિશામાં તપાસ ચાલી રહી છે.

અમદાવાદની બહારથી પસાર થતી નર્મદા કેનાલમાંથી એક જ દિવસમાં બે અલગ-અલગ સ્થળેથી બે અજાણ્યા યુવકોના મૃતદેહ મળી આવવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. કેનાલના અલગ-અલગ વિસ્તારોમાંથી મૃતદેહ મળી આવતા વહીવટી તંત્ર અને સ્થાનિક પોલીસનો કાફલો દોડતો થયો છે. પોલીસે બંને મૃતદેહોને બહાર કાઢીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

'બજાર ભાવના બમણા દરે' ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો

## ખેડૂતો પ્રત્યે રાજ્ય સરકારની સંવેદનશીલતા, જાહેરાતના માત્ર 24 કલાકમાં જ પરિપત્ર જાહેર

ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. હવે ખેડૂતોને વીજ ટાવર અને વીજ લાઈન માટે મળતા વળતરમાં મોટો વધારો કરીને તેને પ્રવર્તમાન બજાર ભાવના બમણા દરે ચૂકવવાનું નક્કી કરાયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે ખેડૂતોના આર્થિક હિતમાં એક અત્યંત મહત્વનો અને સંવેદનશીલ નિર્ણય લીધો છે. રાજ્યમાં વીજ ટાવર અને વીજ લાઈનના કારણે ખેડૂતોને જે વળતર મળતું હતું, તેમાં ધરખમ વધારો કરીને તેને હવે 'બજાર ભાવના બમણા દરે' ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયની વિશેષતા એ છે કે માત્ર 24 કલાકના ટૂંકા ગાળામાં જ તેનો સત્તાવાર પરિપત્ર જાહેર કરી દેવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાત મુલાકાતને લઈને વહીવટી તંત્ર વ્યસ્ત હોવા છતાં, ખેડૂતોના હિતમાં



કોઈ પણ પ્રકારનો વિલંબ કરવામાં આવ્યો નથી. મુખ્યમંત્રી, મંત્રીમંડળ અને સચિવોના અભૂતપૂર્વ સંકલનથી આ પ્રક્રિયા ખૂબ જ ઝડપથી પૂર્ણ કરવામાં આવી છે. આ ઘટના સરકારની ખેડૂતો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સંવેદનશીલતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. અગાઉ વળતર જંત્રીના આધારે ચૂકવવામાં આવતું હતું, પરંતુ હવે ખેડૂતોની લાંબા સમયની માંગણીને માન આપીને સરકાર દ્વારા 'પ્રવર્તમાન બજાર ભાવના બમણા દરે' વળતર ચૂકવવાનો નિર્ણય લેવાયો છે.

## અમદાવાદ વડોદરા નેશનલ હાઈવે પર જૅગુઆર કારમાં લાગી ભીષણ આગ

આણંદ

અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે પરથી એક હૃદયધબકારો વધારી દે તેવી ઘટના સામે આવી છે. હાઈવે પર પૂરપાટ ઝડપે દોડતી એક લક્ઝરી જૅગુઆર કારમાં અચાનક જ ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે આખી કાર ભડભડ સળગી ઉઠી હતી અને હાઈવે પર ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. અકસ્માતને પગલે સુરક્ષાના ભાગરૂપે નેશનલ હાઈવે પરનો વાહનવ્યવહાર તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, આગની આ ઘટના અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે/હાઈવે પર બની હતી, જ્યાં




લક્ઝરી જૅગુઆર કાર નંબર GJ 23 CE 7178 માં અચાનક કોઈ અગમ્ય કારણોસર કે શોર્ટ સર્કિટના લીધે આગ લાગી ગઈ હતી. કારમાંથી ધુમાડો નીકળતો જોઈ અંદર બેઠેલા મુસાફરો સમય સૂચકતા વાપરીને તાત્કાલિક બહાર કૂદી પડ્યા હતા, જેના કારણે એક મોટી જાનહાનિ ટળી છે.

ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસનું મહા-ઓપરેશન

## "મ્યુલ હન્ટ 1.0" અને "2.0" અંતર્ગત 15 ગુનાઓમાં 41 સાયબર ગુનેગારો ઝબ્બે, 13.91 કરોડના કૌભાંડનો પર્દાફાશ!

ભાવનગર

ગુજરાત પોલીસના ઈતિહાસમાં સાયબર ગુનેગારો અને મની લોન્ડરિંગ કરનારા માફિયાઓ સામે ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસે એક બહુ મોટું અને અત્યાર સુધીનું સૌથી ઘાતક ઓપરેશન પાર પાડ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી કાર્યાલય (CMO Gujarat) અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની 'ઝીરો ટોલરન્સ' નીતિ અંતર્ગત ભાવનગર રેન્જ આઈજીપીના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસે 'ઓપરેશન મ્યુલ હન્ટ 1.0 અને '2.0 ચલાવીને સાયબર ફ્રોડના નેટવર્કની કમર તોડી નાખી છે. પોલીસે મ્યુલ એકાઉન્ટ (ભાડાના બેંક ખાતા) ધારકો અને વચેટીયાઓ સામે કડક કાર્યવાહી કરીને ૧૫ જેટલા ગુનાઓમાં



સંડોવાયેલા અધધ ૪૧ આરોપીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

પોલીસની આ મેગા ડ્રાઈવમાં જે ચોંકાવનારી વિગતો સામે આવી છે તે ભલભલાના હોશ ઉડાવી દે તેવી છે. પકડાયેલા આ સાયબર ઠગો સામે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCRP) પર દેશભરમાંથી અગાઉથી જ ૩૪૬ જેટલી ફરિયાદો પેન્ડિંગ હતી.

આ તમામ ફરિયાદોના તાર આ મ્યુલ એકાઉન્ટ્સ સાથે જોડાયેલા હતા. લોકો સાથે છેતરપિંડી કરીને મેળવેલા કરોડો રૂપિયા આ જ ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવતા હતા. ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસની ઊંડી તપાસમાં સામે આવ્યું છે કે, પકડાયેલા આરોપીઓના બેંક ખાતાઓમાંથી કુલ રૂ. ૧૩.૯૧ કરોડના સાયબર છેતરપિંડીના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન (વહેવાર) થયા છે. ભોળા નાગરિકોને લોભામણી લાલચો આપીને કે ડીજીટલ અરેસ્ટના નામે ડરાવીને જે પૈસા પડાવવામાં આવતા હતા, તે આ મ્યુલ એકાઉન્ટ્સ દ્વારા સગેવગે કરાતા હતા.

ગુજરાત પોલીસની આ સરાહનીય અને આક્રમક કામગીરીથી સાયબર માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ ભાવનગર પોલીસની આ પ્રશંસનીય સફળતાને બિરદાવી છે. હાલમાં પોલીસ આ પકડાયેલા ૪૧ આરોપીઓના રિમાન્ડ મેળવીને આ આંતરરાજ્ય કૌભાંડના મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પાક્કો ગુજરાત
સોમવાર I 06 જુલાઈ 2026 I અમદાવાદ

# ભરૂચ ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ વાઈબ્રન્ટ સમિટ યોજાઇ

## મહિલા ઉદ્યોગસાહસિકોના વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સંવાદમાં જાણીતા એન્ટરપ્રિન્યોર અને પી.એમ. શાળાના પ્રિન્સિપાલ રંજન વસાવા સરકારના આમંત્રિત વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા




ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ વાઈબ્રન્ટ સમિટ યોજાઈ હતી. વડોદરા ખાતે યોજાયેલા સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ (CED), ગુજરાત દ્વારા આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત મહિલા ઉદ્યોગ સાહસિકતા, આત્મનિર્ભરતા અને નેતૃત્વને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતના ૧૦ જિલ્લાઓમાંથી ઉદ્યોગપતિઓ, સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગ નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ અને વ્યાવસાયિકો વચ્ચે વિચારોના આદાન-પ્રદાન માટે સશક્ત ઉદ્યોગિની સંવાદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ સશક્ત ઉદ્યોગિની સંવાદમાં ગુજરાત સરકાર દ્વારા ભરૂચ અને નર્મદા જિલ્લામાં જાણીતા ( Women Entrepreneurs) એન્ટરપ્રિન્યોર અને પી.એમ.શ્રી કૃષ્ણ આશ્રમશાળાના પ્રિન્સિપાલ સુ.શ્રી. રંજન વસાવા પણ ગુજરાત સરકાર દ્વારા આમંત્રિત વક્તા તરીકે ઉપસ્થિતિ રહ્યા હતા. આ પેનલ ચર્ચોમાં મહિલા ઉદ્યોગસાહસિકતા, નવીનતા, નેતૃત્વ, નાણાકીય સમાવેશ, માર્ગદર્શન અને મહિલા સંચાલિત ઉદ્યોગોના સશક્તિકરણ જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. જ્યાં જુદા - જુદા ક્ષેત્રની મહિલાઓ, રોકાણકારો (Investors), મેન્ટર્સ અને માર્કેટિંગ એક્સપર્ટ્સ સફળ મહિલા ઉદ્યોગપતિઓ, સ્ટાર્ટ-અપ મહિલાઓ એક મંચ ઉપસ્થિત થઈ હતી. જે મહિલાઓએ શૂન્યમાંથી સર્જન કરીને સફળ બિઝનેસ ઊભો કર્યો છે, તેઓ પોતાના સંઘર્ષ, પડકારો અને સફળતાની કહાનીઓ (Success Stories) શેર કરી હતી. આ પ્રતિભાવોને કારણે નવી શરૂઆત કરવા માંગતી મહિલાઓને વાસ્તવિક માર્ગદર્શન અને પ્રેરણા મળી હતી. આ તકે, ભરૂચ જિલ્લામાંથી વક્તા તરીકે ઉપસ્થિત રહેલા રંજનવસાવાએ 'સશક્ત ઉદ્યોગિની સંવાદ' માં મહિલા ઉદ્યોગસાહસિકતા, આદિવાસી મહિલાઓના આર્થિક સશક્તિકરણ, કુદરતી ખેતી, કૃષિ આધારિત મૂલ્યવર્ધન કાર્બન ક્રેડિટ અને ગ્રામિણ ઉદ્યોગ વિકાસ અંગે પોતાના વિચારો અને અનુભવો રજૂ કર્યા હતા.

# રાંતિજ સબ જેલ ખાતે નાયબ પોલીસ મહાનિરીક્ષકની સરપ્રાઈઝ મુલાકાત..!

## કેદીઓ સાથે કર્યો સીધો સંવાદ, સુરક્ષા વ્યવસ્થાની કરી સમીક્ષા

પ્રાંતિજ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલી સબ જેલમાં આજે અચાનક જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચકાસવા માટે નાયબ પોલીસ મહાનિરીક્ષક આર. પી. બારોટ દ્વારા સરપ્રાઈઝ મુલાકાત લેવામાં આવી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીની આ ઓચિંતી મુલાકાતને પગલે જેલ પ્રશાસનમાં અને સ્ટાફમાં ભારે દોડધામ મચી ગઈ હતી. મુલાકાત દરમિયાન તેમણે જેલની અંદરની વિવિધ વ્યવસ્થાઓનું ઝીણવટભર્યું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું. નાયબ પોલીસ મહાનિરીક્ષકે જેલમાં આધુનિક ટેકનોલોજીના ભાગરૂપે કાર્યરત ઈ-પ્રિઝન સિસ્ટમ, કેદીઓ માટેની વિડિયો કોર્ટ સુવિધા તેમજ કેદી ટેલિફોન પીસીઓ (PCO) ની ચકાસણી કરી હતી. આ સાથે જ તેમણે કેદી બેરેક્સ સહિતની તમામ પાયાની સુવિધાઓની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. જેલની સુરક્ષા વ્યવસ્થામાં કોઈ કચાસ ન રહી જાય તે માટે વહીવટી અને સુરક્ષા સંબંધિત અતિ મહત્વના મુદ્દાઓ અંગે વિસ્તૃત માહિતી મેળવીને હાજર સ્ટાફને જરૂરી કડક સૂચનો આપ્યા હતા.

આ મુલાકાતની ખાસ વાત એ રહી કે, નાયબ પોલીસ મહાનિરીક્ષકે જેલમાં સજા કાપી રહેલા બંદીવાનો (કેદીઓ) સાથે કોઈ પણ જાતના સંકોચ વગર સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે કેદીઓની અંગત રજૂઆતો, જેલ અંગેના પ્રશ્નો અને તકલીફોને ખૂબ જ શાંતિપૂર્વક સાંભળી હતી.

# ધસમસતા પાણીના પ્રવાહમાં ફસાઈ કાર, સ્થાનિકોએ દેવદૂત બની મુસાફરોને બચાવ્યા

## વાહનને ભારે નુકસાન, જાનહાનિ ટળતા તંત્રએ લીધો રાહતનો શ્વાસ

ભાવનગર

ગુજરાતના ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં આવેલા ઓથા ગામમાંથી હૃદયના ધબકારા વધારી દે તેવા લાઈવ દ્રશ્યો સામે આવ્યા છે.



અહીં ચોમાસાના કારણે રોદ્ર સ્વરૂપ ધારણ કરી ચૂકેલી ડોંગી નદી પાર કરવાનો પ્રયાસ કરી રહેલી એક કાર પાણીથી છલોછલ ભરાયેલા નાળાના ભારે અને ધસમસતા પ્રવાહની વચ્ચે ફસાઈ ગઈ હતી. કાર પાણીના જોરદાર પ્રવાહમાં તણાવા લાગતા જ અંદર બેઠેલા મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા.

સદનસીબે, આ ગંભીર ઘટના નજર સામે બનતા જ આસપાસના સ્થાનિક ગ્રામજનો કોઈ પણ પ્રકારની પરવા કર્યા વગર તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. બચાવ કામગીરી હાથ ધરીને સ્થાનિક યુવાનોએ સમય રહેતા કારમાં સવાર તમામ મુસાફરોને એક પછી એક કરીને સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા હતા. જાણે મુસાફરો માટે આ ગ્રામજનો સાક્ષાત દેવદૂત બનીને આવ્યા હોય તેમ તેમનો આબાદ બચાવ થયો હતો.

મુસાફરોને હેમખેમ બહાર કાઢ્યા બાદ, સ્થાનિક લોકોએ ભારે જહેમત ઉઠાવીને દોરડા વતી કારને પણ નદીના ધસમસતા પ્રવાહમાંથી બહાર ખેંચી લીધી હતી. જોકે, પાણીના ભારે દબાણ અને પથ્થરો સાથે અથડાવાના કારણે વાહનને મોટું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. આ ભયાનક અકસ્માતમાં કોઈ જાનહાનિ ન થતાં સ્થાનિક વહીવટી તંત્રએ પણ હાશકારો અનુભવ્યો છે.

ચોમાસાની વર્તમાન પરિસ્થિતિ અને ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને નમ્ર વિનંતી કરવામાં આવી છે કે, પૂરના પાણી અથવા ઉભરાતા નાળા-નદીઓ પરથી પસાર થતી વખતે કોઈ પણ પ્રકારનું જોખમ ન ખેડે. સામાન્ય બેદરકારી પણ મોટા અકસ્માતને નોતરી શકે છે, માટે નદી-નાળા ક્રોસ કરતી વખતે વિશેષ સાવધાની રાખવા અપીલ કરાઈ છે.

# રાણપુરમાં વરસાદથી ધારપીપળા રોડ,ગાયત્રી સોસાયટીમાં પાણી ભરાયા

રાણપુર, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં ગત રાત્રિએ પડેલા ભારે વરસાદને કારણે ધારપીપળા રોડ અને ગાયત્રી સોસાયટીમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. આના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.ધોધમાર વરસાદને પગલે ધારપીપળા રોડ પર, ખાસ કરીને માર્કેટિંગ યાર્ડ, બસ સ્ટેશન અને શાળા નજીક, પાણીનો ભરાવો નદી જેવો થઈ ગયો હતો. આ સ્થિતિને કારણે વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલી પડી હતી.તેવી જ રીતે, ગાયત્રી સોસાયટીમાં પણ વરસાદી પાણીનો ભરાવો થયો હતો. પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે રોડ પર પાણી ભરાઈ રહેતા સોસાયટીના રહીશો પરેશાન થયા હતા. ચોમાસાની શરૂઆતમાં જ પડેલા આ પહેલા વરસાદમાં પાણી ભરાવાની ઘટનાએ તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી સામે સવાલો ઉભા કર્યા છે. સ્થાનિક લોકો અને રહીશોએ વહીવટીતંત્ર પાસે આ સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવવાની માંગ કરી છે.



# ડભોઇ નગરપાલિકાની ઘોર બેદરકારી: ગટરનું કામ પૂરું, પણ રસ્તા ઉપર ખાડા અને કાદવનું 'સામ્રાજ્ય'

ડભોઇ

ડભોઇ શહેરમાં વિકાસના નામે વિનાશ અને વહીવટી તંત્રની ગંભીર નિષ્કાળજીનો વધુ એક જીવતો-જાગતો કિસ્સો સામે આવ્યો છે. ડભોઈના જૂના બસ ડેપોથી લઈને છેક વાઘનાથ મંદિર સુધી નગરપાલિકા દ્વારા ગટર લાઇનની કામગીરી તો પૂરી કરી દેવામાં આવી, પરંતુ 'કામ પૂરું ને વેરો વસૂલ' ની નીતિ અપનાવી તંત્રએ જનતાને રામભરોસે છોડી દીધી છે. કામ પૂરું થયા બાદ રસ્તા પરથી કચરો અને વધારાની માટી હટાવવાની કે ઊંડા ખાડાઓ પૂરવાની તંત્રએ કોઈ તસ્દી લીધી નથી. પરિણામે, ચોમાસાના શરૂઆતના વરસાદમાં જ આખો માર્ગ બિસ્માર બની ગયો છે અને સ્થાનિકો સહિત વાહનચાલકો નરકાગાર જેવી સ્થિતિ ભોગવવા મજબૂર બન્યા છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, ગટર લાઇનના ખોદકામ બાદ રસ્તાને યોગ્ય રીતે સમથળ કરવામાં આવ્યો જ નથી. રસ્તા પર ઠેર-ઠેર માટીના મોટા ઢગલા અને જોખમી ખાડાઓ એમને એમ જ મૂકી દેવાયા છે. હવે સામાન્ય વરસાદ પડતાં જ આખી સોસાયટીના રસ્તાઓ અને મુખ્ય માર્ગ ચીકણા કાદવ-કીચડમાં ફેરવાઈ ગયા છે. રોજબરોજ અનેક બાઈક અને ફોર-વ્હીલર વાહનો આ ગંધાતી માટીમાં ફસાઈ રહ્યા છે, જેના કારણે કલાકો સુધી ટ્રાફિક જામ સર્જાય છે અને વાહનો સ્લિપ થવાથી અકસ્માતનો ભય સતત તોળાતો રહે છે.



ખોદકામ બાદ રસ્તાનું વ્યવસ્થિત પુરાણ ન કરવા બદલ ડભોઇ નગરપાલિકાના ભ્રષ્ટ અને આળસુ સત્તાધીશો સામે સ્થાનિકોમાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. આ વિસ્તારમાં રહેતા લોકો હવે સવાલ ઉઠાવી રહ્યા છે કે, વાહનો તો દૂરની વાત છે, અમારે પગપાળા ચાલવું પણ મુશ્કેલ બની ગયું છે. શું નગરપાલિકા જાણીજોઈને લોકોને આવી પરેશાની અને નરક જેવી સ્થિતિમાં રાખવા માંગે છે?

હાલ તો આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. લોકમાંગ પ્રબળ બની છે કે નગરપાલિકા વહેલી તકે આ રસ્તા પરથી વધારાની માટી હટાવે અને રસ્તાનું યોગ્ય સમારકામ કરે.

હવે જોવાનું એ રહેશે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું ડભોઇ નગરપાલિકા તંત્ર આ લોકહિતના પ્રશ્ન સામે જાગે છે કે પછી જનતાએ આ આખી સીઝન આવી જ હાડમારી અને યાતના ભોગવવી પડશે?

### પાટનગરમાં 100 કરોડથી વધુના 29 વિકાસ કાર્યોને મંજૂરી

# મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં 31 વિષયો પૈકી વૃક્ષ નિકાલ પોલીસી અને સાઉથ ઝોનમાં ફેન્સિંગ કામગીરી બાકાત

ગાંધીનગર

ગાંધીનગરના વિકાસ અને નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ ઝડપથી મળી રહે માટે ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે યોજાયેલી 67મી સ્થાયી સમિતિની બેઠકમાં શહેરના માળખાકીય સુધારા અને જનસુવિધાને લગતા નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં રજૂ કરાયેલા કુલ 31 વિષયો પૈકી વૃક્ષ નિકાલ પોલીસી અને સાઉથ ઝોનમાં ફેન્સિંગ કામગીરીના બે વિષયો બાકાત રાખી બાકીના તમામ 29 એજન્ડા પર સમિતિએ સર્વસંમતિથી મહોર મારી દીધી છે.




મહાનગરપાલિકા દ્વારા શહેરના માળખાકીય માળખાને વધુ મજબૂત બનાવવાના દાવા સાથે લાખો અને કરોડો રૂપિયાના ટેન્ડરોને બહાલી આપવામાં આવી છે. જેમાં સેક્ટર 1થી 30 સુધીના મશીનહોલના મેઈન્ટેનન્સ માટે રૂ. 6.72 કરોડથી વધુનું ટેન્ડર મંજૂર કરાયું છે. આ ઉપરાંત શહેરના જળ વ્યવસ્થાપનને સુદ્રઢ કરવા ઈન્વર્ટેડ સાયફનથી આર.ડબ્લ્યુ. પી.એસ. સુધીની 1400 એમ.એમ. પાઈપલાઈન બિછાવવા અને પમ્પિંગ સ્ટેશનના નિર્માણ માટે રૂ. 15.86 કરોડના માતબર ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. સાથે જ શહેરના સૌંદર્યીકરણ માટે વિવિધ વિસ્તારોમાં આર્ટ વર્ક પેઈન્ટિંગ કરવા માટે રૂ. 91.82 લાખનો ખર્ચ મંજૂર કરાયો છે.

સ્થાયી સમિતિએ આરોગ્ય સેવાઓના વિસ્તરણને ખાસ અગ્રતા આપી છે. પેથાપુર અને સેક્ટર-24 ના અર્બન હેલ્થ સેન્ટર માટે રૂ. 39.58 લાખના ખર્ચે અત્યાધુનિક ડિજિટલ રેડિયોગ્રાફી સિસ્ટમ ખરીદવાનો નિર્ણય લેવાયો છે. વડીલોની સુખાકારી માટે ફિઝિયોથેરાપી અને ડેન્ટલ સેવાઓ વધારવા રૂ. 27 લાખનું વધારાનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જ્યારે જીવનજરૂરી દવાઓ માટે રૂ. 75 લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. ટીબીના દર્દીઓને પોષણક્ષમ આહાર મળી રહે તે હેતુથી ન્યુટ્રીશન કિટ પૂરી પાડવા માટે પણ રૂ. 1144 પ્રતિ કિટના ભાવે ટેન્ડર મંજૂર થયું છે.

જ્યારે વહીવટી અને સામાજિક કલ્યાણના કામોમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ. 22.98 કરોડના કામોની યાદીને મંજૂરી આપી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને મોકલી આપવાનો નિર્ણય લેવાયો છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત હોપર ટીપર ડમ્પર માટે રૂ. 38.43 લાખ અને પર્યાવરણીય જાળવણી માટે વૈદિક હોળીની કીટ ખરીદવા રૂ. 20.22 લાખની મંજૂરી અપાઈ છે.

### વિકાસનો 'ભૂકો': 16 જ દિવસમાં 5 ધમધમતા રસ્તા કડડભૂસ!

# અમેરિકામાં પ્રોજેક્ટ કરનારી કંપનીઓ ગુજરાતમાં 'ગાબડાંરાજ' ચલાવે છે.., 5 એજન્સીઓને નોટિસ

અમદાવાદ

ગુજરાતમાં સ્માર્ટ સિટી અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના બણગાં ફૂંકતા વહીવટી તંત્ર અને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોની ગંભીર મિલીભગત ફરી એકવાર ધોળા દિવસે ખુલ્લી પડી ગઈ છે. ચોમાસાની હજુ તો શરૂઆત થઈ છે ત્યાં માત્ર ૧૬ જ દિવસની અંદર કરોડોના ખર્ચે બનેલા ૫-૫ મુખ્ય રસ્તાઓ પત્તાના મહેલની જેમ કડડભૂસ થઈ ગયા છે. જનતાના ટેક્સના પૈસા પાણીમાં વહાવી દેનારી આ ઘોર બેદરકારી બાદ તંત્રએ દેખાડો કરવા માટે ૫ મોટી કન્સ્ટ્રક્શન એજન્સીઓને નોટિસ ફટકારી છે. પરંતુ સવાલ એ છે કે માત્ર નોટિસથી તૂટેલા રસ્તાઓ જોડાઈ જશે ખરા?

ચોંકાવનારી બાબત તો એ છે કે જે કંપનીઓએ આ ભંગાર રસ્તા બનાવ્યા છે, તે કોઈ નાની-સુની કે નવી સવી કંપનીઓ નથી. આ એજન્સીઓ બજારમાં ૧૦ વર્ષથી લઈને છેક ૪૧ વર્ષ સુધીનો બહોળો અનુભવ ધરાવતી હોવાનો દાવો કરે છે! કરોડો-અબજો રૂપિયાના ટર્નઓવર વાળી આ ગબ્બર કંપનીઓ ગુજરાતની જનતાને એક એવો રસ્તો પણ બનાવીને ન આપી શકી જે ચોમાસાનો સામાન્ય વરસાદ પણ સહન કરી શકે. આને એન્જિનિયરિંગની ખામી કહેવી કે પછી ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા? આ આખા કૌભાંડમાં સૌથી મોટો જોક અને શરમજનક બાબત એ સામે આવી છે કે, જે એજન્સીઓ ગુજરાતના સામાન્ય રસ્તા પણ ટકાઉ બનાવી શકતી નથી, તેમાંથી એક વગદાર એજન્સી હવે સાત સમંદર પાર અમેરિકામાં મોટો પ્રોજેક્ટ શરૂ કરવા જઈ રહી છે! જે કંપની પોતાના દેશમાં, પોતાની માતૃભૂમિ પર વફાદારીથી મજબૂત કામ નથી કરી શકતી, તે વિદેશમાં જઈને ડંકો વગાડશે તેવા સપના જોવામાં આવી રહ્યા છે. ગુજરાતની જનતા સવાલ પૂછી રહી છે કે જેમના બનાવેલા રસ્તાઓ ૧૬ દિવસમાં ધોવાઈ જાય છે, તેમને બ્લેકલિસ્ટ કરવાના બદલે આવી મોટી લહાણીઓ કેમ કરવામાં આવે છે? આ ૫ રસ્તાઓ તૂટવાને કારણે હજારો વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે અને અનેક નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. 'પાક્કો ગુજરાત' તંત્રને સીધો સવાલ પૂછે છે કે, આ ભ્રષ્ટ એજન્સીઓ પર માત્ર કાગળની નોટિસ ફટકારીને સંતોષ માની લેવાશે કે પછી તેમના લાયસન્સ રદ કરીને કડક ગુનાહિત માનવવધનો ગુનો દાખલ કરીને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવશે? જનતા હવે બધું જ જોઈ રહી છે!



# આમોદમાં તળાવના બ્યુટિફિકેશનના 7 કરોડના કામમાં ગેરરીતિના આક્ષેપ : સુરતના ડે.કલેક્ટર સહિતની ટીમે સ્થળની મુલાકાત લીધી

ભરૂચ, રંગુની જાકીર

આમોદ શહેરના વાવડી ફળિયા ખાતે આવેલા મોટા તળાવના આશરે રૂ. 7 કરોડના ખર્ચે ચાલી રહેલા બ્યુટીફિકેશન પ્રોજેક્ટને લઈને ફરી એક વાર સરકારી અધિકારીઓએ સ્થળ તપાસ હાથ ધરી હતી. લાંબા સમયથી આ કામગીરીમાં ભ્રષ્ટાચાર, તકલાદી ગુણવત્તા અને બેદરકારીના આક્ષેપો થતા રહ્યા છે.



સુરત સુડા ભવન ખાતેથી ડેપ્યુટી કલેક્ટર ગામિત તેમજ તેમનો સ્ટાફ સ્થળ પર પહોંચતા તળાવની સમગ્ર પરિસરની વિગતવાર મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન ટીપીઆઈ કન્સલ્ટન્ટ, સંબંધિત અધિકારીઓ, આમોદ નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન તથા એન્જિનિયરો હાજર રહ્યા.

કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તપાસ અધિકારીએ સ્વીકાર્યું કે કામમાં અનેક પ્રકારની ક્ષતિઓ નજરે પડી છે. કોન્ટ્રાક્ટરને જરૂરી ખામીઓ સુધારવા સૂચના આપવામાં આવશે. કામગીરી ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરાવવામાં આવશે. જરૂર પડશે ત્યાં જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે.

જોકે સ્થાનિકોમાં હવે સવાલ એ ઊભો થયો છે કે અગાઉ પણ અનેક વખત તપાસો થઈ હોવા છતાં જો કામગીરીમાં ફરી ક્ષતિઓ મળી રહી છે, તો જવાબદારી કોની નક્કી થશે? સરકારના કરોડો રૂપિયાના જાહેર નાણાંનો યોગ્ય ઉપયોગ થશે કે પછી ફરી એકવાર માત્ર કાગળ પરની કાર્યવાહીથી સમગ્ર મામલો દબાવી દેવામાં આવશે? તેવા સવાલો લોકો કરી રહ્યા છે.

### પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

# હિંમતનગર નજીક કારમાંથી તબીબનો મૃતદેહ મળતા ચકચાર: પોલીસ તપાસ શરૂ

સાબરકાંઠા, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. હિંમતનગરના સુંદરેગઢ નજીક ખેડ તસીયા રોડ પર પાર્ક કરેલી એક કારમાંથી જાણીતા તબીબનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. શનિવારે રાત્રે બનેલી આ ઘટના અંગે માહિતી મળતા જ હિંમતનગર એ ડિવિઝન પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટનાની વિગત એવી છે કે, સુંદરેગઢ ગામ નજીક રોડની બાજુમાં પાર્ક કરેલી એક કારમાં એક યુવાન શંકાસ્પદ હાલતમાં સીટ પર પડેલો જોવા મળ્યો હતો. સ્થાનિક રહીશોનું ધ્યાન જતા તેમણે તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી સેવાને જાણ કરી હતી. ૧૦૮ની ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા કારમાં રહેલો યુવાન મૃત હાલતમાં હોવાનું માલૂમ પડ્યું હતું. આ અંગે તરત જ ૧૧૨ પોલીસ હેલ્પલાઈન દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી.




માહિતી મળતાની સાથે જ હિંમતનગર એ ડિવિઝનના પીઆઈ પોતાના સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કારની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. પોલીસે મૃતદેહને કબજે લઈ તાત્કાલિક હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ થઈ ગઈ છે. મૃતક યુવાન હિંમતનગરના લક્ષ્મી પાર્ટી પ્લોટ પાસે આવેલી શ્રીજી સોસાયટીમાં રહેતા ડૉ. હાર્દિકભાઈ પંકજભાઈ રાવલ હોવાનું સામે આવ્યું છે.

સિવિલ હોસ્પિટલ પ્રશાસન દ્વારા આ અંગે હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સત્તાવાર જાણ કરવામાં આવી હતી. જેના આધારે રવિવારે સવારે પોલીસે સિવિલ હોસ્પિટલ પહોંચીને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. હાલમાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું છે.

### દર્દીઓને કોઇ મુશ્કેલી ન પડે તે માટે યોગ્ય કાર્યવાહી

# આમોદ રેફરલ હોસ્પિટલમાં યોજાયેલ બેઠકમાં વિવિધ સુવિધાઓની SDMએ સમીક્ષા કરી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના આમોદ સ્થિત રેફરલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિની બેઠક શુક્રવારે યોજાઈ હતી. બેઠક નાયબ કલેક્ટર ડૉ. સૂપ્રિયા ગાંગૂલીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં હોસ્પિટલની સુવિધાઓની સમીક્ષા કરાઈ હતી. નમો સ્વચ્છતા અભિયાન અને અમૃતપાન અભિયાનને ધ્યાનમાં રાખીને બેઠકનું આયોજન કરાયું હતું.



અધિકારીઓએ હોસ્પિટલના વોર્ડ, ઓપીડી, પ્રસૂતિ વિભાગની મુલાકાત લીધી. સ્વચ્છતા, આરોગ્ય સેવાઓ, દર્દીઓની સુવિધાઓની તપાસ કરાઈ હતી. અધિકારીઓએ સારવાર હેઠળના દર્દીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. દર્દીઓની હાલત વિશે પૂછપરછ કરાઈ હતી. સારવાર, દવાઓ, અન્ય સુવિધાઓ અંગે પ્રતિસાદ લેવાયો હતો.

દર્દીઓના પ્રતિભાવના આધારે આરોગ્ય સેવાઓમાં સુધારો લાવવા ભાર મૂકાયો હતો. અધિકારીઓને સૂચના અપાઈ હતી કે દર્દીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે. હોસ્પિટલમાં સ્વચ્છતા અને આરોગ્ય સેવાઓનું સ્તર ઊંચું લવાય. આરોગ્ય યોજનાઓનો દરેકને મળે તે માટે પણ ધ્યાન આપવા જણાવ્યું હતું. બેઠકમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને સ્ટાફ હાજર રહ્યા હતા.

## તંત્રી લેખ...

# "કદી આંસુ કદી સ્મિત રૂપે પ્યાર રાખે છે..." – જિંદગીના ખરા વૈભવ અને સંબંધોની અમીરીની અનોખી સફર

શબ્દો જ્યારે હૃદયના ઊંડાણમાંથી નીકળે છે ત્યારે તે કવિતા કે ગઝલનું સ્વરૂપ ધારણ કરી લે છે. આજે આપણે એક એવી જ સુંદર રચનાના માધ્યમથી માનવ સહજ લાગણીઓ, પ્રેમ, કુદરત પ્રત્યેનો આક્રોશ અને સંબંધોની સાચી અમીરીની સફર ખેડવી છે. આ ગઝલનો દરેક શેર જિંદગીના એક અનોખા પાસાને આપણી સામે છતો કરે છે.



### સતત ચાલે કલમ મારી તું એ દરકાર રાખે છે,

કદી આંસુ કદી તું સ્મિત રૂપે પ્યાર રાખે છે!

લાગણીઓની અભિવ્યક્તિ ક્યારેય એકસરખી નથી હોતી. કલમ જ્યારે કાગળ પર ચાલે છે ત્યારે તે કોઈના પ્રત્યેની સંવેદનાને પ્રગટ કરે છે. પ્રેમ ક્યારેક આંખમાંથી વહેતા આંસુ બનીને છલકાય છે, તો ક્યારેક હોઠ પર ખીલતા પવિત્ર સ્મિતમાં દેખાઈ આવે છે. સુખ અને દુઃખ બંને આખરે તો પ્રેમ અને કાળજીના જ બે જુદા સ્વરૂપો છે.

### જતું કરવાની ભાવના અને ભાગ્યની મહેરબાની

પછી તો ભાગ્ય એની ઝોળી ભારોભાર રાખે છે!
જતું કરવા જે મનને હર ઘડી તૈયાર રાખે છે!

આજની આ દોડધામ ભરેલી જિંદગીમાં માણસ બધું જ પકડી રાખવા માંગે છે - ક્રોધ, વેરભાવ અને અહંકાર. પરંતુ કવિ અહીં જીવનનો બહુ મોટો ફિલસૂફીભર્યો સિદ્ધાંત સમજાવે છે. જે માણસ જતું કરવાની, લોકોને માફ કરવાની ભાવના રાખે છે, કુદરત અને ભાગ્ય તેના પર હંમેશા મહેરબાન રહે છે. જેનું મન ઉદાર છે, તેની ઝોળી ઈશ્વર ખુશીઓથી ભારોભાર ભરી દે છે.

### પ્રકૃતિ સાથેનો હૃદયનો મીઠો ઝઘડો

વગર પરવાનગીએ પણ તને સ્પર્શી શકે એવા;
હૃદય મારું પવન, વરસાદ પર બહુ ખાર રાખે છે.

(Possessiveness) ભળે ત્યારે કેવો સુંદર ભાવ પ્રગટે છે તે અહીં જોવા મળે છે. પવનની લહેરખી અને વરસાદના ટીપાં વગર કોઈ પરવાનગીએ પ્રિયપાત્રને સ્પર્શી જાય છે, અને આ વાત પ્રેમીના હૃદયને ખટકે છે! કુદરતના તત્વો પરનો આ મીઠો ગુસ્સો પ્રેમની પરાકાષ્ઠા દર્શાવે છે.

### મોહક ગુસ્સો અને મૌનનો ભાર

હસીને એટલે હું ગુસ્સો પણ તારો સ્વીકારી લઉં;
ક્ષણિક ગુસ્સા પછી તું વ્હાલ અપરંપાર રાખે છે!
સિફતથી ફેરવી લે છે નજર મળતા નજરને તું;
ઉતારી દે ને, શાને મૌનનો તું ભાર રાખે છે?

સંબંધોમાં રિસામણા-મનામણા એ પ્રેમની મીઠાશ વધારે છે. કોઈનો ક્ષણિક ગુસ્સો પણ હસીને સહન કરી લેવાય, કારણ કે એ ગુસ્સાની પાછળ વ્હાલનો અફાટ સમંદર છુપાયેલો હોય છે. પરંતુ જ્યારે નજર મેળવ્યા વગર નજર ફેરવી લેવામાં આવે અને મૌન ધારણ કરી લેવાય, ત્યારે એ મૌન હૃદય પર ભારે બોજ બની જાય છે. સંવાદ એ જ સંબંધની કડી છે, એટલે જ મૌનનો ભાર ઉતારી દેવાની વાત અહી સચોટ રીતે વણી લેવાઈ છે.

### ખરો વૈભવ: અમીરી દોસ્તોની સંખ્યા પર છે!

**કમાયા કેટલું ધન એ નથી હોતો ખરો વૈભવ;**
**અમીરી દોસ્તોની સંખ્યા પર આધાર રાખે છે.**

ગઝલનો આ આખરી શેર આજના ભૌતિકવાદી યુગ પર જોરદાર પ્રહાર કરે છે અને સાચો માર્ગ બતાવે છે. બેંક બેલેન્સ, બંગલા કે ગાડીઓથી માણસ સુખી હોઈ શકે, પણ વૈભવી કે અમીર નથી હોતો. માણસનો ખરો વૈભવ તો એ છે કે મુશ્કેલીના સમયે તેની સાથે કેટલા સાચા મિત્રો ઉભા છે. જેની પાસે વફાદાર અને વ્હાલ સોયલા મિત્રોની મોટી મૂડી છે, દુનિયામાં એનાથી મોટો અમીર બીજો કોઈ નથી.

### અંતમાં એટલું જ...

આ ગઝલ માત્ર શબ્દોની ગોઠવણ નથી, પણ જીવન જીવવાની એક સુંદર દ્રષ્ટિ છે. પૈસા પાછળ ભાગતી દુનિયાને સંબંધો, પ્રેમ, માફી અને દોસ્તીની કિંમત સમજાવતો આ લેખ આપણને જિંદગીને નવા દ્રષ્ટિકોણથી જોવાની પ્રેરણા આપે છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# વાસ્તવિકતા: શ્વાસનું અપમાન અને રાખનું સન્માન!

## શું તમે ક્યારેય સ્મશાનની રાખને અત્તર લગાવતા લોકોને જોયા છે? હા, આપણે બધા જ રોજ આ જ અંધેર નગરીના ખેલ કરીએ છીએ!

માણસ જ્યારે જીવતો હોય, શ્વાસ લેતો હોય, તમારી આસપાસ ધબકતો હોય, ત્યારે એની હાજરી આપણને ખટકતી હોય છે. એનો અવાજ આપણને ઘોંઘાટ લાગે છે અને એની સલાહ આપણને બંધન લાગે છે. પણ જેવો એ જ માણસ લાકડા ભેગો થઈને રાખ બની જાય, એટલે અચાનક આપણા હૃદયમાં પ્રેમનો મહાસાગર ઉભરાઈ આવે છે! જે હોઠ આખી જિંદગી એને બે મીઠા બોલ ન આપી શક્યા, એ હોઠ એના ગયા પછી એના ગુણગાન ગાતા થાકતા નથી. જે આંખોએ ક્યારેય એને પ્રેમથી નહોતો જોયો, એ આંખો સ્મશાનની ધૂળ ઉડતી જોઈને ચોધાર આંસુએ રડવા માંડે છે. આ કેવો દંભ છે? આ કેવી વિકૃત માનસિકતા છે જ્યાં જીવતી વ્યક્તિની કોઈ કિંમત નથી અને મરેલી વ્યક્તિ ભગવાન બની જાય છે? શું આપણી સંવેદનાઓ ને જગાડવા માટે કોઈના મરણના સમાચારની જરૂર છે?

'જીવતા માણસને ધક્કો મારનાર આજે મરેલા માણસને ખભો આપવા માટે પડાપડી કરે છે. કદર કરવી હોય તો શ્વાસની કરો, રાખ પર રડાતા આસુ તો માત્ર સામાજિક રિવાજ છે.

શા માટે જીવતેજીવ કદર નથી થતી?

માણસની આ કડવી માનસિકતા પાછળ બે મુખ્ય વાતો છુપાયેલી છે.

સ્પર્ધા અને અહંકાર જીવતો માણસ આપણી સામે એક પડકાર છે. જો આપણે એના જીવતેજીવ એના વખાણ કરીશું, તો આપણો અહંકાર નાનો થઈ જશે. આપણને લાગશે કે આપણે એનાથી નીચા સાબિત થઈ ગયા. પણ મરેલો માણસ ક્યારેય તમારી સાથે સ્પર્ધા કરવા નથી આવવાનો, એટલે એના વખાણ કરવામાં આપણો અહંકાર આડો નથી આવતો.

જે વ્યક્તિ આજે આપણી સાથે છે, એ કાલે પણ હશે જ. આપણે એને ખોવાનો ડર જ ભૂલી જઈએ છીએ.

એક ઓફિસમાં એક પ્રામાણિક અને મહેનતુ કર્મચારી આખો દિવસ રાત જોયા વગર કામ કરતો હોય છે. જીવતેજીવ એનો



બોસ કે એના સહકર્મચારીઓ ક્યારેય એની પીઠ નથી થાબડતા. ઉલટાનું, એની નાની ભૂલો શોધીને એને ટાર્ગેટ કરવામાં આવે છે, એને માનસિક તણાવ આપવામાં આવે છે. એ વ્યક્તિ જીવતેજીવ સન્માન અને કદર માટે તરસતો રહે છે.

પરંતુ, એક દિવસ અચાનક કામના પ્રેશર અથવા હાર્ટ એટેકથી એ કર્મચારીનું અવસાન થાય છે. બીજા જ દિવસે ઓફિસમાં બે મિનિટનું મૌન પાળવામાં આવે છે. બોસ સ્ટેજ પર આવીને ગળગળા સાદે કહે છે, 'તે અમારી કંપનીનો સૌથી તેજસ્વી હીરો હતો, એની ખોટ ક્યારેય પુરાશે નહીં.' હવે વિચારો, જે પ્રશંસા એના જીવતેજીવ એને માનસિક શાંતિ આપી શકત, એ એના મૃત્યુ પછી ઓફિસના નોટિસ બોર્ડ પર શ્રદ્ધાંજલિ બનીને લટકે એનાથી મોટી નબળાઈ આ સમાજની કઈ હોઈ શકે?

એક પિતાએ આખી જિંદગી મજૂરી કરીને પોતાના દીકરાઓ માટે બંગલા અને ગાડીઓ વસાવી દીધી. પણ જ્યારે એ પિતા વૃદ્ધ થયા, ત્યારે દીકરાઓ પાસે એમની બાજુમાં બેસીને પાંચ મિનિટ વાત કરવાનો પણ સમય નહોતો. પિતા દવાના બિલ માટે દીકરા સામે હાથ ફેલાવતા અને દીકરો એ ખર્ચને 'બોજ' ગણતો. ઘરમાં જીવતેજીવ એ પિતાનું સ્થાન એક ખૂણાના ખાટલા પૂરતું સીમિત હતું.

જેવા એ પિતા શાંત થઈ ગયા (મૃત્યુ પામ્યા), એટલે દીકરાઓએ લાખો રૂપિયા ખર્ચીને બારમું-તેરમું કર્યું, આખા ગામને જમાડ્યું. પિતાની તસવીર પર સોનાની બોર્ડરવાળી ફ્રેમ ચડાવી અને ઘરના મુખ્ય હોલમાં વચોવચ લટકાવી દીધી! દરરોજ સવારે એ ફોટો સામે અગરબત્તી થાય છે. જે બાપ જીવતેજીવ ઘરમાં નડતો હતો, એ મર્યા પછી ઘરની શાન બની ગયો! આ તે કેવો ન્યાય?

જાગવાની જરૂર ક્યારે છે?

સ્મશાનમાં લાકડાં ગોઠવતી વખતે આંખમાં આવતા આંસુ એ પ્રેમ નથી, એ 'મોડો પડેલો પસ્તાવો' છે. પથ્થરની મૂર્તિઓ પર દૂધ-પાણી રેડવા વાળા આપણે માણસો, જીવતા માણસને તરસ્યો મારી નાખીએ છીએ.

જો તમારી આસપાસ કોઈ એવી વ્યક્તિ છે જે તમારા માટે કંઈક સારું કરી રહી છે પછી એ તમારા માતા-પિતા હોય, જીવનસાથી હોય, મિત્ર હોય કે કોઈ કર્મચારી હોય તો એના શ્વાસ ચાલતા હોય ત્યારે જ એનો હાથ પકડીને કહી દો તમે મારા જીવનમાં બહુ કિંમતી છો. એને જીવતેજીવ પ્રેમ અને આદર આપો. કારણ કે માણસ ગયા પછી ગમે તેટલી સોનાની થાળી પીરસશો ને, તોય એ રાખ ક્યારેય ઓહિયાં કરવા પાછી નહીં આવે! કદર સમયસર થાય એ જ સંબંધોનું અમૃત છે, બાકી બધું તો અહંકારનું પ્રદર્શન છે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# "સુના છે તન્હાઈયોં મેં વો..." – ઈર્ષ્યા, અહંકાર અને મૌન પ્રશંસાની અનોખી દાસ્તાન

સાહિત્ય સરવાણી

'મહફિલ મેં જો હમે... દાદ દેને સે કતરાતે હૈ........
સુના હૈ તન્હાઈયોં મેં વો.... હમારી હી શાયરી ગુનગુનાતે હૈ'

માનવ સ્વભાવ અને સંબંધોના મનોવિજ્ઞાનને તળિયેથી સમજાવતી આ શાયરી માત્ર થોડા શબ્દોની ગોઠવણ નથી, પણ સમાજની એક કડવી અને નગ્ન સત્યતા પર કરાયેલો બહુ મોટો કટાક્ષ છે. દુનિયાનો એક નિયમ રહ્યો છે કે માણસ સામે ચાલીને કોઈની સફળતા કે પ્રતિભાનો સ્વીકાર ખુલ્લા દિલથી કરી શકતો નથી. આ બે લાઈનોમાં કવિએ માનવીય અહંકાર, છૂપી ઈર્ષ્યા અને એકલતામાં પ્રગટ થતા સાચા એકરારને બહુ સુંદર રીતે વણી લીધો છે. મહફિલનો દંભ અને અહંકારનો પડદો જ્યારે ચાર લોકો વચ્ચે બેઠા હોઈએ ત્યારે સમાજ આપણી પ્રગતિ, આપણા કૌશલ્ય કે આપણી કલાને બિરદાવવામાં સંકોચ અનુભવે છે. એવું નથી કે તેમને આપણી શક્તિની ખબર નથી, પણ અહંકાર (Ego) અને 'હું જ સર્વોપરી છું' ની ભાવના તેમને જાહેરમાં આપણી વાહ-વાહ (દાદ) કરવાથી રોકે છે. ચાર લોકોની વચ્ચે કોઈની પ્રશંસા કરવાથી પોતે નાના દેખાશે, તેવો એક અજ્ઞાત ભય અજ્ઞાની લોકોના મનમાં સતત ચાલતો હોય છે. આ જ કારણ છે કે સભામાં કે મહફિલમાં લોકો સારો પ્રતિભાવ આપવાથી કતરાય છે, મૌન સેવી લે છે અથવા તો નજર ફેરવી લે છે. તન્હાઈનો અરીસો અને સત્યનો એકરાર પરંતુ, આ શાયરીનો બીજો ભાગ જિંદગીનું સૌથી મોટું સત્ય ઉજાગર કરે છે. જ્યારે એ જ લોકો એકાંતમાં (તન્હાઈમાં) પોતાની જાત સાથે બેસે છે, ત્યારે તેમના અહંકારનો આખો કિલ્લો કડડભૂસ થઈ જાય છે. એકાંતમાં માણસ ક્યારેય પોતાની જાતથી જૂઠું બોલી શકતો નથી. કવિ કહે છે તેમ, જે લોકો ભરી સભામાં મોઢું મચકોડતા હતા, તે જ લોકો એકલા અટૂલા બેઠા હોય ત્યારે આપણા જ વિચારો, આપણી જ કલા અને આપણી જ શાયરીના પ્રેમમાં પડીને તેને હોઠો પર ગુનગુનાવે છે. આ એ વાતની સાબિતી છે કે તમારી પ્રતિભા એટલી તાકાતવર છે કે સામેવાળો વ્યક્તિ ભલે જાહેરમાં સ્વીકાર ન કરે, પણ મનોમન તે તમારો મુરીદ બની ચૂક્યો છે. કલા અને સચ્ચાઈની આખરી જીત આ શાયરી આપણને જીવનનો એ પાઠ શીખવે છે કે જો તમારી અંદર સચ્ચાઈ અને સમર્થતા હશે, તો દુનિયા ગમે તેટલી કોશિશ કરે પણ તમને અવગણી (Ignore) નહીં શકે. પ્રશંસા ક્યારેય ભીખમાં માંગવાની વસ્તુ નથી, તે તો તમારી મહેનત અને કાબિલિયતથી આપોઆપ ખેંચાઈને આવે છે. જો કોઈ તમારી સામે સારો પ્રતિભાવ ન આપે તો નિરાશ થવાની જરૂર નથી. તમારી પીઠ પાછળ કે એકાંતમાં પણ જો લોકો તમારી ચર્ચા કરવા મજબૂર બનતા હોય, તો સમજી લેવું કે જીત તમારી જ થઈ છે. અંતમાં એટલું જ... આ પંક્તિઓ આપણને એવા નકલી અને દંભી ચહેરાઓ ઓળખવાની દ્રષ્ટિ આપે છે જેઓ બહારથી દુશ્મન કે અજાણ્યા હોવાનો નાટક કરે છે, પણ અંદરથી તેઓ આપણા સૌથી મોટા પ્રશંસક હોય છે. એટલે જ, દુનિયાની પરવા કર્યા વગર તમારી કલમ, તમારો લય અને તમારી મહેનત સતત ચાલુ રાખો, કારણ કે આજે નહિ તો કાલે, જાહેરમાં નહિ તો ખાનગીમાં, આખી દુનિયાએ તમારી કાબિલિયતને ગુનગુનાવવી જ પડશે!

# સિંહ અસ્તિત્વ અને સામાજિક સ્વીકૃતિ

સિંહ જંગલી પ્રાણી છે પરંતુ તેની પ્રકૃતિ જે રીતે સંવેદનાથી જોડાયેલી છે તે રીતે તેને જંગલી એટલે કે અવિચારી ન ગણી શકાય,તેવું તે પ્રાણી છે. મહદઅંશે જન સમુદાય સાથે તે જોડાઈ જાય છે. કોઈ કાલ્પનિક ભયથી કે પછી તેની સામેની સુગને કારણે કોઈ તેને ધિક્કારે તો વાત જુદી છે પણ તે રાજા તરીકે તમે તેને કોઈ ખલેલ ન કરો તો તમને ખલેલ કરવામાં તેને જરાય રસ નથી!!? ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા ગીતાના વિભૂતિયોગમા કહેવાયું છે કે ।હું પ્રાણીઓમા સિંહ છું.

તાજેતરની ઘટનાઓએ ફરી એક વખત સમાજમાં સિંહ માટે એક ધૃણિત એવું વાતાવરણ ઊભું કર્યું હોય તેની પ્રતીતિ થાય છે. તે વાત પણ સ્વભાવિક છે કે જ્યારે કોઈનું સ્વજન વિદાય લઈ લે તો સ્વાભાવિક છે કે તેના તરફ અણગમો કે વૈરવૃત્તિ થવાની ! પણ કેટલીક વાતો એ આપણે સિંહ માટે સમજવી પડશે અને તેનાથી થનારી અસરોની પણ ચિંતા કરવી પડશે!

સિંહ રેવન્યુ વિસ્તારમાં એટલે કે જ્યાં આપણે ખેતીવાડી કરીએ છીએ ત્યાં હવે નિવાસ કરતો થયો છે. કારણ કે તેમની સંખ્યા વધવાના કારણે આજે ગુજરાતના લગભગ 11 જિલ્લાઓમાં અને 35,000 સ્કવેર કિલોમીટરમા તેનો વિહાર દેખાઈ રહ્યો છે. એ

તેથી સ્વાભાવિક છે કે માનવ સાથે તેમનો અનુબંધ વધુ સંપર્કયુક્ત બન્યો. પણ તેનાથી આપણે ડરવાની કે પછી તેને તેના તરફ શુગ રાખવાની આવશ્યકતા દેખાતી નથી.

200 કિલો જેટલું મહાકાય વજન ધરાવતું આ પ્રાણી આપણા સૌ માટે ગૌરવ રૂપ એટલે છે કે એશિયામાં માત્ર એક જ જગ્યાએ અહીં દેખાઈ રહ્યું છે. ગીર અને તેની આસપાસના વિસ્તારોને પ્રવાસન ઉદ્યોગ તરીકે દુનિયાના લોકોને ખેંચી લાવવા માટે તે કારણરૂપ બને છે. એટલું જ નહીં કે દર વર્ષે લગભગ ઓછામાં ઓછા 35 લાખ જેટલા પ્રવાસીઓ આ પ્રાણીના કારણે ખેંચાઈને



આવે છે. તેનાથી લગભગ 50 લાખથી પણ વધારે લોકોને રોજગારી મળી રહે છે.પણ આ આપણાં વારસાના પ્રતિક તરીકે જાળવી તે સલામ કરવી તે દાયિત્વ પણ છે!

સમાજના તમામ ઘટકોએ તેમની સામાજિક સ્વીકૃતિમાં કોઈ ઘટાડો ન થાય તેની ચિંતા કરવી જોઈએ.સને 2019 માં આફ્રિકાના એક દેશ રવાન્ડા જવાનો મને અવસર મળેલો.ત્યાં હું એકેગારા નામના એક અભ્યારણ્યની મુલાકાતે ગયેલો. ત્યાંના સ્થાનિક લોકોએ કહ્યું કે સને 1995 માં જ્યારે રવાડાંમાં જાતિસંહાર થયો તે સમયે અહીં આફ્રિકન લાયનની સંખ્યા મોટા પાયા ઉપર હતી. પરંતુ એ સંહારની સાથે ત્યાંના સ્થાનિક આદિજાતિના લોકોનો સિંહ સાથેનો લગાવ હતો નહીં.તેથી તેમણે સને 1995 માં બધા જ સિંહને મારી નાંખેલા.એ અભ્યારણ્ય માંથી સિંહો નામશેષ થયાં .પછી ટાંઝાનિયા વગેરે દેશમાંથી લાવીને ત્યાંની સ્થાનિક સરકારે તેને પુનઃસ્થાપિત કરવા માટેનો પ્રયત્ન કરેલો. પરંતુ જે રીતે તેમની સાથે સમાજનો અનુબંધ કે સંકલન હોવું જોઈએ તે ન હોવાના કારણે સિંહને ફરી ત્યાં સ્થાપિત કરી શકાયા નહીં. જેટલા સિંહ આવેલા એ બધા જ ફરી મૃત્યુ પામેલા. ઉદાહરણ બતાવે છે કે જો સમાજ આ પ્રાણીને પોતિકું નહીં ગણે તો સ્વાભાવિક છે કે તેના અસ્તિત્વ સામે સવાલો ઊભા થાય!!

સરકારની જવાબદારી નાગરિક તરીકે જાન માલની રક્ષણ કરવાની પણ છે તેથી સૌ નાગરિકોને સાવધાન કરીને,છતાં પણ કોઈ ઘટના બને છે તો તેનું કોમ્પોન્સેશન ઝડપથી ચુકવીને આગને રુઝાવી શકાય. તે માટેનો જનતાનો લોકરોષ ઓછો કરી શકાય.

વળતરની પોલિસીઓનું સમયાંતરે પુનર્ગઠન કરવું, જરૂર જણાય ત્યારે વન વિભાગ વિવિધ સમિતિઓની રચના કરીને સિંહની લોક સ્વીકૃતિ માટે જરૂરી કાર્યક્રમોનું આયોજન કરે, તો જરૂર આપણે સિંહનેના અસ્તિત્વનો સ્વીકાર કરીને ત લાંબાગાળા સુધી ટકાવી શકશું. અન્યથા તેના અસ્તિત્વ સામે સવાલો દેખાઈ રહ્યા છે!!!

**-તખુભાઈ સાંડસુર**

# સંવાદથી સંબંધોમાં સુગંધ: સહવાસ દરમિયાન 'ડર્ટી ટોક' કેમ છે જરૂરી અને તેનાથી પાર્ટનર પર શું અસર થાય છે?

આજના આધુનિક યુગમાં સંબંધોની વ્યાખ્યા અને તેની અભિવ્યક્તિ ઘણી બદલાઈ છે. સહવાસ (શારીરિક સંબંધ) એ માત્ર બે શરીરનું મિલન નથી, પરંતુ બે મનની એકબીજા સાથેની નિકટતા છે. પહેલાના સમયમાં સહવાસ દરમિયાન માત્ર એક શાંતિ અથવા ચૂપકીદી જોવા મળતી હતી, પરંતુ આજે 'સેક્સી ટોક' અથવા 'ડર્ટી ટોક' ખૂબ જ સામાન્ય અને સ્વીકાર્ય બની ગયું છે. તેમ છતાં, આજે પણ ઘણા કપલ્સ એવા છે જેઓ કોઈ પણ પ્રકારના સંવાદ વગર, ચૂપચાપ આ ક્રિયા પૂરી કરી લેવાનું પસંદ કરે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આવો સહવાસ પરમ આનંદ નથી આપતો, પણ માત્ર એક શારીરિક જરૂરિયાત સંતોષવા પૂરતો જ મર્યાદિત રહી જાય છે. સમાગમ દરમિયાન જો થોડો મનગમતો અને ઉત્તેજક સંવાદ ઉમેરવામાં આવે, તો તે આખી પ્રક્રિયાને એક અલગ જ ઊંચાઈ પર લઈ જઈ શકે છે. ચાલો વિગતવાર સમજીએ કે સહવાસ દરમિયાન થતી વાતો શા માટે સંબંધોને મજબૂત બનાવે છે અને તેનું શું મહત્વ છે.

### પુરુષોને પણ ગમે છે પ્રશંસા અને ઉત્તેજક વાતો

સામાન્ય રીતે એવી માન્યતા હોય છે કે સ્ત્રીઓને જ વખાણ સાંભળવા ગમે છે, પરંતુ પુરુષોની માનસિકતા પણ આ બાબતમાં ઘણી સમાન હોય છે. શારીરિક સંબંધ દરમિયાન પુરુષોને પણ તેમના પાર્ટનર તરફથી તેમના પરફોર્મન્સ, તેમના શરીર અને તેમની હરકતો વિશે સાંભળવું ખૂબ ગમે છે. જ્યારે કોઈ સ્ત્રી તેના પાર્ટનરના કાનમાં ધીમા અવાજે ઉત્તેજક વાતો કરે છે, ત્યારે પુરુષનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ બમણો થઈ જાય છે. પોતાની વાતો અને અવાજ દ્વારા પુરુષનું ધ્યાન પોતાના તરફ ખેંચી રાખવું, તે એક સ્ત્રીની અદભુત આવડત અને કળાની નિશાની ગણાય છે.

### લાગણીઓની ખુલ્લી અભિવ્યક્તિ

સહવાસ એવો સમય છે જ્યાં તમે તમારા પાર્ટનરની સૌથી નજીક હોવ છો. આ સમયે તમારી વાતો દ્વારા તમે તમારા પાર્ટનર પ્રત્યેની લાગણીઓ અને પ્રેમ ખૂબ સારી રીતે વ્યક્ત કરી શકો છો. તમે તે ક્ષણે કેવો અનુભવ કરી રહ્યા છો, તમારા પાર્ટનરની કઈ હરકત તમને સૌથી વધુ ઉત્તેજિત કરી રહી છે, અથવા તમને કેવો આનંદ મળી રહ્યો છે તે શબ્દોમાં કહેવું જોઈએ. આ પ્રકારની ખુલ્લી વાતો માત્ર ઉત્તેજના નથી વધારતી, પરંતુ તમારા સહવાસની ક્રિયાને વધુ આત્મીય અને મજબૂત બનાવે છે.

### પરફોર્મન્સમાં આવે છે અદભુત સુધારો

જ્યારે તમે બેડરૂમમાં તમારા પાર્ટનર સાથે સંવાદ સાધો છો, ત્યારે અજાણતા જ તમે તેને એક પોઝિટિવ ફીડબેક આપી રહ્યા હોવ છો. તમારા મોં માંથી નીકળતા ઉત્તેજનાભર્યા શબ્દો તમારા પાર્ટનરને એ વાતનો અહેસાસ કરાવે છે કે તેઓ સાચી દિશામાં જઈ રહ્યા છે. આનાથી તેમનો આત્મવિશ્વાસ વધે છે અને તેઓ પોતાના પરફોર્મન્સને વધુ સારું અને આનંદદાયક બનાવવાનો પ્રયત્ન કરે છે. એકબીજાની પસંદ-નાપસંદ જાણીને કરેલો સહવાસ ક્યારેય ફિક્કો નથી પડતો.

### તન અને મનની નિર્વસ્ત્રતા: ચરમસુખની ચાવી

સંબંધ એવો હોવો જોઈએ જ્યાં બે વ્યક્તિ માત્ર તનથી જ નહીં, પણ મનથી પણ એકબીજા સામે સંપૂર્ણપણે નિર્વસ્ત્ર થઈ શકે. જ્યાં કોઈ સંકોચ, કોઈ શરમ કે કોઈ ડર ન હોય, તે જ સાચો અને આત્મીય સંબંધ છે. યારે કપલ્સ પોતાની ફેન્ટસી, પોતાની ઈચ્છાઓ અને પોતાની લાગણીઓ વિશે મુક્તપણે વાતો કરવા લાગે છે, ત્યારે શારીરિક સંબંધ માત્ર એક ક્રિયા મટીને એક દૈવી અનુભવ બની જાય છે. આવા પારદર્શક સંબંધમાં ચરમસુખ (ઓર્ગેઝમ) નો આનંદ પ્રાપ્ત કરવો ખૂબ જ સરળ અને સ્વાભાવિક બની જાય છે. છેલ્લે એટલું જ કહેવાનું કે, બેડરૂમની ચાર દીવાલો વચ્ચે તમારા પાર્ટનર સાથે બોલવામાં ક્યારેય સંકોચ ન રાખવો જોઈએ. ચૂપ રહીને માણેલો સંબંધ કદાચ શરીરને સંતોષી શકે, પણ મનગમતા સંવાદો સાથે માણેલો સહવાસ આત્માને તૃપ્ત કરે છે. તમારી વાતોમાં થોડો રોમાન્સ અને ઉત્તેજના ઉમેરો અને જુઓ કે તમારો સંબંધ કેવો મજબૂત અને જીવંત બને છે!

# રશિયા-યુક્રેન યુદ્ધમાં ફરી ટ્રમ્પની એન્ટ્રી

## પુતિન-ઝેલેન્સ્કીને ફોન કરી આપી મોટી ઓફર

વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે ફોન પર લાંબી વાતચીત કરી છે. આ વાતચીત તુર્કીમાં યોજાનારી નાટો શિખર સંમેલન (NATO Summit) ના બરાબર પહેલા થઈ છે. અમેરિકાની 250મી વર્ષગાંઠના અવસરે થયેલી આ વાતચીતમાં ટ્રમ્પે, યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે મદદ કરવાની વાત કરી છે, પરંતુ પુતિને આનો સીધો જવાબ આપી દીધો છે. ક્રેમલિને જણાવ્યું છે કે, ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે વ્લાદિમીર પુતિન સાથે આશરે 90 મિનિટ એટલે કે, દોઢ કલાક સુધી વાત કરી હતી. આ વાતચીતને ખૂબ જ હકારાત્મક અને વ્યવહારિક માનવામાં આવી રહી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે, અમેરિકા આ સંકટનો વહેલી તકે ઉકેલ લાવવા માટે તૈયાર છે, અને તેઓ લડાઈ રોકવા માટે કામ કરી રહ્યા છે. વાતચીત



દરમિયાન પુતિને ટ્રમ્પને યુદ્ધના મેદાનની સ્થિતિ જણાવતા દાવો કર્યો કે, રશિયન સેના સતત આગળ વધી રહી છે, અને નવા વિસ્તારો પર કબજો કરી રહી છે. રશિયાએ એ પણ કહ્યું કે, તે રાજદ્વારી ઉકેલ તો ઈચ્છે છે, પરંતુ પોતાની શરતો પર. રશિયાની શરતોને ફગાવી ચૂક્યું છે યુક્રેન આ વાતચીત દરમિયાન રશિયાએ યુક્રેનના એ દાવાને ફગાવી દીધો હતો, જેમાં કોન્સ્ટેન્ટિનિવ્કા શહેર પર કબજાની વાત કહેવામાં આવી હતી. વ્યૂહાત્મક રીતે આ શહેર ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. રશિયાનું કહેવું છે કે, તેણે આ શહેરને પોતાના નિયંત્રણમાં લઈ લીધું છે, જ્યારે યુક્રેનનો દાવો છે કે, આ શહેર હજુ પણ તેની પાસે છે. રશિયાની શરત છે કે, યુદ્ધ ખતમ કરવા માટે તેને સમગ્ર ડોનબાસ ક્ષેત્ર પર નિયંત્રણ જોઈએ, જેને યુક્રેન સતત ફગાવી રહ્યું છે. ટ્રમ્પે પુતિનને જણાવ્યું કે, તેમના દૂત સ્ટીવ વિટકૉફ અને જેરેડ કુશ્નર આ ડીલ માટે કામ ચાલુ રાખશે, અને તેઓ ફરીથી મોસ્કોની મુલાકાત પણ લઈ શકે છે. પુતિને ટ્રમ્પને મોસ્કો આવવાનું આમંત્રણ પણ યાદ અપાવ્યું હતું. ઝેલેન્સકી સાથે પણ કરી ચર્ચા પુતિન સાથે વાત કર્યા બાદ ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે પણ ફોન પર ચર્ચા કરી હતી. ઝેલેન્સકીએ આ વાતચીતને ખૂબ જ સારી ગણાવી હતી. તેમણે કહ્યું કે, તેમણે ટ્રમ્પ સાથે 1200 કિલોમીટર લાંબી ફ્રન્ટ લાઈનની સ્થિતિ પર વાત કરી છે. ઝેલેન્સકીનું માનવું છે કે, આ યુદ્ધને ખતમ કરવાની સંભાવના છે, અને તેમાં અમેરિકાનો દ્રઢ સંકલ્પ સૌથી મહત્વની ભૂમિકા ભજવશે. ટ્રમ્પ અને ઝેલેન્સકી એ વાત પર સહમત થયા છે કે, તેઓ આગામી સપ્તાહે તુર્કીમાં યોજાનારા નાટો શિખર સંમેલન દરમિયાન આ ચર્ચાને આગળ વધારશે, જ્યાં દુનિયાના 32 દેશોના નેતાઓ એકઠા થઈ રહ્યા છે.




### માલણ નદી ગાંડીતૂર બનતા ગામોમાં પાણી ઘૂસ્યા, ફાયર વિભાગ દ્વારા લોકોનું રેસ્ક્યુ

# ઉનામાં મેઘતાંડવ, 12 ઇંચ વરસાદ, 50થી વધુ પશુઓના મોતની આશંકા

**ગીર સોમનાથ**

ગીર સોમનાથ જિલ્લાના ઉના પંથકમાં ગત રાત્રિથી શરૂ થયેલા 12 ઈંચથી વધુના અવિરત અને ધોધમાર વરસાદને કારણે સમગ્ર વિસ્તારમાં જળબંબાકારની ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને ગાંગડા અને સનખડા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં માલણ નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં પૂરના પાણી રહેણાંક વિસ્તારોમાં ઘૂસી ગયા છે, જેને પગલે સ્થાનિક વહીવટી તંત્ર અને ફાયર વિભાગની ટીમો બચાવ કામગીરી માટે ખડેપગે તૈનાત થઈ ગઈ છે. આ આકાશી આફતે સ્થાનિક જનજીવનને સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે.

મોડી રાત્રે ગાંગડા ગામમાંથી પસાર થતી માલણ નદીમાં પૂર આવતા નદીનું સ્તર જોખમી રીતે વધી ગયું હતું, જેને કારણે સ્થાનિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. નદીના ધસમસતા પાણી નીચાણવાળા વિસ્તારોમાં ઘૂસી જતાં અનેક લોકો પૂરમાં ફસાયા હતા. ઘટનાની ગંભીરતા સમજી ઉના ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર જવાનોએ જીવના જોખમે મોડી રાત્રે પાણીની વચ્ચે જઈને ફસાયેલા પરિવારોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું અને તમામને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા.

આ મુશળધાર વરસાદને કારણે માત્ર ગાંગડા જ નહીં, પરંતુ આસપાસના અન્ય ગામોમાં પણ ભારે તારાજીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સનખડા ગામ નજીક માલણ વિસ્તાર પાસે ખત્રીવાડાને જોડતો મુખ્ય રસ્તો પાણીના પ્રચંડ પ્રવાહમાં ધોવાઈ ગયો છે, જેના કારણે સનખડા અને ખત્રીવાડા ગામો વચ્ચેનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો છે. ધોધમાર વરસાદના લીધે માર્ગો પર નદીઓ વહેતી થઈ ગઈ છે અને સનખડાના મુખ્ય વિસ્તારો સહિત ગાંગડા પ્લોટના ઘરોમાં પાણી ફરી વળ્યા છે.

વીજપોલ ધરાશાયી અને પશુધનને મોટો ફટકો વરસાદની સાથે ફૂંકાયેલા ભારે પવનના કારણે પાતાપુર અને સનખડા ગામમાં અનેક વીજ પોલ ધરાશાયી થયા છે, જેના લીધે ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ છે અને અંધારપટ છવાયો છે. પૂરના પાણીના જોરદાર વહેણમાં સનખડામાં એક કેબિન અને ટ્રેક્ટર પણ તણાઈ ગયા હોવાના અહેવાલ છે. આ ઉપરાંત, આ કુદરતી આપત્તિમાં પૂરના પાણીમાં તણાવાને કારણે 50 થી વધુ પશુઓના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જે પશુપાલકો માટે મોટો આઘાત છે.

આ ભયાવહ પરિસ્થિતિ વચ્ચે વહીવટી તંત્ર દ્વારા પ્રભાવિત વિસ્તારોનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ગત રાત્રે તંત્રના અધિકારીઓએ સનખડા ગામ સુધી પહોંચીને રાહત સામગ્રી અને મદદ પહોંચાડવાનો પૂરતો પ્રયાસ કર્યો હતો, પરંતુ રસ્તાઓ પર છાતીસમા પાણી ભરાયેલા હોવાને કારણે તંત્રની ગાડીઓ કે ટીમો આગળ વધી શકી ન હતી. હાલમાં પણ પાણીનું સ્તર ઊંચું હોવાના કારણે જવાબદાર અધિકારીઓ પ્રભાવિત અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચી શક્યા નથી.

ઉના પંથકમાં હજુ પણ અવિરત વરસાદ ચાલુ હોવાથી પરિસ્થિતિ વધુ વણસી શકે છે. સ્થાનિક વહીવટી તંત્ર અને ફાયર વિભાગ પૂરગ્રસ્તોની સલામતી માટે સતત એલર્ટ મોડ પર છે.

નીચાણવાળા વિસ્તારોમાં રહેતા તમામ લોકોને સાવચેત રહેવા અને સુરક્ષિત સ્થળોએ આશરો લેવા માટે તંત્ર દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી છે.

સુલતાનપુર ગામે ઘરમાં ફસાયેલા ૪ વ્યક્તિનું રેસક્યૂ કરી સુરક્ષિત સ્થળે ખસેડાયા

ભારે વરસાદના કારણે ઉના તાલુકાના સુલતાનપુર ગામે અડધી રાતે નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાયાં હતાં. પાણી ભરાવાના કારણે ઘરમાં ફસાયેલા ૪ લોકોનું વહીવટી તંત્ર અને એસ.ડી.આર.એફની ટીમ દ્વારા રેસક્યૂ કરવામાં આવ્યું હતું.



# પોરબંદર સ્ટેશન યાર્ડ રિમોડેલિંગ કાર્યનું સફળ કમિશનિંગ, રેલ સંચાલન બનશે વધુ સુરક્ષિત, ઝડપી અને આધુનિક..

**ભાવનગર**

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળે રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણ તરફ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં પોરબંદર સ્ટેશનના યાર્ડ રિમોડેલિંગ કાર્યનું 4 જુલાઈ, 2026ના રોજ સફળતાપૂર્વક કમિશનિંગ કર્યું છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પૂર્ણ થતાં સ્ટેશન પર રેલ સંચાલન વધુ સુરક્ષિત, સરળ અને કાર્યક્ષમ બનશે તેમજ ટ્રેનો અને રેકોના સંચાલનમાં નોંધપાત્ર સુધારો થશે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયેલા આ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેશનની ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (Electronic Interlocking-EI) સિસ્ટમનું વ્યાપક આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ હેઠળ 72 રૂટ સાથે નવી ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમ સ્થાપિત કરવામાં




આવી છે. ઉપરાંત 25 નવા પોઈન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે તથા 16 જૂના પોઈન્ટ દૂર કરવામાં આવ્યા છે. હાલમાં યાર્ડમાં કુલ 31 પોઈન્ટ, 44 ડિટેક્શન પોઈન્ટ, 28 ટ્રેક સેક્શન, 10 મુખ્ય સિગ્નલ તેમજ 17 શન્ટ સિગ્નલ (09 ડિપેન્ડન્ટ અને 08 ઈન્ડિપેન્ડન્ટ) ઉપલબ્ધ છે. યાર્ડ રિમોડેલિંગના પરિણામે સ્ટેશનની સંચાલન ક્ષમતા અને સલામતીમાં વ્યાપક વધારો થયો છે. એન્જિન એસ્કેપ લાઇન ઉપલબ્ધ થતાં અગાઉ લાઇન નં. 1 (હાલની લાઈન નં. 2) પર થતી પુશ-બેક મૂવમેન્ટ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે, જેના કારણે સંચાલન વધુ સુરક્ષિત અને ઝડપી બન્યું છે. આ સાથે યાર્ડની ક્ષમતામાં પણ નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે ટ્રેનો અને રેકોના સંચાલનની કાર્યક્ષમતા વધશે. નવી ડબલ એક્ઝિટ પિટ-કમ-વોશિંગ લાઇનના નિર્માણથી રેકોની ધોવાણ, હટાવવાની અને મૂકવાની પ્રક્રિયા અગાઉની સરખામણીએ વધુ ઝડપી અને સુવિધાજનક બની છે. તેમજ ડબલ એક્ઝિટ સુવિધા સાથે બનાવવામાં આવેલી બે નવી સ્ટેબલિંગ લાઈનોથી ખાલી રેકોની અવરજવર વધુ સરળ અને ઝડપી રીતે સંચાલિત કરી શકાશે.

પ્રોજેક્ટ અંતર્ગત નોન-ઈન્ટરલોક્ડ યાર્ડને અલગ કરવામાં આવતા હવે લાઈન નં. 6, 7 અને 8 પર શન્ટિંગ અને ટ્રેનોની રિસેપ્શન પ્રક્રિયા એકસાથે હાથ ધરી શકાશે. પરિણામે સમયની બચત થવા ઉપરાંત સંચાલન ક્ષમતા અને કાર્યક્ષમતામાં પણ નોંધપાત્ર વધારો થશે.

યાર્ડ રિમોડેલિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થતાં પોરબંદર સ્ટેશન પર ટ્રેનો અને રેકોનો ટર્નઅરાઉન્ડ સમય ઘટશે, યાર્ડની ક્ષમતામાં વધારો થશે, સંચાલનમાં વધુ લવચીકતા આવશે તેમજ સલામતી અને વિશ્વસનીયતાના ધોરણોમાં મહત્વપૂર્ણ સુધારો થશે. ભવિષ્યમાં વધતા રેલવે ટ્રાફિકને વધુ અસરકારક અને સુવ્યવસ્થિત રીતે સંચાલિત કરવામાં પણ આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થશે.

### સરકારી યોજનાઓ અને શૈક્ષણિક સ્તરની પ્રત્યક્ષ સમીક્ષા કરી

# ઝઘડિયાના અંતરિયાળ ખાલક ગામમાં પહોંચ્યા જિલ્લા સમાહર્તા ડૉ. નવનાથ ગવ્હાણે

**ભરૂચ, રંગુની જાકીર**

ભરૂચ જિલ્લામાં સરકારી યોજનાઓનું અમલીકરણ યોગ્ય રીતે થાય અને છેવાડાના નાગરિકો સુધી વહીવટી તંત્રની સેવાઓ પહોંચે તે હેતુથી જિલ્લા કલેક્ટર ડૉ. નવનાથ ગવ્હાણે દ્વારા ઝઘડિયા તાલુકાના અંતરિયાળ એવા ખાલક ગામની આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ગ્રામ પંચાયતની મુલાકાત લઈ સ્થાનિક લોકો સાથે સીધો સંવાદ કર્યો હતો.

જિલ્લા કલેક્ટરએ ખાલક ગ્રામ પંચાયતની મુલાકાત લઈને પંચાયતના સામાન્ય દફતરની તપાસણી કરી હતી. ત્યારબાદ તેમણે ગામના સ્થાનિક નાગરિકો અને આગેવાનો સાથે બેઠક યોજી,



કલેક્ટરએ ગ્રામજનોના પ્રશ્નો અને રજૂઆતોને ખૂબ જ આત્મીયતાથી સાંભળ્યા હતા અને તેના ઝડપી નિરાકરણ માટે હાજર સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

આ મુલાકાતના અંતે, ગામની પ્રાથમિક શાળાની પણ પ્રત્યક્ષ મુલાકાત લઈને શાળાની શૈક્ષણિક અને અન્ય વ્યવસ્થાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરની તપાસ કરવામાં આવી હતી. કલેક્ટરએ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધીને તેમની સામાન્ય જ્ઞાન અને અભ્યાસ પ્રગતિની સમીક્ષા કરી હતી તેમજ શાળાના શિક્ષકોને શિક્ષણનું સ્તર વધુ સુદ્રઢ બનાવવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સાથોસાથ શાળામાં પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને પીરસવામાં આવતા મધ્યાહન ભોજનની ગુણવત્તાની પ્રત્યક્ષ ચકાસણી કરવા તેમણે શાળામાં ભોજન લીધું હતું. ભોજન બનાવવાની જગ્યાની સ્વચ્છતા, વપરાતી સામગ્રી અને પૌષ્ટિકતાના ધોરણોની આકસ્મિક તપાસ કરી બાળકોને ગુણવત્તાસભર ભોજન મળી રહે તે અંગે સૂચનાઓ આપવામાં આવી હતી.

આ આકસ્મિક મુલાકાત દરમ્યાન ઝઘડીયા નાયબ કલેક્ટર, ઝઘડીયા ટીડીઓ તેમજ અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કાર્યકર્તાઓએ લીધો સંકલ્પ

# ઈડરમાં ભાજપ મંડલનો પંડિત દીનદયાળ પ્રશિક્ષણ વર્ગ સંપન્ન

**ઈડર, જાકીર મેમણ**

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે ભારતીય જનતા પાર્ટી, ઈડર શહેર મંડલ દ્વારા આયોજિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ વર્ગનું સમાપન સત્ર સફળતાપૂર્વક યોજાયું હતું. પ્રશિક્ષણ મહા અભિયાન - ૨૦૨૬ અંતર્ગત યોજાયેલા આ વિશેષ વર્ગમાં ભાજપના કાર્યકર્તાઓને સંગઠનાત્મક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ પ્રશિક્ષણ વર્ગના સમાપન સત્રમાં મુખ્ય વક્તા તરીકે જયેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં સંગઠનના કાર્યને વધુ વેગવંતું અને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. આ સાથે જ તેમણે કાર્યકર્તાઓના વ્યક્તિત્વ વિકાસ, પક્ષની વિચારધારા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સંગઠનાત્મક કાર્યપદ્ધતિ અંગે વિસ્તૃત અને રસપ્રદ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



આ પ્રસંગે વાસુદેવભાઈ રાવલ, સંગઠનના પ્રમુખ કુણાલભાઈ કંસારા, મહામંત્રી પિયુષભાઈ દવે અને કૃણાલભાઈ સગર, તેમજ વરિષ્ઠ આગેવાન કેશુભાઈ રબારી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ભારતીય જનતા યુવા મોરચા અને લઘુમતી મોરચાના તમામ કાર્યકર્તાઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### બેજવાબદાર ઉદ્યોગોએ વરસાદની આડમાં ગોરખધંધા ચાલુ કરી દીધાં

# અંકલેશ્વરમાં ચોમાસાના પ્રારંભથી જ કાંસ અને ગટરોમાં દૂષિત પાણી

**ભરૂચ, રંગુની જાકીર**

અંકલેશ્વરમાં વરસાદી ડ્રેનેજમાં કેમિકલયુક્ત પાણી અને હવામાં ઝેરી ધુમ્મસથી લોકો પરેશાન બની ઉઠ્યા છે. પ્રથમ વરસાદે જ જળ સાથે વાયુ પ્રદૂષણ પણ ફેલાયું છે. સતત બીજા દિવસે પણ જળસ્ત્રાવમાં રાસાયણિક પાણી વહેતું જોવા મળ્યું છે. જીઆઈડીસીની ડ્રેનેજમાં લાલ, લીલા અને ભૂરા રંગના પાણીના પુર જોવા મળી રહ્યા છે.

ચીમનીમાંથી નીકળતા કેમિકલયુક્ત ધુમાડાથી જમીન સ્તરે ધુમ્મસનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રથમ વરસાદ પડતાની સાથે જ અંકલેશ્વર



જીઆઈડીસીની વરસાદી ડ્રેનેજ લાઈનોમાં લાલ, લીલા અને ભૂરા રંગનું કેમિકલયુક્ત પાણી વહેતું જોવા મળ્યું છે. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરતાની સાથે જ કંપનીના ઈન્સિલેટરો અને ચીમનીમાંથી નીકળતો કેમિકલયુક્ત ધુમાડો ઉપર જવાને બદલે જમીન સ્તરે ધુમ્મસ સ્વરૂપે પથરાઈ ગયો હતો. જેના કારણે વાહનચાલકો અને સ્થાનિકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, દર વર્ષે ચોમાસાની શરૂઆતમાં જ વરસાદી ડ્રેનેજમાં આવું અસામાન્ય રંગનું પાણી જોવા મળે છે. વરસાદના પાણીના આડમાં કેમિકલયુક્ત પાણી છોડી દેવાતું હોવાની આશંકા છે. આ વરસાદી નાળાઓનું પાણી આગળ જઈને નર્મદા નદી અને અન્ય સ્થાનિક જળસ્ત્રોતોમાં ભળે છે. આ સ્થિતિ જળચર સૃષ્ટિ અને માનવ સ્વાસ્થ્ય માટે ઘાતક સાબિત થઈ શકે છે. ઘટનાના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ જાગશે કે કેમ તે મોટો સવાલ છે.

### ભરૂચ LCBએ ₹4.53 લાખનો દારૂ ઝડપ્યો

# નર્મદા ગેટ પાસે પાર્ક ઈકો કારમાંથી જથ્થો મળ્યો : ચાલક ફરાર થયો

**ભરૂચ, રંગુની જાકીર**

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ અંકલેશ્વર નજીકથી 4.53 લાખનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. નેશનલ હાઈવે-48 પર નર્મદા ગેટ હોટેલ સામે સર્વિસ રોડ પર પાર્ક કરેલી એક મારુતિ ઈકો કારમાંથી આ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ 4,53,368નો મુદ્દામાલ કબજે કર્યો છે. મહોરમ અને આગામી રથયાત્રા જેવા તહેવારોને ધ્યાનમાં રાખીને જિલ્લામાં પ્રોહિબિશન સંબંધિત ગુનાઓ સામે ભરૂચ LCB દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષય રાજના માર્ગદર્શન હેઠળ કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા વિશેષ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. આ ડ્રાઈવના ભાગરૂપે, LCB પોલીસ ઈન્સ્પેક્ટર એમ.પી. વાળાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો દ્વારા



પેટ્રોલિંગ અને વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન, LCBના પીએસઆઈ વી.પી. મલ્હોત્રાની ટીમને બાતમી મળી હતી કે GJ-15-CM-3271 નંબરની મારુતિ ઈકો કાર નર્મદા ગેટ હોટેલ સામે સર્વિસ રોડ પર શંકાસ્પદ હાલતમાં પાર્ક કરેલી છે. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા કાર બિનવારસી હાલતમાં મળી આવી હતી. કારની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરના કુલ 1,032 નંગ મળી આવ્યા હતા.

# કુતિયાણાના દેવડા ગામે LCBની મોટી કાર્યવાહી : બોલેરો પીકઅપમાંથી9.61 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

### કુતિયાણા તાલુકાના દેવડા ગામે વાડીમાં છુપાવેલો 2,484 બોટલ-બીયર ટીનનો જથ્થો કબજે, દારૂ સપ્લાય કરનાર સામે પણ ગુનો નોંધાયો

**ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ**

પોરબંદર જિલ્લા એલસીબીની ટીમે કુતિયાણા તાલુકાના દેવડા ગામે સફળ દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી અંદાજે રૂ.૯,૬૧, ૯૮૮ ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે દારૂ સપ્લાય કરનાર એક આરોપીને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા નાઓ દ્વારા વખતો વખત પોરબંદર જીલ્લામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા આપેલ સુચનાઓ અને માર્ગદર્શન અન્વયે એલ.સી. બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયા તથા એલ.સી. બી. સ્ટાફના માણસો




પેટ્રોલીંગમાં હતા દરમ્યાન દેવડા ગામ ખારાનેશમાં પહોંચતા એ એસ આઈ ઉદયભાઇ વરૂ તથા હેડ કોન્સ્ટેબલ હીમાંશુભાઇ મક્કા તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઇ ઓડેદરાને ખાનગીરાહે હકીકત મળેલ કે, ખારાનેશમાં આવેલ આંગણવાડી પાસે વાડીએ રહેતા ભરત જીવાભાઇ મોરી તથા તેના ભાઇ ધવલ જીવાભાઇ મોરીએ તેની વાડીમાં આવેલ મકાનના ફળીયામાં બોલેરો પીકઅપમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મંગાવેલ છે અને હાલ તેઓ દારૂનો જથ્થો ઉતારીને છુપાવવાની તૈયારીમાં છે.

બાતમીના આધારે પંચોની હાજરીમાં દરોડો પાડતાં વાડીમાં ઉભેલી *મહિન્દ્રા બોલેરો પીકઅપ (રજી. નં. GJ-04-AW-6987)*માંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને બીયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે સ્થળ પરથી બેગપાઈપર ડીલક્સ, ડીએસપી બ્લેક, રોયલ્સ સ્પેશિયલ, રોયલ સ્ટેગ તથા બુડવાઈઝર બીયર સહિત કુલ ૭૫ બોક્સમાં ૨૪૮૪ બોટલ અને બીયર ટીન, આશરે રૂ.૪,૬૧,૯૮૮ કિંમતનો દારૂ તથા રૂ .૫ લાખની બોલેરો પીકઅપ મળી કુલ રૂ.૯,૬૧,૯૯૮નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## મહુવાના તલગાજરડામાં ભારે વરસાદથી જળબંબોળ: મોરારીબાપુના આશ્રમ નજીક ભરાયા પાણી

**ભાવનગર**

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ વગાડી છે. મહુવાના પ્રખ્યાત તલગાજરડા ગામમાં ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન ખૂબ જ પ્રભાવિત થયું છે.

ઉપરવાસમાં ટૂંકા સમયમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબકવાને કારણે ગામમાં ચારેય તરફ વરસાદી પાણી ઘૂસી ગયા છે. જેને લીધે ગામના નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે.

આ ભારે વરસાદને કારણે સુપ્રસિદ્ધ રામાયણી કથાકાર પૂજ્ય મોરારીબાપુના ચિત્રકૂટ આશ્રમની આસપાસના વિસ્તારોમાં પણ પાણી ભરાવાની ગંભીર સ્થિતિ જોવા મળી હતી. આશ્રમ નજીક મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જતાં સ્થાનિક તંત્ર તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું અને રસ્તા પર ભરાયેલા પૂરના પાણીનો જેસીબી (JCB) મશીનની મદદથી ઝડપથી નિકાલ કરવામાં આવ્યો હતો, જેથી વાહનવ્યવહાર ફરી પૂર્વવત થઈ શક્યો હતો.

# પ્રદૂષણ માફિયાઓનું મોટું કૌભાંડ ખુલ્લું પડતાં GPCB દોડતું થયું : દહેજનો ઝેરી કચરો અંકલેશ્વરમાં

**ભરૂચ, રંગુની જાકીર**

ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક પંથકમાં પ્રદૂષણ માફિયાઓ ફરી એકવાર બેફામ બન્યા છે. દહેજ SEZ-2 વિસ્તારમાં આવેલી રોહા ડાયકેમ પ્રાઈવેટ લિમિટેડ (Roha Dyechem Pvt. Ltd.) કંપનીમાંથી કેમિકલયુક્ત અને કન્ટામિનેટેડ પ્લાસ્ટિક વેસ્ટનો મોટો જથ્થો નિયમોનું ઉલ્લંઘન કરીને અંકલેશ્વરના નોબલ માર્કેટ વિસ્તારમાં આવેલા એક ગોડાઉનમાં ઠાલવી દેવામાં આવ્યો હોવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. આ કૌભાંડની ગંભીર ફરિયાદ ઉઠ્યા બાદ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની ઊંઘ ઊડી ગઈ છે અને અધિકારીઓએ તાબડતોબ સ્થળ પર પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રકૃતિ સુરક્ષા મંડળ દ્વારા આ સમગ્ર કાળા કારોબારનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. નિયમ મુજબ દહેજ અને તેની આસપાસની ઔદ્યોગિક વસાહતોમાંથી નીકળતો આવો જોખમી અને ઝેરી પ્લાસ્ટિક વેસ્ટ અધિકૃત ટ્રીટમેન્ટ સુવિધા (TSDF) કે કો-પ્રોસેસિંગ માટે જ મોકલવાનો



હોય છે. પરંતુ કાયદાને ઘોળીને પી ગયેલી કંપનીઓ અને વચેટીયાઓ આ ઝેરી કચરો ભંગારના ગોડાઉનોમાં પહોંચાડી રહ્યા છે. આ ગોડાઉનોમાં કોઈ પણ જાતની પરવાનગી વગર આ ઝેરી પ્લાસ્ટિકને ધોવામાં આવે છે અને તેમાંથી નીકળતું કેમિકલયુક્ત ઝેરી પાણી સીધેસીધું નજીકની ખાડીઓમાં વહાવી દઈ જળ પ્રદૂષણ ફેલાવવામાં આવે છે. એટલું જ નહીં, ઘણી જગ્યાએ આ પ્લાસ્ટિકને ખુલ્લામાં સળગાવીને હવામાં ઝેર ઘોળવામાં આવી રહ્યું હોવાના પણ ગંભીર આક્ષેપો થયા છે. આ આખા ખેલમાં સરકારી કાગળો સાથે પણ મોટી રમત રમાઈ હોવાનું બહાર આવ્યું છે. પરિવહન માટે જે દસ્તાવેજો (મેનિફેસ્ટ) બનાવવામાં આવ્યા હતા, તેમાં માલ કોઈ કાયદેસરના રિસાયકલિંગ પ્લાન્ટમાં જતો હોવાનું દર્શાવીને આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ કરાયો હતો. ખોટા દસ્તાવેજોના આધારે આ ગેરકાયદેસર હેરાફેરી થઈ હોવાથી આની પાછળ કોઈ મોટું નેટવર્ક કામ કરતું હોવાની આશંકા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ આમલાખાડીને ગુલાબી અને ઝેરી બનાવવા પાછળ પણ આ જ નોબલ માર્કેટ વિસ્તારના ગોડાઉનો જવાબદાર હોવાનું સામે આવ્યું હતું અને ત્યારે GPCB એ કાર્યવાહી કરી હતી. છતાં પ્રદૂષણ માફિયાઓ સુધરવાનું નામ નથી લઈ રહ્યા, જે જીપીસીબીની અગાઉની લપડાક જેવી કાર્યવાહી સામે પણ સવાલો ઊભા કરે છે. પ્રકૃતિ સુરક્ષા મંડળના પ્રતિનિધિ હરેશભાઈએ ચોક્કસ બાતમીના આધારે આ આખા કૌભાંડને રંગેહાથ પકડી પાડીને GPCB ને પુરાવા સાથે લેખિત ફરિયાદ ઠપકારી છે.



### એક ઈન્ટરવ્યૂમાં કૃતિએ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓ સાથે થતા જન્ડર બાયઝ પર દિલ ખોલીને વાત કરી

# ઈન્ડસ્ટ્રીમાં એક્ટ્રેસને હળવાશથી લેવામાં આવે છે અને એક્ટરને 'ઈન્વોલ્ડ': ક્રિતિ


મુંબઇ

મુંબઈ: ફિલ્મ 'કોકટેલ-2'માં એકથી એક બોલ્ડ સીન આપીને ચર્ચામાં રહેલી કૃતિ સેનન ફરી એકવાર પોતાના નિવેદનને લઈને ચર્ચામાં છે.થોડા સમય પહેલા પોતાના બોયફ્રેડ અંગે સ્પષ્ટતા કર્યા બાદ હવે બોલિવૂડમાં એક્ટ્રેસને આપવામાં આવતા મહત્ત્વ અને સ્ક્રિન ટાઈમ અંગે વાત કહી છે. આ વિષય પર થોડા સમય પહેલા રવીના ટંડને પણ કહ્યું હતું કે, બોલિવૂડમાં એક્ટ્રેસને પણ પૂરતો ચાન્સ આપવામાં આવે તો એ સારૂ કરી શકે છે. તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં કૃતિએ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓ સાથે થતા જન્ડર બાયઝ પર દિલ ખોલીને વાત કરી હતી. મહિલાઓને સીધા સેટ પર બોલાવે છે. સ્ક્રિન પર પોતાના અલગ અંદાજ અને એક્સપ્રેશનને કારણે જાણીતી થયેલી કૃતિએ મહિલાઓને મળતા કામ પર દિલ ખોલીને વાત કરી છે. બોલિવૂડમાં મળનારા કામ અને ફિલ્મ પ્રોજેક્ટને લઈને તેણે મહત્ત્વની વાત કરી હતી. એક્ટ્રેસે ઉલ્લેખ કર્યો કે બોલિવૂડમાં મહિલા કલાકારોને ઘણીવાર તેમના પુરુષ સમકક્ષો કરતા અલગ રીતે ગણવામાં આવે છે. કૃતિએ ફિલ્મ ઉદ્યોગમાં કામ કરવાના સંઘર્ષો વિશે વાત કરી, એવું પણ નોંધ્યું કે સહાયક દિગ્દર્શકો ઘણીવાર મેલ એક્ટર દ્વારા જે તે મુદ્દા પર ડરાવવામાં આવે છે, જ્યારે એક્ટ્રેસને ઘણીવાર હળવાશથી પણ લેવામાં આવે છે.એ ઘણી વાર, વાત નાની નાની બાબતો પર આધારિત હોય છે. જેમ કે એક્ટરને ફાળવવામાં આવેલી કાર કે રૂમ, મારો મતલબ છે કે , મને નાનો રૂમ કે અલગ કાર મળે તેનાથી મને કોઈ ફરક પડતો નથી. તેનાથી મને કોઈ ઓછી મહત્વની લાગણી થતી નથી. આસિસ્ટન્ટ ડિરેક્ટર્સને પણ પહેલા મહિલાઓને સેટ પર બોલાવવાની આદત હોય છે. તેઓને ખ્યાલ નથી હોતો કે તેઓ મેલ એક્ટર થોડા અંદરથી વધુ ડરે છે અને ક્યારેક સ્ત્રી કલાકારોને હળવાશથી લે છે.' કૃતિ તાજેતરમાં ફિલ્મ 'કોકટેલ 2' માં જોવા મળી હતી. શાહિદ કપૂર અને રશ્મિકા મંદાના તેની સાથે મુખ્ય ભૂમિકામાં છે. હોમી અડાજાનિયા દ્વારા દિગ્દર્શિત આ રોમેન્ટિક કોમેડીને દર્શકો અને વિવેચકો બંને તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. બોલીવુડ હંગામા અનુસાર, આ ફિલ્મે વિશ્વભરમાં આશરે 137 કરોડની કમાણી કરી છે. આ પછી પણ કૃતિ પાસે કેટલાક પ્રોજેક્ટ છે. હાલમાં એ અંગે કોઈ જાણકારી આપી નથી. બની શકે છે કે, આવનારા દિવસોમાં તે વધુ એકવાર મોટા બજેટની ફિલ્મમાં જોવા મળે. આ પહેલા તેમે ક્રૂ નામની ફિલ્મ કરી હતી. જેમાં તે કરીના સાથે જોવા મળી હતી.

**જ્યારે કોઇ એક્ટરનો મુદ્દો હોય તેને ઘણો ઈન્વોલ્ડ ગણવામાં આવે છે. આવું મારી સાથે પણ થયેલું છે.**

# હું છોકરીઓ સાથે રિલેશનશીપમાં રહી છું: આકાંક્ષા ચમોલા

### લૉક અપ સીઝન 2 ના એક એપિસોડ દરમિયાન આકાંક્ષાએ કહ્યું, "હું લગ્ન પહેલાં બાયસેક્સ્યુઅલ હતી



મુંબઇ

એક્ટ્રેસ આકાંક્ષા ચમોલાએ તાજેતરમાં એક શોમાં જણાવ્યું કે ગૌરવ ખન્ના સાથે લગ્ન પહેલાં તે બાયસેક્સ્યુઅલ હતી.

લૉક અપ સીઝન 2 ના એક એપિસોડ દરમિયાન આકાંક્ષાએ કહ્યું, 'હું લગ્ન પહેલાં બાયસેક્સ્યુઅલ હતી. મારા કેટલાક છોકરીઓ સાથે સંબંધો રહ્યા છે. ખૂબ વધારે ઈન્ટિમેટ સંબંધો નથી રહ્યા, પરંતુ હું કેટલીક છોકરીઓ સાથે રિલેશનશીપમાં રહી છું અને બસ એ જ છે. મતલબ મને છોકરીઓ ગમે છે. હું તેને એડમાયર કરું છું, હું તેની તરફ આકર્ષિત થાઉં છું અને મને લાગે છે કે આ જ મારી સેફ સ્પેસ છે.' આકાંક્ષાના બાયસેક્સ્યુઅલ હોવાના નિવેદન પછી, સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ તેને માત્ર પબ્લિસિટી મેળવવાનો એક રસ્તો ગણાવ્યો. એક યુઝરે લખ્યું, 'આ બધું ફક્ત પબ્લિસિટી માટે બોલવામાં આવ્યું છે.' બીજા યુઝરે કહ્યું, 'રિયાલિટી શોનો એક જ ફોર્મ્યુલા છે, લોકોને ચોંકાવો, ટ્રેન્ડમાં આવો અને પછી તે જ પુનરાવર્તન કરો.' તાજેતરમાં લોક અપ શો દરમિયાન આકાંક્ષાએ તેના પતિ ગૌરવ ખન્નાથી અલગ થવાની જાહેરાત કરી હતી. તેના સહ-સ્પર્ધકો શ્રેયા કાલરા અને સૂફી મોતીવાલા સાથેની વાતચીતમાં તેણે તેનું કારણ જણાવ્યું હતું. આકાંક્ષાએ જણાવ્યું હતું કે લગ્ન પછી પણ તેને ક્યારેય બાળકો પ્રત્યે 'માતૃત્વની વૃત્તિ' જાગી ન હતી. તેણે શરૂઆતમાં તેને સમજવાનો પ્રયાસ કર્યો, પરંતુ પછી તેને અહેસાસ થયો કે તે આ માટે બની નથી. આકાંક્ષાના મતે, ગૌરવ પહેલા આ વાત સાથે સહમત હતો, પરંતુ સમય જતાં તેની વિચારસરણી બદલાઈ ગઈ અને હવે તેને બાળકો જોઈએ છે, જ્યારે આકાંક્ષા બાળકો નથી ઈચ્છતી. ગઈકાલે ગૌરવ ખન્નાએ તેની પત્ની આકાંક્ષા ચમોલાથી છૂટાછેડા અંગે પહેલીવાર નિવેદન આપ્યું. 'લાફ્ટર શેફ્સ'ના સેટની બહાર મીડિયા સાથે વાત કરતા ગૌરવે કહ્યું કે, તે આકાંક્ષાને હંમેશા સપોર્ટ કરશે કારણ કે તે તેની પત્ની છે. ગૌરવે આકાંક્ષાને તેના નવા શો માટે શુભેચ્છાઓ પણ પાઠવી છે.

# આલિયા ભટ્ટની 'અલ્ફા' એ બીજા દિવસે બોક્સ ઓફિસ પર પકડી રફતાર

### ફિલ્મમેકર કરણ જોહર અને એક્ટ્રેસ કરીના કપૂર ખાને પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને 'અલ્ફા' અને આલિયા-શારવરીના એક્શન અવતારના ભરપેટ વખાણ કર્યા

મુંબઇ

બોલિવુડ એક્ટ્રેસ આલિયા ભટ્ટ (Alia Bhatt) અને શરવરી વાઘ (Sharvari Wagh) ની મોસ્ટ અવેટેડ સ્પાઈ-થ્રિલર ફિલ્મ 'અલ્ફા' (Alpha) સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે. યશરાજ ફિલ્મ્સ (YRF) ના 'સ્પાય યુનિવર્સ' (Spy Universe) ની આ પ્રથમ મહિલા લીડ રોલ વાળી ફિલ્મ 3 જુલાઈના રોજ રિલીઝ થઈ હતી. દર્શકો અને ક્રિટિક્સ તરફથી મળેલી મિશ્ર પ્રતિક્રિયાઓ છતાં, ફિલ્મે બોક્સ ઓફિસ પર સારી શરૂઆત કરી છે અને બીજા દિવસે એટલે કે પહેલા શનિવારે તેની કમાણીમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. બીજા દિવસે કમાણીમાં 2 કરોડનો વધારો 'અલ્ફા' એ ભારતમાં ઓપનિંગ ડે પર 9.25 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું હતું. જ્યારે બીજા દિવસે (શનિવારે) ફિલ્મે શાનદાર રફતાર પકડતા 11.25 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આમ, પહેલા દિવસની સરખામણીએ બીજા દિવસે કલેક્શનમાં 2 કરોડ રૂપિયાનો વધારો નોંધાયો છે. આ સાથે જ ફિલ્મનું કુલ સ્થાનિક બોક્સ ઓફિસ કલેક્શન 20.50 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. બીજી તરફ, ગ્લોબલ લેવલે પણ ફિલ્મ સારું પ્રદર્શન કરી રહી છે અને બે દિવસમાં વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન 37 કરોડને પાર થઈ ગયું છે. 'આલ્ફા'ને શરૂઆતમાં નકારાત્મક પ્રતિક્રિયાઓ મળી હતી શરૂઆતમાં ટ્રેલર લોન્ચ થયા બાદ સોશિયલ મીડિયા પર મળેલી નકારાત્મક પ્રતિક્રિયાઓ છતાં 'અલ્ફા' એ બોક્સ ઓફિસ પર એક મહત્વપૂર્ણ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ઓપનિંગ ડે પર 9.25 કરોડથી વધુની કમાણી સાથે આ ફિલ્મ આલિયા ભટ્ટના કરિયરની 10મી સૌથી મોટી ઓપનર સાબિત થઈ છે. તેણે આલિયાની જ ફિલ્મ 'હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા' (9.02 કરોડ) નો રેકોર્ડ તોડીને ટોપ-10 માં સ્થાન મેળવ્યું છે. બોબી દેઓલ વિલન અને હૃતિક રોશનનો ધમાકેદાર કેમિયો YRF સ્પાય યુનિવર્સની આ ફિલ્મમાં આલિયા ભટ્ટ અને શરવરી વાઘ પ્રથમ વખત સાથે એક્શન મોડમાં જોવા મળી રહી છે. આ ફિલ્મમાં અનિલ કપૂર અને બોબી દેઓલ પણ મહત્વની ભૂમિકામાં છે, જેમાં બોબી દેઓલે ખતરનાક વિલનનું પાત્ર ભજવ્યું છે. આ ઉપરાંત, ફિલ્મનું સૌથી મોટું સરપ્રાઈઝ 'વોર' (War) ફિલ્મના કબીર એટલે કે હૃતિક રોશન (Hrithik Roshan) નો કેમિયો છે.






# 'આર્યભટ્ટ કા ઝીરો'માં હિમાંશ કોહલીનો નવો અવતાર

### પિતા-પુત્રના સંઘર્ષ અને સપનાની ઉડાનની વાર્તા, 'યારિયાં ' એક્ટરે ફિલ્મની રસપ્રદ વાતો શેર કરી

મુંબઇ

'યારિયાં', 'સ્ટુડન્ટ ઑફ ધ યર 2' સહિતની ફિલ્મોમાં લીડ રોલ કરી ચૂકેલા હિમાંશ કોહલીની નવી ફિલ્મ 'આર્યભટ્ટ કા ઝીરો' ટૂંક સમયમાં રિલીઝ થવાની. આ ફિલ્મ સાથે જોડાવાથી લઈને તેના મેકિંગ વગેરે પર તેની સાથે થયેલી ખાસ વાતચીત... હિમાંશ કહે છે... ''આર્યભટ્ટ કા ઝીરો' દેહરાદૂનના એક મહોલ્લાની વાર્તા છે. તેમાં મારું પાત્ર બ્રહ્મગુપ્ત શ્રીવાસ્તવ ઉર્ફે બગ્ગુ છે, જેને તેના પિતા હંમેશા 'ઝીરો' માને છે. પિતા ઈચ્છે છે કે દીકરો તેમના જીવતા કંઈક બની જાય, જ્યારે બગ્ગુ પોતાની સપનાની દુનિયા વસાવવા માંગે છે. આ પિતા-પુત્રના સંઘર્ષની વાર્તાની સાથે દરેક એ યુવાનની પણ વાર્તા છે જે પોતાના સપના પૂરા કરવા માટે સંઘર્ષ કરે છે.' ફિલ્મમાં મારા જીવનની ઝલક પણ છે, તારિક મોહમ્મદે લખી છે વાર્તા હિમાંશ જણાવે છે... 'હું આ ફિલ્મ સાથે શરૂઆતથી જ જોડાયેલો રહ્યો છું. જ્યારે લેખક તારિક મોહમ્મદ વાર્તા લખી રહ્યા હતા, ત્યારે અમે અમારા જીવનના અનુભવો શેર કરી રહ્યા હતા. હું તેમને કહી રહ્યો હતો કે, ઘણી વાર પોતાના સપનાને લઈને સૌથી પહેલા ઘરના સભ્યોને જ સમજાવવા પડે છે. મારા જીવનમાં પણ આવો સમય આવ્યો છે. ફિલ્મના ઘણા ભાગો, ખાસ કરીને પ્રી-ક્લાઈમેક્સ, મારા અંગત જીવન સાથે મેળ ખાય છે. માત્ર મને જ નહીં, આખી ટીમને લાગ્યું કે વાર્તામાં ક્યાંક ને ક્યાંક તેમનું પણ જીવન દેખાય છે.' હિમાંશ કહે છે, 'આ માત્ર એક છોકરાની વાર્તા નથી, આખા મોહલ્લાની વાર્તા છે. ફિલ્મમાં સોનાલી સહગલ, રવિ કિશન, નીરજ સૂદ, અલ્કા અમીન, રાજેશ શર્મા, દર્શના બાનિક, ગોપાલ દત્ત અને શિલ્પા શિંદે જેવા કલાકારો છે. દરેક પાત્ર બગ્ગુના જીવનમાં કોઈને કોઈ વળાંક પર આવે છે અને તેની વિચારસરણી કે સફરને પ્રભાવિત કરે છે.' દેહરાદૂન માત્ર લોકેશન નથી, ફિલ્મનું એક મહત્વપૂર્ણ પાત્ર પણ છે હિમાંશના કહેવા મુજબ... 'ફિલ્મનું શૂટિંગ દેહરાદૂન, દિલ્હી અને મુંબઈમાં થયું હતું, પરંતુ સૌથી વધુ સમય દેહરાદૂનમાં વિતાવ્યો. લગભગ 65 દિવસ ત્યાં શૂટ કર્યું.

# આમિર ખાને 60 વર્ષની ઉંમરે શરૂ કર્યો ત્રીજો સંસાર, ગૌરી સાથે કોર્ટ મેરેજ કરીને નવી ફેમિલી ઈનિંગ્સ શરૂ કરી

મુંબઇ

બોલિવૂડના સુપરસ્ટાર આમિર ખાન ત્રીજા લગ્ન કર્યા છે. મુંબઈમાં પોતાના ઘરે પોતાના પરિવારજનોની હાજરીમાં કોર્ટ મેરેજ કર્યા છે. એક બૂકમાં સાઈન કરતા હોય એવી તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ પ્રસંગે ખાસ મહેમાનોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. દર વખતની જેમ આ વખતે પણ આમિરે સાદગીથી લગ્ન કર્યા છે. મુંબઈના બાંદ્રામાં આવેલા પોતાના ઘરે ત્રીજા લગ્ન કર્યા છે. પોતાની એક સમયની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે કોર્ટ મેરેજ કર્યા છા.આ પ્રસંગે ફિલ્મજગતની જાણીતી હસ્તી અને કેટલાક કદાવર રાજનેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



શનિવારે ભારે વરસાદના માહોલમાં પણ એમના ઘરને સુંદરી રીતે ડેકોરેટ કરવામાં આવ્યું હતું. સાંજના સમયે મસ્ત રોશની કરવામાં આવી હતી. 60 વર્ષની ઉંમરે આમિરે આ ત્રીજા લગ્ન કર્યા છે. પહેલા લગ્નથી બે સંતાનો

આમિરના પહેલા લગ્ન વર્ષ 1986માં રીના દત્તા સાથે થયા હતા. 16 વર્ષ સુધી એમની સાથે સંસાર માણ્યા બાદ વર્ષ 2002માં છૂટા થઈ ગયા હતા. આ લગ્નથી આમિરના બે સંતાનો થયા. જુનૈદ અને આયરા. જુનૈદ હાલ ફિલ્મ ક્ષેત્રે એક્ટિવ છે. જ્યારા આયરા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએંસર છે. થોડા સમય પહેલા તેણે પણ નૂપુર શિખરે સાથે લગ્ન કર્યા હતા. વર્ષ 2005માં આમિરે બીજા લગ્ન કિરણ રાવ સાથે કર્યા હતા. 15 વર્ષ સુધી કિરણ સાથે એનો સંસાર ચાલ્યો, વર્ષ 2021માં બન્ને એકબીજાની સહમતીથી છૂટા થઈ ગયા અને હવે આમિરે ત્રીજા લગ્ન કર્યા છે. કિરણ સાથે લગ્ન બાદ આઝાદ જન્મ થયો હતો. સૌથી મોટી અને ખાસવાત એ છે કે, બંન્ને એક્સ વાઈફ વચ્ચે ખૂબ સારૂ એવું ટ્યુનિંગ હજું સુધી કાયમ છે. બન્ને ઘણીવાર કોઈ ઈવેન્ટમાં સાથે જોવા મળે છે. ત્રીજા લગ્નમાં આમિરને ત્યાં ખાસ કોઈ સેલેબ્સનો જમાવડો ન હતો પણ દીકરી અને જમાઈ અવશ્ય આવ્યા હતા. દીકરો જુનૈદ પણ પિતાના લગ્નમાં પહોંચ્યો હતો. આ લગ્ન પ્રસંગે આમિર ખાનની દીકરી આયરા પણ ઉત્સાહ સાથે આવી હતી. આ ઉપરાંત ક્રિકેટર ઈરફાન પઠાણ પણ જોડાયા હતા. MNS પ્રમુખ રાજ ઠાકરે પણ આ લગ્નમાં જોડાયા હતા. જાણીતા એક્ટર અમીન હાજી પણ જોવા મળ્યા હતા. છેલ્લા કેટલાક સમથી ગૌરી અને આમિર ઘણીવાર એકસાથે જોવા મળ્યા હતા. બન્નેની રિલેશનશીપને લઈને પણ જોરશોરથી ચર્ચા શરૂ થઈ હતી. એ પછી આમિરે ખુદ ગર્લફ્રેન્ડ સાથે પોતાની રિલેશનશીપને લઈને વાત જાહેર કરી હતી. ગૌરી એક બિઝનેસ વુમન છે. આમિરના આ લગ્નના ફોટો પણ સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહ્યા છે. વર્કફ્રન્ટની વાત કરવામાં આવે તો આમિર આગામી દિવસમાં કોઈ બિગ બજેટ ફિલ્મમાં જોવા મળી શકે છે.

પાક્કો ગુજરાત
સોમવાર I 06 જુલાઈ 2026 I અમદાવાદ

### અર્શદીપ સિંહે 3 વિકેટ ઝડપી, પણ ઇંગ્લૅન્ડ 19મી ઓવરમાં લક્ષ્ય પાર કરી ગયું

# શ્રેયસની કૅપ્ટનશિપમાં ભારતની હારનો સિલસિલો યથાવત્, ઇંગ્લૅન્ડની 4 વિકેટે જીત

માન્ચેસ્ટર

ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે પાંચ મેચોની ટી20 શ્રેણીનો આજે (4 જુલાઈ) બીજો મુકાબલો માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફર્ડમાં રમાયો, જેમાં ભારતે પ્રથમ બેટિંગ કરતાં ઇંગ્લૅન્ડને 191 રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેને ઇંગ્લૅન્ડે 19મી ઓવરમાં સરળતાથી હાંસલ કરી 4 વિકેટે મેચ જીતી લીધી. મહત્ત્વનું છે કે પહેલો મુકાબલો વરસાદને કારણે રદ રહ્યો હતો, હવે ત્રીજો મુકાબલો 7 જુલાઈએ રમાશે. ઇંગ્લૅન્ડની શરૂઆત ખૂબ જ નબળી રહી હતી, જ્યાં ઓપનર ફિલિપ સોલ્ટ (0) અને કૅપ્ટન જોસ બટલર (0) બંને અર્શદીપ સિંહનો શિકાર બની સસ્તામાં પેવેલિયન ભેગા થયા હતા. જો કે, મધ્યક્રમમાં જેકોબ બેથેલે શાનદાર ઈનિંગ રમીને ઇંગ્લૅન્ડની બાજી સંભાળી હતી. બેથેલે માત્ર 46 બોલમાં અણનમ 76 રન ફટકાર્યા હતા, જ્યારે હેરી બ્રૂક (15 બોલમાં 39 રન) અને ટોમ બેન્ટન



(32 બોલમાં 39 રન) તરફથી સારો સાથ મળ્યો હતો. ભારત તરફથી અર્શદીપ સિંહે 3 વિકેટ ઝડપી હતી, જ્યારે વરુણ ચક્રવર્તી, અક્ષર પટેલ અને હર્ષિત રાણાને 1-1 વિકેટ મળી. ભારતની ઈનિંગ ભારતે પાવરપ્લેમાં સારી શરૂઆત કરતાં 1 વિકેટે 65 રન બનાવ્યા હતા અને 15 ઓવરમાં સ્કોર 144 રન સુધી પહોંચાડી દીધો હતો. જો કે, અંતિમ ઓવરોમાં રનની ગતિ ધીમી પડી હતી અને 16મીથી 18મી ઓવર વચ્ચે માત્ર 18 રન જ આવ્યા હતા, પરંતુ છેલ્લી ઓવરમાં ભારતીય બેટ્સમેનોએ 17 રન ફટકારીને 20 ઓવરમાં 7 વિકેટે 190 રનનો સ્કોર બોર્ડ પર મૂક્યો હતો. ભારત તરફથી ઈશાન કિશને સૌથી વધુ 49 રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે કૅપ્ટન શ્રેયસ અય્યરે 37 રન અને ઓપનર અભિષેક શર્માએ 43 રનની ઉપયોગી ઈનિંગ્સ રમી હતી. અંતમાં તિલક વર્માએ 11 બોલમાં અણનમ 24 રન બનાવીને સ્કોરને 190 સુધી પહોંચાડ્યો હતો. આ મેચમાં માત્ર 15 વર્ષ અને 99 દિવસની ઉંમરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કરીને વૈભવ સૂર્યવંશીએ ઈતિહાસ રચી દીધો છે. તે ભારત તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરનાર સૌથી યુવા ખેલાડી બની ગયો છે, સાથે જ ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં સિક્સર મારનાર સૌથી નાની ઉંમરનો ભારતીય પણ બન્યો છે. જો કે, તે મોટી ઈનિંગ રમવામાં નિષ્ફળ રહ્યો હતો અને 10 બોલમાં 2 સિક્સરની મદદથી 14 રન બનાવી આઉટ થયો હતો. ઇંગ્લૅન્ડ તરફથી બોલિંગમાં સેમ કરને શાનદાર પ્રદર્શન કરતા 4 ઓવરમાં 33 રન આપીને સૌથી વધુ 3 વિકેટ ઝડપી હતી, જ્યારે જોફ્રા આર્ચર, વિલ જેક્સ (જેણે વૈભવને આઉટ કર્યો) અને લિયામ ડોસનને એક-એક સફળતા મળી હતી. ભારત માટે અર્શદીપ સિંહે અંતિમ ઓવરમાં 10 રન આપ્યા અને પોતાના સ્પેલમાં 3 વિકેટ લીધી, પરંતુ ટીમને જીત અપાવી શક્યા નહીં. મેચમાં રવિ બિશ્નોઈની 17મી ઓવર ભારતને ભારે પડી. આમાં 29 રન આવ્યા. બિશ્નોઈએ પોતાના સ્પેલમાં ત્રણ બેકફુટ નો-બોલ પણ ફેંક્યા.

## કેપ્ટન અય્યરે જણાવ્યું ટર્નિંગ પોઈન્ટ

ઈન્ડિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે મેન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ મેદાન પર રમાયેલી બીજી T20 મેચમાં ભારતને 4 વિકેટે કારમી હારનો સામનો કરવો પડ્યો છે. 15 ઓવર સુધી મેચ સંપૂર્ણપણે ભારતના પક્ષમાં હતી, પરંતુ 17મી ઓવરમાં સ્પિનર રવિ બિશ્નોઈએ 29 રન લૂંટાવી દેતાં જીતેલી મેચ ભારતની પકડમાંથી નીકળી ગઈ હતી. કેપ્ટન શ્રેયસ અય્યરે પણ મેચ બાદ આ ઓવરને જ ટર્નિંગ પોઈન્ટ ગણાવી હતી. અય્યરની કપ્તાની હેઠળ 4 મેચોમાં ભારતની આ ત્રીજી હાર છે, જ્યારે એક મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી. મેચના સમીકરણની વાત કરીએ તો, 15 ઓવર સુધી ઈંગ્લેન્ડનો સ્કોર 4 વિકેટે 132 રન હતો અને તેમને છેલ્લી 5 ઓવરમાં જીતવા માટે 59 રનની જરૂર હતી. 16મી ઓવરમાં વરુણ ચક્રવર્તીએ વિલ જેક્સની મહત્વની વિકેટ લઈને માત્ર 10 રન આપ્યા અને ઈંગ્લેન્ડને બેકફૂટ પર ધકેલી દીધું હતું. હવે ભારતને છેલ્લી 24 બોલમાં 49 રન બચાવવાના હતા અને રન રેટ 12થી ઉપરનો હતો. આ સમયે કેપ્ટન શ્રેયસ અય્યરે બોલ રવિ બિશ્નોઈના હાથમાં સોંપ્યો હતો. રવિ બિશ્નોઈએ 17મી ઓવરની શરૂઆત જ નો-બોલથી કરી હતી, જેની ફ્રી-હિટનો ફાયદો ઉઠાવીને ઈંગ્લેન્ડના જેકબ બેથલે લોંગ ઓન પર શાનદાર સિક્સર ફટકારી દીધી. પ્રથમ બોલ પર જ બિશ્નોઈએ 8 રન આપ્યા. ત્યારબાદ બીજા બોલ પર પણ બિશ્નોઈએ ફરી નો-બોલ ફેંક્યો અને બેથલે ફરી ફ્રી-હિટ પર સીધો છગ્ગો માર્યો. આમ શરૂઆતના બે જ બોલમાં 15 રન આવી જતાં જે ભારતને 24 બોલમાં 49 રન બચાવવાના હતા, તે સમીકરણ બદલાઈને 22 બોલમાં માત્ર ૩૪ રન થઈ ગયું. જેકબ બેથલ અહીં જ ન અટક્યો, તેણે આ ઓવરના ચોથા બોલે ચોગ્ગો અને પાંચમા બોલે વધુ એક સિક્સર ફટકારીને ઓવરમાં કુલ 29 રન ખંખેરી લીધા. આ સાથે જ રવિ બિશ્નોઈ T20I ક્રિકેટમાં એક જ ઓવરમાં સૌથી વધુ રન આપનારો ત્રીજો ભારતીય બોલર બન્યો છે. આ યાદીમાં શિવમ દુબે (34 રન) પ્રથમ અને સ્ટુઅર્ટ બિન્ની (32 રન) બીજા ક્રમે છે.

### એમબાપ્પેએ ગોલ કરી ફ્રાન્સને જીત અપાવી

## FIFA વર્લ્ડ કપમાં ડ્રામા, એમ્બાપ્પેએ હાથ ન મિલાવતા ગોલકીપર ભડક્યો

મેક્સિકો સિટી

રવિવારે ફ્રાન્સે પરાગ્વેને 1-0 થી હરાવીને ક્વાર્ટર ફાઈનલની ટિકિટ તો મેળવી લીધી, પરંતુ આ મુકાબલાની સૌથી મોટી ચર્ચા ફ્રાન્સના સ્ટાર કિલિયન એમબાપ્પે અને પરાગ્વેના ખેલાડીઓ વચ્ચેનો હાઈ-વોલ્ટેજ ડ્રામા અને ઉગ્ર વિવાદ રહ્યો છે. મેદાન પર 38 ડિગ્રી સેલ્સિયસની કાળઝાળ ગરમી વચ્ચે શરૂ થયેલો આ તણાવ મેચની અંતિમ વ્હીસલ વાગ્યા બાદ પણ શાંત થયો નહોતો. મેચ પૂરો થતાં જ પરાગ્વેના ગોલકીપર ઓર્લેન્ડો ગિલે ખેલદિલી બતાવીને કિલિયન એમબાપ્પે તરફ હાથ મિલાવવા માટે ડગલાં માંડ્યા હતા. જોકે, ફ્રાન્સના કેપ્ટન એમબાપ્પેએ અહંકાર બતાવી કોઈ પણ



પ્રતિક્રિયા આપ્યા વિના આગળ વધી ગયો હતો. આ વર્તનથી ગુસ્સે ભરાયેલા ગોલકીપર ગિલે હાથમાં રહેલો ફૂટબોલ સીધો એમબાપ્પેની પીઠ પાછળ જોરથી માર્યો હતો. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ છે અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. મેદાન પર થઈ ધક્કા-મુક્કી અને સ્પેનિશમાં સ્લેજિંગ

ફિલાડેલ્ફિયા સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં પરાગ્વેની ટીમે એમબાપ્પેને રોકવા માટે શરૂઆતથી જ અતિ આક્રમક અને રફ રમત અપનાવી હતી. એન્ડ્રેસ ક્યુબાસ અને માટિયાસ ગલાર્જાના ખતરનાક ટેકલ બાદ બંને ટીમના ખેલાડીઓ આમને-સામને આવી ગયા હતા અને મેદાન પર જ ધક્કા-મુક્કી થઈ હતી. અહેવાલો અનુસાર, એમબાપ્પે પણ આખો મેચ માનસિક દબાણ હટાવવા માટે પરાગ્વેના ખેલાડીઓને સ્પેનિશ ભાષામાં વળતો જવાબ (સ્લેજિંગ) આપતો રહ્યો હતો. આખરે 70મી મિનિટે મળેલી પેનલ્ટીને ગોલમાં ફેરવી એમબાપ્પેએ ફ્રાન્સને જીત અપાવી હતી.

# અક્ષર પટેલે ટી20 મેચમાં 100 વિકેટ પૂરી કરીને ઇતિહાસ રચ્યો

### અક્ષર આ સિદ્ધિ મેળવનાર ભારતનો ચોથો બોલર અને સૌપ્રથમ સ્પિનર બન્યો

મુંબઇ

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર અક્ષર પટેલે શનિવારે ઇંગ્લેન્ડ સામેની બીજી ટી20 મેચમાં એક વિશિષ્ટ અને ઐતિહાસિક સિદ્ધિ પોતાના નામે કરી લીધી છે. મેન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફર્ડ મેદાન પર રમાયેલી આ મેચમાં અક્ષર પટેલે ઇંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂકને આઉટ કરીને ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની 100 વિકેટ પૂરી કરી લીધી છે. આ સાથે જ 32 વર્ષીય અક્ષર પટેલ ભારત તરફથી ટી20 ઈન્ટરનેશનલમાં 100 વિકેટનો આંકડો સ્પર્શનારો ચોથો બોલર અને દેશનો સૌપ્રથમ સ્પિનર બની ગયો છે. ટીમ ઈન્ડિયા તરફથી અત્યાર સુધી અનેક દિગ્ગજ અને અગ્રણી સ્પિનરો ટી20 ક્રિકેટ રમી ચૂક્યા છે, પરંતુ કોઈ પણ બોલર 100 વિકેટ સુધી પહોંચી શક્યો નહોતો. અક્ષર પટેલે પોતાની 98મી ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં આ પ્રશંસનીય સિદ્ધિ મેળવીને ઈતિહાસ રચી દીધો છે. ભારતીય સ્પિનરોમાં અત્યાર સુધી યુઝવેન્દ્ર ચહલ 100 વિકેટની સૌથી નજીક હતો, જેના નામે 80 મેચમાં 96 વિકેટ નોંધાયેલી છે. મેચની પાંચમી ઓવરમાં અક્ષરે હેરી બ્રૂકને આઉટ કરીને આ ખાસ મુકામ મેળવ્યો હતો. છેલ્લા કેટલાક વર્ષોમાં અક્ષર પટેલે પોતાની ચોક્કસ લાઇન-લેન્થ, કરકસરભરી બોલિંગ અને દબાણની સ્થિતિમાં વિકેટ ઝડપવાની અદભુત ક્ષમતાના કારણે પોતાને ટીમ ઈન્ડિયાનો સૌથી ઉપયોગી ઓલરાઉન્ડર સાબિત કર્યો છે. નવી ગેંગ હોય કે મિડલ ઓવર્સ, કેપ્ટન મુશ્કેલ સમયમાં હંમેશા અક્ષર પટેલ પર જ ભરોસો મૂકે છે. બોલિંગ ઉપરાંત તે અનેક મહત્વના પ્રસંગોએ બેટ વડે પણ ટીમ માટે મેચ વિનિંગ ઈનિંગ્સ રમી ચૂક્યો છે. હાલમાં તે પોતાના કરિયરના સર્વશ્રેષ્ઠ ફોર્મમાંથી પસાર થઈ રહ્યો છે અને ત્રણેય ફોર્મેટમાં ભારતીય ટીમનો અનિવાર્ય હિસ્સો બની ગયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અક્ષર પટેલે પોતાની ચોક્કસ લાઇન-લેન્થ, કરકસરભરી બોલિંગ અને દબાણની સ્થિતિમાં વિકેટ ઝડપવાની અદભુત ક્ષમતાના કારણે પોતાને ટીમ ઈન્ડિયાનો સૌથી ઉપયોગી ઓલરાઉન્ડર સાબિત કર્યો છે. નવી ગેંગ હોય કે મિડલ ઓવર્સ, કેપ્ટન મુશ્કેલ સમયમાં હંમેશા અક્ષર પટેલ પર જ ભરોસો મૂકે છે. બોલિંગ ઉપરાંત તે અનેક મહત્વના પ્રસંગોએ બેટ વડે પણ ટીમ માટે મેચ વિનિંગ ઈનિંગ્સ રમી ચૂક્યો છે. હાલમાં તે પોતાના કરિયરના સર્વશ્રેષ્ઠ ફોર્મમાંથી પસાર થઈ રહ્યો છે અને ત્રણેય ફોર્મેટમાં ભારતીય ટીમનો અનિવાર્ય હિસ્સો બની ગયો છે. ભારતીય ઓલરાઉન્ડર અક્ષર પટેલે ઇંગ્લેન્ડ સામેની ટી20 મેચમાં ૧૦૦ વિકેટ પૂરી કરીને ઈતિહાસ રચ્યો છે. મેન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફર્ડ મેદાન પર હેરી બ્રૂકને આઉટ કરીને અક્ષર આ સિદ્ધિ મેળવનાર ભારતનો ચોથો બોલર અને સૌપ્રથમ સ્પિનર બન્યો.



## બિઝનેસ

### અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ થવાથી સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી શિપમેન્ટ શરૂ

# સરકારે LNG સપ્લાય પરનો પ્રતિબંધ હટાવ્યો

મુંબઇ

દેશમાં લિક્વિફાઇડ નેચરલ ગેસ એટલે કે LNG નો પુરવઠો હવે સામાન્ય થઈ ગયો છે. કેન્દ્ર સરકારે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ દરમિયાન દેશમાં લાગુ કરાયેલા 'ઈમરજન્સી નેચરલ ગેસ સપ્લાય રેગ્યુલેશન ઓર્ડર' ના આદેશો પાછા ખેંચી લીધા છે. LNGનો ઉપયોગ ઉદ્યોગોમાં વધુ થાય છે, તેથી આ નિર્ણયથી ઉદ્યોગોને રાહત મળશે. આ નિર્ણય પશ્ચિમ એશિયામાં યુદ્ધવિરામ (સીઝફાયર) થવા અને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' માંથી લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG) ના જહાજોની અવરજવર ફરીથી સામાન્ય થયા પછી લેવામાં આવ્યો છે. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયે આ સંબંધમાં શનિવારે નવું નોટિફિકેશન બહાર પાડ્યું છે. હોર્મુઝ રૂટ બંધ થવાથી સપ્લાય સંકટ




આવ્યું, 9 માર્ચે ઈમરજન્સી ઓર્ડર લાગુ થયો હતો પેટ્રોલિયમ મંત્રાલયે જણાવ્યું કે 28 ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓ અને ત્યારબાદ ઈરાનની જવાબી કાર્યવાહીને કારણે સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી ગેસ અને તેલનો સપ્લાય સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો. ત્યારબાદ ઘણા વિદેશી સપ્લાયર્સે ભારત આવતા ગેસ કાર્ગોને રોકી દીધા હતા અથવા અન્ય દેશો તરફ ડાયવર્ટ કરી દીધા હતા. આ સંકટનો સામનો કરવા માટે સરકારે ૯ માર્ચ 2026ના રોજ એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ એટલે કે આવશ્યક વસ્તુ અધિનિયમ હેઠળ દેશમાં ગેસ સપ્લાયને નિયંત્રિત કરવા માટે કટોકટીનો આદેશ જારી કર્યો હતો. સંકટ ટળ્યા પછી સરકારે તમામ 3 ઈમરજન્સી નિર્ણયો પાછા ખેંચ્યા LNG સપ્લાય પરનો પ્રતિબંધ હટાવવો એ સરકારનું ત્રીજું મોટું પગલું છે. આ પહેલાં સરકાર બે અન્ય કટોકટીના નિર્ણયો પાછા ખેંચી ચૂકી છે. તેલ રિફાઈનરીઓને પેટ્રોકેમિકલ ઈનપુટ રોકીને LPGનું ઉત્પાદન વધુમાં વધુ વધારવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેને હટાવી લેવામાં આવ્યો છે. જથ્થાબંધ (બલ્ક) ગ્રાહકોને ડીઝલના વેચાણ પર લાદવામાં આવેલી લિમિટ પણ હવે હટાવી દેવામાં આવી છે.

### ક્રૂડ ફરી ઉંચકાયું : સોનામાં વિશ્વબજાર પાછળ ઘટાડો

# સોના તેમજ ચાંદીની ટેરીફ વેલ્યુ ઘટતાં ઈફેક્ટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં થયેલો ઘટાડો

**બંધ બજારે સોનાના ભાવ વધ્યા મથાળેથી ઘટાડા પર રહ્યા હતા જ્યારે ચાંદીના ભાવમાં આગેકૂચ ચાલુ રહી હતી. વિશ્વબજારમાં હવામાન મિશ્ર હતું. દરમિયાન, ક્રૂડતેલના ભાવ ફરી ઉંચકાયા હતા.**

નવી દિલ્હી

મુંબઈ ઝવેરીબજારમાં આજે કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોનાના ભાવ વધ્યા મથાળેથી ઘટાડા પર રહ્યા હતા જ્યારે ચાંદીના ભાવમાં આગેકૂચ ચાલુ રહી હતી. વિશ્વબજારમાં હવામાન મિશ્ર હતું. દરમિયાન, ક્રૂડતેલના ભાવ ફરી ઉંચકાયા હતા. દેશમાં આયાત થતા સોના- ચાંદીની ઈમ્પોર્ટ ડયુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે જુલાઈ માટે નોંધપાત્ર ઘટાડો કરતાં કિંમતી ધાતુઓની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. આવી ટેરીફ વેલ્યુ સોનામાં ૧૦ ગ્રામના ડોલરના સંદર્ભમાં ૧૩૪૮થી ઘટી ૧૨૯૭ ડોલર કરાઈ છે જ્યારે ચાંદીમાં કિલોના ૨૧૭૫થી ઘટી ૧૮૭૫ ડોલર કરાઈ હોવાના સમાચાર મળ્યા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૪૧૭૯થી ૪૧૮૦ વાળા



નીચામાં ભાવ ૪૧૬૬થી ૪૧૬૭ ડોલર થઈ ૪૧૭૬થી ૪૧૭૭ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૬૨.૩૫થી ૬૨.૩૬ વાળા નીચામાં ભાવ ૬૨.૧૬થી ૬૨.૧૭ થઈ ૬૨.૪૧થી ૬૨.૪૨ ડોલર છેલ્લે સપ્તાહના અંતે રહ્યા હતા. દરમિયાન, ઘરઆંગણે અમદાવાદ બજારમાં સોનાના ભાવ આજે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૪૯૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૫૦૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૨૩૫૦૦૦ રહ્યા હતા. વિશ્વબજારમાં ક્રૂડતેલ બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૧.૬૭ વાલા ૭૨.૪૯ થઈ ૭૨.૧૨ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રુડના ભાવ ૬૮.૪૧ વાળા વધી ૬૯.૨૬ થઈ ૬૮.૭૮ ડોલર રહ્યા હતા. ભારતમાં ક્રૂડની આયાત વધતાં ક્રૂડનો સ્ટોક વધી ૧૨ મહિનાની ટોચે પહોંચ્યાના વાવડ હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૩૫૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૪૫૪૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૬૦૦૦ બોલાઈ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧૫૦ વધી રૂ.૨૩૪૦૦૦ રહ્યા હતા. વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ ૧૬૪૪ ડોલર રહ્યા હતા જ્યારે પેલેડીયમના ભાવ છ ડોલર ઘટી ૧૨૭૪ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે ૦.૮૯ ટકા પ્લસમાં રહ્યા હતા. આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૫.૨૨ વાળા રૂ.૯૫.૨૭થી ૯૫.૨૮ બોલાઈ રહ્યા હતા. વિશ્વબજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ નીચામાં ૧૦૦.૬૦ તથા ઉંચામાં ૧૦૦.૯૯ થઈ ૧૦૦.૮૮ છેલ્લે બોલાઈ રહ્યો હતો.

### થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનો તફાવત ઊંચો રહેતા બેન્કો પર

# પશ્ચિમ એશિયા યુદ્ધ વચ્ચે પણ દેશના વેપારગૃહો દ્વારા ધિરાણ માંગ ઊંચી

મુંબઇ

જૂન ત્રિમાસિકમાં દેશની બેન્કિંગ વ્યવસ્થામાં થાપણ વૃદ્ધિની સરખામણીએ ધિરાણ વૃદ્ધિ ઊંચી જોવા મળી છે. થાપણ વૃદ્ધિ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચે વધી રહેલા અંતરને ધ્યાનમાં રાખી બેન્કો પર થાપણ વૃદ્ધિમાં વધારો કરવાનું દબાણ આવી ગયું છે. પશ્ચિમ એશિયા યુદ્ધ વચ્ચે પણ વેપારગૃહો દ્વારા ધિરાણ માગ સ્થિતિસ્થાપક રહી છે. આમ ધિરાણ વૃદ્ધિ સામે ટકી રહેવા બેન્કો પર થાપણ વૃદ્ધિને ઝડપી બનાવવાનું દબાણ વધ્યું છે.

જૂન ત્રિમાસિકમાં નાની-મોટી સહિત મોટાભાગની બેન્કોમાં ધિરાણ વૃદ્ધિનો આંક વાર્ષિક ધોરણે ૧૨.૯૦ ટકાથી ૨૬.૫૦ ટકાની વચ્ચે રહ્યો છે જ્યારે થાપણ વૃદ્ધિ ૮.૫૦ ટકાથી ૧૭.૧૦ ટકાની વચ્ચે જોવા મળી હોવાનું વિવિધ બેન્કોના તાજેતરના ત્રિમાસિક રિપોર્ટ પરથી જણાયું હતું.



પશ્ચિમ એશિયાના યુદ્ધ વચ્ચે પણ ભારતના અર્થતંત્રમાં મજબૂતાઈને પગલે ઉદ્યોગો તરફથી ધિરાણ માગ જળવાઈ રહી છે. બેન્ક ધિરાણ ઉપરાંત ઉદ્યોગો બોન્ડસ મારફત પણ નાણાં ઊભા કરી રહ્યા છે.

વર્કિંગ કેપિટલની આવશ્યકતા પૂરી કરવા ઉદ્યોગો દ્વારા ધિરાણ ઉપાડ વધુ જોવા મળી રહ્યો છે.

૧૫ જૂનના અંતે બેન્કોનો કુલ ધિરાણ આંક રૂપિયા ૨૧૫.૫૦ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે થાપણ આંક રૂપિયા ૨૫૮.૪૦ ટ્રિલિયન રહ્યો હતો. ધિરાણમાં વાર્ષિક ધોરણે ૧૭.૭૦ ટકા જ્યારે થાપણમાં ૧૨ ટકા વધારો થયો છે. આમ થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચે ૫.૭૦ ટકા જેટલો મોટો તફાવત જોવા મળી રહ્યો છે.

થાપણો ઊભી કરવા સંઘર્ષ કરી રહેલી બેન્કો માટે રિઝર્વ બેન્કના તાજેતરના નિર્ણય ટેકારૂપ બની રહેવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) અથવા એફસીએનઆર (બી) થાપણોને પ્રોત્સાહિત કરતી રિઝર્વ બેન્કની તાજેતરની વિન્ડોથી બેન્કોને થાપણ મેળવવામાં મદદરૂપ બની રહેશે તેવી બેન્કિંગ ક્ષેત્રના વર્તુળો અપેક્ષા રાખી રહ્યા છે.


# યુદ્ધના સમય દરમિયાન IPOમાં મ્યુ. ફંડોના હિસ્સામાં સતત વધારો

- **ફેબ્રુઆરી અંતે યુદ્ધ શરૂ થયું ત્યારથી 13 IPO દ્વારા એકત્ર કરાયેલા ભંડોળમાં ફંડોનો હિસ્સો વધીને 32%**

મુંબઇ

ઈરાન યુદ્ધ પછી, કંપનીઓ દ્વારા પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ)માં મ્યુચ્યુઅલ ફંડોનો હિસ્સો સતત વધ્યો છે. હકીકતમાં, જૂનમાં આ હિસ્સો બહુ-વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચ્યો છે. ડેટા અનુસાર, ફેબ્રુઆરીના અંતમાં ઈરાન યુદ્ધ શરૂ થયા પછી આવા ૧૩ આઈપીઓ લોન્ચ કરવામાં આવ્યા છે. આ આઈપીઓ દ્વારા એકત્ર કરાયેલા કુલ ભંડોળમાં મ્યુચ્યુઅલ ફંડ્સનો હિસ્સો ૩૨.૩% હતો. ઈરાન યુદ્ધ પહેલાં, આ આંકડો ૨૦% હતો.

વાર્ષિક ડેટા પણ સમાન વલણને




પ્રતિબિંબિત કરે છે. ૨૦૨૩માં કુલ આઈપીઓ આવકમાં મ્યુચ્યુઅલ ફંડનો હિસ્સો ૧૭% હતો. ૨૦૨૪માં આ આંકડો ૨૦%, ૨૦૨૫માં ૨૨% અને જૂન ૨૦૨૬ સુધીમાં ૨૯% થયો હતો. ઈરાન યુદ્ધ પછી ૧૩ આઈપીઓમાં આ વલણ વધુ વધીને ૩૨.૩% થયું હતું.

તાજેતરમાં, નાની કંપનીઓના શેરોએ મોટી કંપનીઓ કરતા વધુ સારો દેખાવ કર્યો છે. તેથી, એસેટ મેનેજરો હવે રૂ. ૪,૦૦૦ કરોડથી ઓછી માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતી કંપનીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે વધુ વલણ ધરાવે છે. ઈરાન યુદ્ધ પછી શરૂ થયેલા આઈપીઓમાં સરેરાશ એક-અંકનો લાભ જોવા મળ્યો છે. ૨૦૨૩ માં અરજીઓ માટે ખુલ્લા આઈપીઓ માટે, આ લાભ સમાન રોલિંગ ધોરણે ૧૨% થી વધુ હતો અને તે વર્ષના સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૪૯.૨% પર પહોંચ્યો હતો.

### બે કલાકમાં પડેલા ધોધમાર વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર થયા

# વરસાદે મનપાની પોલ ખોલી: હેલમેટ સર્કલ નજીક રોડ બેસી ગયો, અનેક વિસ્તારોમાં ખાડાઓનું સામ્રાજ્ય



**વરસાદી પાણી ઓસરતાં જ રસ્તાઓની બિસ્માર હાલત સામે આવી, વિજય ચાર રસ્તાથી હેલમેટ સર્કલ તરફ જતા મુખ્ય માર્ગ પર ડ્રેનેજ લાઈનના મેનહોલ પાસે રસ્તો બેસી ગયો છે**

અમદાવાદ

અમદાવાદમાં મધ્યરાત્રિએ 2 કલાકમાં 4 ઈંચ સુધીના વરસાદે AMCના પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી. ઓગણજમાં સૌથી વધુ 4 ઈંચ વરસાદ નોંધાયો. ભારે વરસાદને કારણે હેલમેટ સર્કલ પાસે રસ્તો બેસી ગયો, જ્યારે અખબારનગર, મકરબા, મીઠાખળી અંડરપાસ બંધ કરાયા. ચાંદખેડામાં શોર્ટ સર્કિટથી એક વ્યક્તિને કરંટ લાગ્યો, અને દૂધેશ્વર સહિતના વિસ્તારોમાં દિવાલો ધરાશાયી થઈ. પહેલા જ વરસાદે શહેરની હાલત કફોડી બનાવી.

અમદાવાદમાં મધ્યરાત્રિએ ખાબકેલા ભારે વરસાદે મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી નાખી છે. માત્ર બે કલાકમાં પડેલા ધોધમાર વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર થયા હતા. રસ્તાઓ ધોવાઈ જવાની સાથે હેલમેટ સર્કલ જેવા વ્યસ્ત માર્ગો બેસી જતાં અને અનેક જગ્યાએ ખાડાઓનું સામ્રાજ્યથી વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર, અમદાવાદમાં રાત્રિના 12થી 2 વાગ્યા દરમિયાન સરેરાશ એક ઈંચ જેટલો વરસાદ તૂટી પડ્યો હતો. પશ્ચિમ વિસ્તારના ઓગણજમાં સૌથી વધુ 4 ઈંચ વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદના કારણે અખબારનગર, મકરબા અને મીઠાખળી અંડરપાસમાં પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર માટે તાત્કાલિક બંધ કરવા પડ્યા હતા. જોકે, મ્યુનિસિપલ તંત્ર દ્વારા પમ્પિંગ શરૂ કરાતાં 4 કલાકની જહેમત બાદ સવારે 7 વાગ્યે અંડરપાસ ફરી ચાલુ કરાયા હતા.

વરસાદી પાણી ઓસરતાં જ રસ્તાઓની બિસ્માર હાલત સામે આવી છે. વિજય ચાર રસ્તાથી હેલમેટ સર્કલ તરફ જતા મુખ્ય માર્ગ પર ડ્રેનેજ લાઈનના મેનહોલ પાસે રસ્તો બેસી ગયો છે. અહીં ગમે ત્યારે મોટો ભુવો પડી શકે તેમ હોવા છતાં તંત્ર દ્વારા યોગ્ય બેરિકેડિંગ ન કરાતા અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. ચાંદલોડિયાના વંદેમાતરમ વિસ્તારમાં વૃંદાવન હાઈટ્સથી સેવી સ્વરાજ તરફ જતો માર્ગ સંપૂર્ણપણે ખખડધજ થઈ ગયો છે.

ચંદ્રભાગા નાળાની ચાલી રહેલી કામગીરીની આસપાસ રોડ સાઈડના ખાડાઓ જોખમી બન્યા છે. સૈજપુરના બંગલા એરિયાના મુખ્ય માર્ગ પર પડેલા એક મોટા ગાબડામાં એક મહિલા ફસાઈ ગઈ હતી, જેને ફાયર બ્રિગેડે સમયસર રેસ્ક્યુ કરી સારવાર માટે હોસ્પિટલ ખસેડી હતી.

### ભાજપના કોર્પોરેટરના નામે દારૂની મહેફીલનો વીડિયો વાઇરલ

# 'મેં કોઈ પાર્ટી કરી નથી, વીડિયોમાં હું ક્યાંય દેખાતો નથી' : સની ખાનચંદાણી

અમદાવાદ

અમદાવાદના સરદારનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર દારૂની કથિત મહેફીલમાં હાજર હોવાના આક્ષેપ સાથેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ તયો છે. આ મામલે સરદારનગર પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. તો બીજી તરફ કોર્પોરેટર દ્વારા પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, તેના દ્વારા કોઈ પાર્ટીનું આયોજન કરાયું નહોતું અને તે વીડિયોમાં ક્યાંય દેખાતા નથી. કોર્પોરેટરે આ મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે. સરદારનગર પોલીસ સ્ટેશનના PI એસ.એ. ગોહિલે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સરદારનગર વોર્ડના ભાજપના કોર્પોરેટરની દારૂની મહેફિલના નામથી એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલો જોવા મળ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં વીડિયોમાં દારૂની મેફીલ હતી કે નહીં અને કોર્પોરેટર હાજર છે કે નહીં તેની કોઈ સ્પષ્ટતા થતી નથી. કોર્પોરેટરના નામથી વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે ત્યારે દારૂની કોઈ મહેફીલ હતી કે નહીં અને કોર્પોરેટર હાજર હતા કે નહીં તેને લઈને તપાસ કરવામાં આવશે. શહેરના સરદારનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર સન્ની ખાનચંદાણીએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મારા નામથી દારૂની મહેફિલ હોવા અંગેનો એક વીડિયો



જે વાઈરલ કરવામાં આવ્યો છે તેમાં હું ક્યાંય દેખાતો નથી અને આવી કોઈ મેં પાર્ટી કરી નથી. મારા નામથી દારૂની પાર્ટીનો જે વીડિયો વાઈરલ કરવામાં આવ્યો છે તે બાબતે સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં પણ ફરિયાદ આપવાની તૈયારી કરી છે. ખાનચંદાણીનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે જેમાં વીડિયોમાં એક વ્યક્તિનો વીડિયો ઉતારવામાં આવ્યો છે અને તેના હાથમાં કોઈ બોટલ જેવી વસ્તુ દેખાય છે. પરંતુ વીડિયોમાં કોઈ સ્પષ્ટ મોઢું કે શેની બોટલ હતી તે દેખાતું નથી અને સિંધી ભાષામાં કંઈ બોલી રહ્યા હોય તેવું જોવા મળ્યું છે.

### સર્કિટ હાઉસ ખાતે મંત્રીઓ અને પદાધિકારીઓની મહત્વની બેઠક

# સારંગપુર સ્થિત બાબાસાહેબ આંબેડકર પ્રતિમા પરિસરનું થશે આધુનિકરણ

અમદાવાદ

ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારોને અનુરૂપ, સામાજિક સમરસતા અને ગૌરવના પ્રતિક સમાન સારંગપુર સર્કલ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રતિમા પરિસરના આધુનિકરણ અને નવીનીકરણને લઈને આજે એક મહત્વની બેઠક યોજાઈ હતી. અમદાવાદ એનેક્સી સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં રાજ્ય સરકારના મંત્રીઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહીને પરિસરના વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી.

આ બેઠકમાં રાજ્ય સરકારના મંત્રી પ્રદ્યુમન વાજા, મંત્રી શ્રીમતી



દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સાંસદ દિનેશભાઈ મકવાણા, ધારાસભ્ય કૌશિકભાઈ જૈન, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ તેમજ સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓએ હાજર રહીને આધુનિકરણના આ પ્રોજેક્ટને આયોજનબદ્ધ રીતે આગળ ધપાવવા માટે પોતાના સૂચનો રજૂ કર્યા હતા.

બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, બંધારણના ઘડવૈયા પૂજ્ય બાબાસાહેબના મહાન આદર્શો અને જીવન મૂલ્યોને અનુરૂપ આ આખા પ્રતિમા પરિસરને વધુ ભવ્ય અને આકર્ષક બનાવવામાં આવશે. અહીં આવતા નાગરિકો અને મુલાકાતીઓ માટે તમામ જરૂરી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે, જેથી આ સ્થળ આવનારી પેઢીઓ માટે એક શ્રેષ્ઠ પ્રેરણાદાયી કેન્દ્ર બની રહે. વહીવટી તંત્ર દ્વારા આ દિશામાં ખૂબ જ ટૂંક સમયમાં નકશા અને આયોજનબદ્ધ પ્રયાસો હાથ ધરીને કામગીરી શરૂ કરવામાં આવશે.

## ધંધુકાના ઝાંઝરકા ખેતરોમાં પાણી ભરાયા, કપાસનો ઊભો પાક ડૂબ્યો

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ઝાંઝરકા ગામની સીમમાં નર્મદાની અડવાળ માયનોર કેનાલને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. તાજેતરના વરસાદ બાદ વરસાદી પાણીનો નિકાલ ન થતાં અનેક ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે. આને કારણે કપાસ સહિતનો ઊભો પાક પાણીમાં ગરકાવ થઈ ગયો છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર, અડવાળ માયનોર કેનાલના નિર્માણને કારણે વરસાદી પાણીના કુદરતી નિકાલમાં અવરોધ ઊભો થયો છે. પરિણામે, ખેતરોમાં પાણી લાંબા સમય સુધી ભરાઈ રહે છે, જેનાથી પાકને મોટા પાયે નુકસાન થવાની આશંકા છે.

હાલમાં, ખેતરોમાં કપાસના છોડ પાણીમાં ડૂબેલા જોવા મળી રહ્યા છે. ખેડૂતો ચિંતિત છે કે જો આગામી દિવસોમાં પાણીનો યોગ્ય નિકાલ નહીં થાય, તો પાક સંપૂર્ણપણે બગડી શકે છે.

આ પરિસ્થિતિને પગલે ખેડૂતોએ તાત્કાલિક ધોરણે સ્થળ પર સર્વે કરીને વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ કરી છે. તેમણે પાકના નુકસાનનું મૂલ્યાંકન કરી જરૂરી સહાય જાહેર કરવાની પણ અપીલ કરી છે.

### નરોડા પાટિયામાં કાયદાના લીરેલીરા

# પોલીસના નાક નીચે ખુલ્લેઆમ ધમધમે છે દેશી દારૂનું સ્ટેન્ડ, વીડિયો વાયરલ થતાં તંત્રની આબરૂના ધજાગરા!

અમદાવાદ

ગાંધીના ગુજરાતમાં કહેવાતી દારૂબંધીના નામે કાયદાની કેવી ઐસીતૈસી થઈ રહી છે, તેનો વધુ એક જીવતો-જાગતો પુરાવો અમદાવાદના નરોડા વિસ્તારમાંથી સામે આવ્યો છે. નરોડા પાટિયાથી સૈજપુર જવાના મુખ્ય રસ્તા પર કોઈ પણ જાતના ડર વગર, ખુલ્લેઆમ દેશી દારૂનું વેચાણ થઈ રહ્યું હોવાનો એક સનસનાટીભર્યો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વીડિયો સામે આવ્યા બાદ અમદાવાદ પોલીસની કામગીરી અને કથિત પેટ્રોલીંગ પર ગંભીર સવાલો ઉભા થયા છે.

વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, નરોડા પાટિયા જેવા ધમધમતા વિસ્તારમાં બુટલેગરોને ખાખી વરદીનો સહેજ પણ ડર રહ્યો નથી. વચલા દહાડે, ધોળા દિવસે વચલા રસ્તા પર દેશી દારૂનું આખું સ્ટેન્ડ ખોલીને વેપલો ચલાવવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં, મોટી સંખ્યામાં દારૂડિયાઓ અને ગ્રાહકો કોઈ પણ જાતના સંકોચ વગર ત્યાં આવીને દેશી દારૂનું સેવન કરતા અને ખરીદી કરતા નજરે પડી રહ્યા છે. જાણે આ વિસ્તારમાં પોલીસનું નહીં પણ



બુટલેગરોનું રાજ ચાલતું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. મુખ્ય માર્ગ પર આ પ્રકારે ખુલ્લેઆમ દેશી દારૂનું હાટડું ચાલતું હોય અને સ્થાનિક પોલીસને તેની ભણક પણ ન હોય, તે વાત ગળે ઉતરે તેવી નથી. જાગૃત નાગરિકો આક્ષેપ કરી રહ્યા છે કે, સ્થાનિક પોલીસની રહેમનજર અને કથિત હપ્તાખોરી વગર આટલો મોટો કાળો કારોબાર જાહેર રસ્તા પર ચાલવો અશક્ય છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિના કારણે વિસ્તારની બહેન-દીકરીઓની સુરક્ષા સામે પણ મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થયા છે અને સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

હવે જ્યારે આ શરમજનક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સુધી પહોંચી ચૂક્યો છે, ત્યારે જોવાનું એ રહેશે કે નરોડા પોલીસ ઊંઘમાંથી જાગીને આ બુટલેગર પર ક્યારે કાયદાનો કોરડો વીંઝે છે? શું આ દારૂનું સ્ટેન્ડ ચલાવનારા અસામાજિક તત્વોને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવશે, કે પછી દર વખતની જેમ 'કાગળ પરની કાર્યવાહી' કરીને મામલો થાળે પાડી દેવાશે?

# ભગવાન જગન્નાથજીના ગુલાબી વાઘા તૈયાર, સાત ચોગાવાળી પાઘડી બનશે આકર્ષણનું કેન્દ્ર

અમદાવાદ

અમદાવાદમાં આગામી 16 જુલાઈએ નીકળનારી 149મી જગન્નાથજીની રથયાત્રા માટે તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખી ભગવાન માટે વિશેષ લાઈટ બેબી પિંક વાઘા બનાવાયા છે. કોલકાતા અને બનારસથી આવેલા કાપડમાંથી અખાત્રીજથી જ વસ્ત્રો બનાવવાનું કાર્ય શરૂ થયું હતું. રત્નો અને ડાયમંડથી જડિત સાત ચોગાવાળી વાંકી પાઘડી આકર્ષણનું કેન્દ્ર બનશે.

આગામી અષાઢી બીજે (16 જુલાઈ) અમદાવાદમાં નીકળનારી ભગવાન જગન્નાથજીની 149મી ઐતિહાસિક રથયાત્રા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ વર્ષે નગરજનોને દર્શન આપવા જગતના નાથના શણગાર અને વાઘા સંપૂર્ણ તૈયાર કરી દેવાયા છે. કાળઝાળ ગરમીની ઋતુને ધ્યાનમાં રાખીને ભગવાન માટે વિશેષ લાઈટ બેબી પિંક કલરના વાઘા બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત રત્નો અને ડાયમંડથી જડિત સાત ચોગાવાળી વાંકી પાઘડી આ વખતની રથયાત્રામાં મુખ્ય આકર્ષણ જમાવશે.



ભગવાન જગન્નાથજી, મોટાભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાજીના આ નયનરમ્ય વસ્ત્રોની બનાવટ પાછળ અખાત્રીજથી જ કામગીરી કરવામાં આવી રહી હતી.

મહંત દિલીપદાસજી મહારાજના હસ્તે પૂજન કર્યા બાદ વાઘા બનાવવાની શરૂઆત થઈ હતી. આ દિવ્ય શણગાર તૈયાર કરવા માટે કોલકાતા અને બનારસથી ખાસ પ્રકારના સિલ્ક તેમજ મખમલના કાપડના સેમ્પલ મંગાવવામાં આવ્યા હતા. વાઘા તૈયાર કરનાર કલાકાર સુનિલે જણાવ્યા મુજબ, આ વખતે વસ્ત્રોમાં આભલા વર્કની સાથે એટ્રેક્ટિવ રંગબેરંગી બોર્ડરનો ઉપયોગ કરાયો છે.

### પોલિટેકનિક અધ્યાપક મંડળની ટેકનિકલ શિક્ષણ કમિશનરને રજૂઆત

# DRDO-ISRO માટે વિદ્યાર્થીઓ તૈયાર કરતી પોલિટેકનિકમાં સ્ટાફની અછત

અમદાવાદ

રાજ્યની સરકારી પોલિટેકનિક સંસ્થાઓમાં વર્ષોથી પડતર રહેલા પ્રશ્નોનો અંત લાવવા માટેની માંગ ઉઠી છે. પોલિટેકનિક અધ્યાપક મંડળ દ્વારા ટેકનિકલ શિક્ષણ કચેરીને પત્ર લખી ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી કરવા માટે રજૂઆત કરી છે. તેમજ અટવાયેલી બઢતી પ્રક્રિયા પૂર્ણ કરવા અને તમામ સરકારી પોલિટેકનિકમાં નિયમિત આચાર્યની નિમણૂક કરવા પણ માંગ કરવામાં આવી છે. અનેક વખત રજૂઆત કરવા છતાં સરકાર દ્વારા હજુ સુધી અમુક પ્રશ્નોનોનું નિરાકરણ લાવવામાં આવ્યું નથી. જેથી વહેલી તકે માંગણીઓ નહીં સ્વીકારવામાં આવે તો આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

રાજ્યની સરકારી પોલિટેકનિક સંસ્થાઓમાં વર્ષોથી પડતર રહેલા પ્રશ્નોના ઉકેલ લાવવા માટે પોલિટેકનિક અધ્યાપક મંડળ દ્વારા ફરી એક વખત રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. પોલિટેકનિક અધ્યાપક મંડળ દ્વારા શિક્ષણ મંત્રીને પત્ર લખવામાં આવ્યો છે. રાજ્યની સરકારી પોલિટેકનિક સંસ્થાઓમાંથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ ડિપ્લોમા પૂર્ણ કરીને ઉચ્ચ




**32માંથી માત્ર એક જ પોલિટેકનિકમાં નિયમિત આચાર્ય**

અભ્યાસ અને રોજગાર ક્ષેત્રે આગળ વધી રહ્યા છે. અનેક વિદ્યાર્થીઓ દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓ તેમજ DRDO, ISRO સહિતની વિવિધ સંસ્થાઓમાં મહત્વની સેવાઓ આપી રહ્યા છે.

છતાં ટેકનિકલ શિક્ષણનો પાયો મજબૂત બનાવતા અધ્યાપકોના અનેક પ્રશ્નો વર્ષોથી ઉકેલાયા નથી. જેથી ગુણવત્તાયુક્ત ટેકનિકલ શિક્ષણ માટે જરૂરી માનવબળ, બઢતી અને ભરતી જેવી બાબતોમાં વિલંબ થવાને કારણે શિક્ષણ વ્યવસ્થા પર સીધી અસર થતી હોવાની પોલિટેકનિક અધ્યાપક મંડળ દ્વારા શિક્ષણ મંત્રીને રજૂઆત કરવામાં આવી છે. અમદાવાદ સહિત રાજ્યની 32 સરકારી પોલિટેકનિક સંસ્થાઓમાંથી માત્ર એક જ સંસ્થામાં નિયમિત આચાર્ય કાર્યરત છે, જ્યારે બાકીની સંસ્થાઓમાં ઈન્ચાર્જ વ્યવસ્થા હેઠળ જ કામગીરી ચાલી રહી છે.

આચાર્ય, વિભાગ વડા તથા વ્યાખ્યાતાની ખાલી જગ્યાઓના કારણે શૈક્ષણિક અને વહીવટી કામગીરી પર ભાર વધી રહ્યો છે. વર્ગ 1 અને વર્ગ 2ની તમામ ખાલી જગ્યાઓ નિયમિત ભરતી દ્વારા ભરવા અને વર્ગ 2ની લાંબા સમયથી ખાલી રહેલી જગ્યાઓ પર તાત્કાલિક નિમણૂક કરવાની તેમજ GPSC દ્વારા ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની માંગ કરવામાં આવી છે.

### ખાખી પર ભાજપના નેતાઓનો હાથ!

# DYSP નીલમ ગોસ્વામી સામે એડવોકેટ આનંદ યાજ્ઞિકનું હાઇકોર્ટમાં સનસનાટીભર્યું એફિડેવિટ

અમદાવાદ

ગુજરાત પોલીસ અને સત્તાધારી પક્ષના નેતાઓ વચ્ચેની કથિત મિલિભગતનો વધુ એક વિસ્ફોટક કિસ્સો દેશની સર્વોચ્ચ અદાલતો સુધી પહોંચ્યો છે. હાઈકોર્ટના જાણીતા અને સિનિયર એડવોકેટ આનંદ યાજ્ઞિકે હાઈકોર્ટમાં એક સનસનાટીભર્યું એફિડેવિટ (સોગંદનામું) ફાઈલ કરીને ખાખી વરદીના કારનામા પરથી પડદો ઉઠાવ્યો છે. એફિડેવિટમાં સીધો આક્ષેપ કરાયો છે કે, DYSP નીલમ ગોસ્વામી પર ભાજપના મોટા નેતાઓનો હાથ છે અને આ જ સત્તાના જોરે તેમણે એક ચાલુ કેસમાંથી વકીલને હટાવવા માટે ફરિયાદી દેવાયત પાસે જોરદાર પ્રેશર કરાવ્યું હતું! આ ગંભીર આક્ષેપો બાદ ગુજરાત પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. એડવોકેટ આનંદ યાજ્ઞિક દ્વારા કોર્ટ સમક્ષ રજૂ કરાયેલી વિગતો મુજબ, એક ચોક્કસ કેસની તપાસ કરી રહેલા DYSP નીલમ ગોસ્વામી કાયદાની મર્યાદા વટાવીને કામ કરી રહ્યા છે. તેમણે કેસના ફરિયાદી દેવાયત પર એ વાતનું ભારે દબાણ લાવ્યું હતું કે તે પોતાના વકીલને આ કેસમાંથી હટાવી દે. ન્યાય અપાવવાની જેની જવાબદારી છે, તે જ ઉચ્ચ પોલીસ અધિકારી



આનંદ યાજ્ઞિક, વકીલ

જો આ પ્રકારે વકીલોને ટાર્ગેટ કરીને કેસ નબળો પાડવાનો કે બદલવાનો પ્રયાસ કરે, તો સામાન્ય જનતાને ન્યાય ક્યાંથી મળશે? તેવો સણસણતો સવાલ કાયદાકીય આલમમાં પૂછાઈ રહ્યો છે.

આનંદ યાજ્ઞિકે પોતાના સોગંદનામામાં સ્પષ્ટ શબ્દોમાં આક્ષેપ કર્યો છે કે, DYSP નીલમ ગોસ્વામી આટલી હિંમત એટલે કરી રહ્યા છે કારણ કે તેમની પાછળ સત્તાધારી પક્ષ ભાજપના નેતાઓનું મજબૂત પીઠબળ અને આશીર્વાદ છે. રાજકીય ઓથ નીચે કાયદાના રક્ષકો જ ભક્ષક બની રહ્યા હોવાના આ ગંભીર આક્ષેપે ગાંધીનગર સુધીના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. પોલીસ અધિકારીઓની આવી શંકાસ્પદ ભૂમિકા સામે વકીલોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI